Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

આજનો સુવિચાર
ઉત્સાહ વગર મોટા લક્ષ્યો પ્રાપ્ત કરી શકાતા નથી, ઉત્સાહ ન હોય તો નાનું કામ પણ મુશ્કેલ બની જાય છે

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

બુધવાર, તા.૬ નવેમ્બર, ૨૦૨૪
6/11/2024 * VOL : 39 * NO. 53 સંવત- ૨૦૮૧, કારતક સુદ-૫

Owned, Printed & Published by **Nikunj R. Patel** on behalf of Western Times Pub. Pvt. Ltd. **Printed** at & **Published** from **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
**Editor :** Nikunj R. Patel **RNI Regn. No. GUJ/46323/86. Reg. Office :** 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) **Phone :** 079-26402880 **Advt. :** 079-26402881

## ઉત્તર પ્રદેશનો મદરેસા કાયદો કાયદેસર

**(એજન્સી)નવી દિલ્હી,**
સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ મદરેસા શિક્ષણ બોર્ડ અધિનિયમ ૨૦૦૪ની બંધારણીય માન્યતાને જાળવી રાખતાં ૧૭ લાખ વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર આપ્યા છે. સુપ્રીમ કોર્ટે મંગળવારે ઉત્તર પ્રદેશનો મદરેસા કાયદો બંધારણીય ધોરણે કાયદેસર ગણાવતાં અલાહાબાદ હાઈકોર્ટના આદેશને અમાન્ય ઠેરવ્યો છે.

ભારતના ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ, અને જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેન્ચે હાઈકોર્ટના ૨૨ માર્ચના ચુકાદાને અયોગ્ય ઠેરવતાં મદરેસાને કામગીરીને ચાલુ રાખવા નિર્દેશ આપ્યો છે. અલાહાબાદ હાઈકોર્ટે શિક્ષણ બોર્ડ અધિનિયમ ૨૦૦૪ને 'ગેરબંધારણીય' અને બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતનું ઉલ્લંઘન સમાન ગણાવી ઉત્તર પ્રદેશ સરકારને મદરેસાના તમામ વિદ્યાર્થીઓને સામાન્ય શાળામાં પ્રવેશ આપવા આદેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે આદેશ આપતાં કહ્યું કે, આ કાયદાની જોગવાઈઓ મદરેસાઓમાં નિર્ધારિત શિક્ષણના ધોરણને પ્રમાણિત કરવાની છે. મદરેસા અધિનિયમ મદરેસાઓના રોજિંદા કામકાજમાં દખલ કરી શકે નહીં. તેનો ઉદ્દેશ ઉત્તર પ્રદેશ રાજ્યમાં લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરવાનો છે અને તે વિદ્યાર્થીઓ ઉતીર્ણ થઈ યોગ્ય આજીવિકા કમાય તે સુનિશ્ચિત કરવાની રાજ્યની સકારાત્મક જવાબદારીને અનુરૂપ છે. ઉત્તર પ્રદેશમાં મદરેસાઓ રાજ્યના પ્રમાણિત શિક્ષણ માપદંડોની સાથે પોતાની કામગીરી ચાલુ રાખી શકશે.

**સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશનો મદરેસા કાયદો બંધારણીય ધોરણે કાયદેસર ગણાવતાં અલાહાબાદ હાઈકોર્ટના આદેશને અમાન્ય ઠેરવ્યો છે**

અલાહાબાદ હાઈકોર્ટે ૨૨ માર્ચના રોજ મદરેસા કાયદા પર ચુકાદો આપ્યો હતો કે, આ અધિનિયમ બંધારણ અને બિનસાંપ્રદાયિકતાના નિયમોનું ઉલ્લંઘન કરે છે. જેને પડકારતાં અંજુમ કાદરી, મેનેજર્સ એસોસિએશન અરબિયા, ઓલ ઈન્ડિયા ટીચર્સ એસોસિએશન મદારિસ અરબિયા, મેનેજર એસોસિએશન અરબી મદરેસા ન્યૂ માર્કેટ એન્ડ ટીચર્સ એસોસિએશન મદારિસ અરબિયા કાનપુર દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઈ હતી.

સુપ્રીમ કોર્ટે મદરેસા અધિનિયમની જોગવાઈઓની સમીક્ષા કરી જરૂરી સુધારા વધારા કરવા કહ્યું છે. પરંતુ તેને સંપૂર્ણપણે રદ કરવો અયોગ્ય ગણાવ્યો છે.

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડી. વાય. ચંદ્રચૂડે આ મહત્ત્વનો ચુકાદો આપતાં કહ્યું કે, ધર્મનિરપેક્ષતાનો અર્થ જીવો અને જીવવા દો છે. શું આરટીઈ વિશેષ રૂપે મદરેસા પર લાગુ થતો નથી. ભારત એક ધાર્મિક દેશ છે. જેથી શિક્ષણમાં ધાર્મિક શિક્ષણ સામેલ થઈ શકે છે. આ અધિનિયમને રદ કરી તમે ૭૦૦ વર્ષના ઈતિહાસને બરબાદ કરી શકો નહીં.

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉની ઈદગાહના ઈમામ અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના સભ્ય મૌલાના ખાલિદ રશિદ ફિરંગીએ આ ચુકાદા પર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, આ ચુકાદો મદરેસા સાથે સંકળાયેલા લોકો માટે ખુશીની લહેર સમાન છે. યુપી મદરેસા અધિનિયમનો મુસદ્દો ઉત્તર પ્રદેશ સરકારે જ બનાવ્યો હતો. અને સરકાર દ્વારા બનાવવામાં આવેલો અધિનિયમ કેવી રીતે ગેરબંધારણીય હોઈ શકે. અમે પહેલાં જ કહ્યું હતું કે, અમે મદરેસામાં ઈસ્લામી શિક્ષણ ઉપરાંત આધુનિક શિક્ષણનું પણ સિંચન કરીએ છીએ.

## સરકાર દરેક ખાનગી મિલકત પર કબજો કરી શકતી નથી

**(એજન્સી)નવી દિલ્હી,**
પ્રાઈવેટ પ્રોપર્ટી વિવાદમાં સુપ્રીમ કોર્ટે આજે મંગળવારે ઐતિહાસિક નિર્ણય સંભળાવ્યો છે. આ કેસમાં ચુકાદો આપતી વખતે મુખ્ય ન્યાયમુર્તિ ચંદ્રચુડે કહ્યું કે, તમામ ખાનગી સંપત્તિ સમુદાયની ભૌતિક સંપત્તિ નથી. કેટલીક વ્યક્તિગત મિલકત સમુદાયના ભૌતિક સંસાધનો પણ હોઈ શકે છે. આ ૯ ન્યાયાધીશોની બંધારણીય બેંચનો નિર્ણય છે, જેણે ૧૯૭૮થી અત્યાર સુધી સુપ્રીમ કોર્ટના ઘણા નિર્ણયોને પલટી દીધા છે. સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડના નેતૃત્વમાં ૯ જજોની બેંચે દાયકાઓ જૂના આ વિવાદ પર પોતાનો ચુકાદો આપ્યો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડની આગેવાની હેઠળની નવ જજોની આ બંધારણીય બેંચે



આ વર્ષે ૧ મેના રોજ સુનાવણી કર્યા પછી ખાનગી સંપત્તિ કેસમાં પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ કેસમાં ચુકાદો આપતી વખતે CJI ચંદ્રચુડે કહ્યું કે, 'ત્રણ ચુકાદા છે, મારા અને ૬ જજોનાપ જસ્ટિસ નાગરત્ના આંશિક રીતે સહમત અને જસ્ટિસ ધૂલિયાની અસંમતિ. અમારું માનવું છે કે કલમ 31C કેશવાનંદ ભારતી કેસમાં જે હદ સુધી યથાવત છે, તે બરોબર છે.

સુપ્રીમ કોર્ટે પોતાના ઐતિહાસિક નિર્ણયમાં સ્પષ્ટ કર્યું કે, "સરકાર તમામ ખાનગી મિલકતો હસ્તગત કરી શકે નહીં." ચીફ જસ્ટીસ ચંદ્રચુડે ૧૯૭૮ પછીના ચુકાદાઓને ઉથલાવી દીધા છે જેમાં સમાજવાદી થીમ અપનાવવામાં આવી હતી અને કહ્યું હતું કે, સરકાર સામાન્ય ભલા માટે તમામ ખાનગી મિલકતો પર કબજો કરી શકે છે.

CJI, સાત ન્યાયાધીશોની બહુમતીનો ચુકાદો લખતા, જણાવ્યું હતું કે, તમામ ખાનગી મિલકતો ભૌતિક સંસાધનો નથી અને તેથી સરકારો દ્વારા કબજે કરી શકાય નહીં.સુપ્રીમ કોર્ટના ૯ જજોની બંધારણીય બેંચમાં ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ ઋષિકેશ રોય, જસ્ટિસ બી.વી.નાગરત્ના, જસ્ટિસ સુધાંશુ ધુલિયા, જસ્ટિસ જે.બી.પારડીવાલા, જસ્ટિસ મનોજ મિશ્રા, જસ્ટિસ રાજેશ બિંદલ, જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા અને જસ્ટિસ ઑગસ્ટિન જ્યોર્જ મસિહનો સમાવેશ થાય છે. જેમણે આ ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો હતો

**મારા અને ૬ જજોના ત્રણ ચુકાદા છે, જસ્ટિસ નાગરત્ના આંશિક રીતે સહમત થયા અને જસ્ટિસ ધૂલિયાની અસંમતિ રહી: CJI**

## ખાલિસ્તાની હુમલા બાદ કેનેડામાં હિન્દુઓના દેખાવો

**(એજન્સી)નવી દિલ્હી,**
કેનેડાના બ્રેમ્પટનમાં મંદિરમાં ભક્તો પર હુમલા બાદ હિન્દુઓમાં ભારે આક્રોશ ભભૂકી ઉઠ્યો છે. એવામાં મોટી સંખ્યામાં લોકો હાથમાં તિરંગા તથા ભગવા ઝંડા સાથે વિરોધ પ્રદર્શન કરવા માટે ઉતરી આવ્યા હતા. જે મંદિરમાં ખાલિસ્તાનીઓએ હિન્દુઓ પર હુમલો કર્યો ત્યાં જ મોટી સંખ્યામાં હિન્દુઓએ શક્તિ પ્રદર્શન કર્યુ.ભારે ભીડના કારણે તંત્રએ સુરક્ષા માટે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. ખાલિસ્તાની હુમલાના કારણે લોકો લાલચોળ થયા હતા. મંદિરની બહાર એકત્રિત થયેલા લોકોએ જય શ્રી રામના નારા પણ લગાવ્યા. આ પહેલા સોમવારે પણ હજારો હિન્દુઓએ 'બટેંગે તો કટેંગે'ના નારા લગાવ્યા હતા. નોંધનીય છે કે એક દિવસ અગાઉ હિન્દુ સભા મંદિરમાં કટ્ટર ખાલિસ્તાનીઓએ હિંદુ ભક્તો પર હુમલો કર્યો હતો. મારામારીના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ જતાં રોષ વધ્યો હતો. ભારતે પણ આ ઘટનાનો કડક વિરોધ નોંધાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ પ્રકારની હિંસાની નિંદા કરી અને સમગ્ર ઘટનાને 'જાણી જોઈને કરવામાં આવેલો હુમલો' ગણાવ્યો હતો.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ પ્રકારની હિંસાની નિંદા કરી અને સમગ્ર ઘટનાને 'જાણી જોઈને કરવામાં આવેલો હુમલો' ગણાવ્યો હતો**

વડાપ્રધાન મોદીએ એક્સ પર લખ્યું છે કે, 'હું કેનેડામાં હિંદુ મંદિર જાણીજોઈને કરવામાં આવેલા હુમલાની કડક શબ્દોમાં ટીકા કરું છું. અમારા રાજદ્વારીઓને ડરાવવા અને ધમકાવવાનો કાયરતાપૂર્વક પ્રયાસ પણ તેટલો જ ભયાનક છે. હિંસાના આવા કૃત્યો ભારતને ક્યારે નબળો નહી પાડી શકે. અમે કેનેડા સરકાર સમક્ષ ન્યાય સુનિશ્ચિત કરવા તેમજ કાયદો જાળવી રાખવાની આશા રાખીએ છીએ.'કેનેડાના બ્રેમ્પટનમાં હિંદુ મંદિર પર થયેલા હુમલા અંગે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે કહ્યું છે કે, 'ગઈકાલે બ્રેમ્પટનના ઓંટારિયોમાં હિંદુ સભા મંદિર પર ઉગ્રવાદીઓ અને અલગતાવાદીઓએ હુમલો કર્યો હતો, જેની અમે કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ. અમે કેનેડા સરકારને આવા હુમલાઓથી પૂજા સ્થળોને બચાવવા સુનિશ્ચિત કરવાનો આગ્રહ કરીએ છીએ. અમે સરકાર સમક્ષ અપેક્ષા રાખીએ છીએ કે, હિંસામાં સામેલ લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવે. અમે કેનેડામાં રહેતા ભારતીય નાગરિકોની સુરક્ષા અંગે ખૂબ ચિંતિત છીએ.'

કેનેડાનાબ્રેમ્પટનમાં હિન્દુ મંદિરની બહાર ખાલિસ્તાનીઓના વિરોધમાં ભાગ લેનાર કેનેડિયન પોલીસકર્મીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. સીબીસી (કેનેડિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન) એ પીલ પ્રાદેશિક પોલીસ અધિકારીઓને ટાંકીને તેના અહેવાલમાં આ દાવો કર્યો છે. સસ્પેન્ડ કરાયેલા પોલીસકર્મીની ઓળખ હરિન્દર સોહી તરીકે થઈ છે.



કેનેડાના બ્રેમ્પટનમાં મંદિરમાં ભક્તો પર હુમલા બાદ મોટી સંખ્યામાં લોકો હાથમાં તિરંગા તથા ભગવા ઝંડા સાથે વિરોધ પ્રદર્શન કરવા માટે ઉતરી આવ્યા હતા.

## પેરુમાં ફુટબોલ મેચ દરમિયાન વીજળી પડતાં એકનું મોત



**(એજન્સી)પેરુ,**
પેરુમાં ફુટબોલ મેચ દરમિયાન એક ભયાનક દશ્યો સામે આવ્યા છે. જેમાં એક લાઈવ મેચ દરમિયાન વીજળી પડવાથી એક ખેલાડીનું મૃત્યું થયું છે. જ્યારે ૫ અન્ય ખેલાડીઓ ઈજાગ્રસ્ત થયા છે. ૩૯ વર્ષના ફુટબોલર જોસ હ્યુગો ડે લા ક્રૂઝ મેજા પર વીજળી પડતા તેનું મૃત્યું થયું છે. તમને જણાવી દઈએ કે, આ અકસ્માત ચિલકામાં સ્થિત ક્લબ જુવેટડ બેલાવિસ્ટા અને ફેમિલિયા ચોકા દરમિયાન અકસ્માત થયો છે. વીજળી પડતા પહેલા રેફરીએ રમત રોકી હતી કરાણ કે, મેદાનમાં વાદળ છવાયા હતા. આ દરમિયાન માત્ર ૨૨ મિનિટની રમત રમાય હતી અને જુવેંટુડ બેલાવિસ્ટા ૨-૦થી આગળ ચાલી રહી હતી.રમત બંધ થયાની થોડા સમય પછી, જુવેન્ટુડ બેલાવિસ્ટાના ડિફેન્ડર જોસન પર વીજળી પડી હતી, જેના પછી તે જમીન પર મોઢું નીચે રાખી પડી ગયો હતો. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

## ઉત્તરાખંડના અલ્મોડામાં બસ ખીણમાં પડતા ૩૬ મુસાફરોના મોત

**(એજન્સી)અલ્મોડા,**
ઉત્તરાખંડના અલ્મોડામાં આજે સોમવારે એક મોટો અકસ્માત થયો હતો. એક પેસેન્જર બસ ખીણ પડી હતી. આ દુર્ઘટનામાં ૩૬ મુસાફરોના મોત થયા છે. જ્યારે ત્રણ ઘાયલોને એરલિફ્ટ કરીને ઋષિકેશ છૈંસ્જીમાં વધુ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા છે. એક અધિકારીના જણાવ્યાનુસાર, બસમાં ૪૨ લોકો મુસાફરી કરી રહ્યા હોવાનું પ્રાથમિક પુછપરછમાં સામે આવ્યું છે.

આ અકસ્માત થતા જ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. એક અધિકારીએ જણાવ્યું કે, અકસ્માતની માહિતી મળતા જ જીડ્ઢઇહ્લ અને દ્ગડ્ઢઇહ્લની ટીમોને ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને બસમાંથી બહાર કાઢીને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, અકસ્માત બાદ એસએસપી અલ્મોડા સહિત તમામ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે. આ ગોઝારો અકસ્માત અલ્મોડાના મર્ચુલા પાસે થયો હતો. બસ નૈનીદાંડાના કિનાથથી મુસાફરોને રામનગર તરફ લઈ જઈ હતી. તે દરમિયાન સારદ બંધ પાસે ખીણમાં બસ પડી હતી.

**આશરે ૪૨ જેટલા મુસાફરો ભરેલી બસ નૈનીદાંડાના કિનાથથી રામનગર તરફ જઈ રહી હતી તે દરમિયાન ગોઝારો અકસ્માત સર્જાયો**

એક અધિકારીએ જણાવ્યું કે અકસ્માતની તપાસ કરવામાં આવશે. બસ ડ્રાઈવર નશામાં ડ્રાઈવ કરી રહ્યો હતો કે વાહનમાં કોઈ ટેકનિકલ સમસ્યા હતી તેની તપાસ કરવામાં આવી રહી છે. બસ કઈ સ્પીડથી ચાલી રહી હતી તેની પણ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.સીએમ પુષ્કર સિંહે ધામી બસ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયા અને ઘાયલોને ૧ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.અકસ્માત પર કાર્યવાહી કરતી વખતે, સીએમ ધામીએ પૌરી અને અલમોડા વિસ્તારો સાથે સંબંધિત એઆરટીઓ અમલીકરણને સસ્પેન્ડ કરવા સૂચના આપી હતી. મુખ્યમંત્રીએ અધિકારીઓને યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરવા સૂચના આપી છે.

## અમેરિકામા વોટિંગ સાથે મતગણતરી શરૂ

**(એજન્સી)વોશિંગ્ટન,**
અમેરિકન ચૂંટણીમાં નિર્ણાયક ક્ષણ આવી ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને કમલા હેરિસ વચ્ચે ખૂબ જ નજીકની સ્પર્ધા જોવા મળી રહી છે. એક તરફ મતગણતરી શરૂ થઈ ગઈ છે તો બીજી તરફ મતગણતરી પણ એક સાથે શરૂ થઈ ગઈ છે. હવે દુનિયાની સૌથી જૂની લોકશાહીમાં આ વખતે કોની જીત થશે, તે તો થોડા સમય પછી જ ખબર પડશે. આ અમેરિકન ચૂંટણીમાં ઘણા મુદ્દાઓ પર પ્રભુત્વ છે. ગેરકાયદેસર ઈમિગ્રેશન હોય કે ગાઝા યુદ્ધ હોય, ગર્ભપાત હોય કે મોંઘવારી હોય, દરેક મુદ્દા પર વિચારધારાઓની લડાઈ સ્પષ્ટપણે જોવા મળી છે.

મોટી વાત એ છે કે અમેરિકાની ચૂંટણીમાં કોઈ પણ પક્ષ જીતે, તેની અસર આખી દુનિયા પર પડશે. વેપાર, અર્થતંત્ર અને દ્વિપક્ષીય સંબંધો પર તેની અસર ચોક્કસ છે. આવી સ્થિતિમાં દરેક દેશ આ ચૂંટણી પર નજર રાખી રહ્યા છે, ભારત પણ નજીકથી નજર રાખી રહ્યું છે. યુ.એસ.ની ચૂંટણીઓ પર નવીનતમ અપડેટ્સ જાણવા માટે પ્રથમ બનવા માટે, જનસત્તાના લાઈવ બ્લોગ સાથે જોડાયેલા રહો.અમેરિકી ચૂંટણી માટે જે શરૂઆતી સર્વેક્ષણો આવવા લાગ્યા છે તેમાં કમલા હેરિસને થોડી લીડ મળી રહી છે. ન્યૂયોર્ક ટાઈમ્સના પોલમાં કમલા હેરિસને ૪૯ ટકા વોટ મળતા જોવા મળી રહ્યા છે, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પની વાત કરીએ તો તેમને ૪૮ ટકા વોટ મળી શકે છે. ભારત આ ચૂંટણી પર ચાંપતી નજર રાખી રહ્યું છે. ભલે ડોનાલ્ડ ટ્રમ્પ કે કમલા હેરિસ જીતે, ભારતને અસર થવાની ખાતરી છે. ડોનાલ્ડ ટ્રમ્પ વિશે વાત કરીએ તો, તેમના સત્તામાં આવવાથી આતંકવાદ પ્રત્યે ભારતની ઝીરો ટોલરન્સની નીતિ મજબૂત થઈ શકે છે. આ ઉપરાંત, તેમના આગમન સાથે, ભારતીયો માટે વિઝા નિયમો વધુ કડક બની શકે છે. કમલા હેરિસ વિશે વાત કરીએ તો, તે મૂળ ભારતીય હોવાથી, એવું માનવામાં આવે છે કે તે ભારતની સંસ્કૃતિને એટલી જ સારી રીતે સમજશે. આ ઉપરાંત, વિઝા અંગેની તેમની વિચારધારા ટ્રમ્પની વિચારધારા કરતાં નરમ છે, તેથી ભારતીયોને તેનો લાભ મળી શકે છે. પરંતુ જે રીતે તેણે ભારત વિરુદ્ધ ઘણી વખત કઠોર ટિપ્પણીઓ કરી છે, તેની અસર સંબંધો પર ચોક્કસપણે પડી શકે છે.



**હેરીસ અને ટ્રમ્પ વચ્ચે જંગ**

## ઓડિશામાં નીલાંચલ એક્સપ્રેસ પર ફાયરિંગ

**(એજન્સી)ઓડિશા,**
ઓડિશામાં ચાલતી ટ્રેનમાં ફાયરિંગ થયું છે. ટ્રેન પર અનેક રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો છે. આ ઘટના પ્રકાશમાં આવતાં ખળભળાટ મચી ગયો છે. રેલવે પ્રોટેક્શન ફોર્સ અને સરકારી રેલવે પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. ઓડિશામાં નીલાંચલ એક્સપ્રેસ પર અજાણ્યા શખ્સોએ ગોળીબાર કર્યો છે. આ ઘટના આજે સવારે ૯.૨૫ કલાકે બની હતી. આ ઘટના ત્યારે બની જ્યારે ટ્રેન ચંપા રેલવે સ્ટેશનથી રવાના થઈ રહી હતી. ટ્રેન મેનેજરની ફરિયાદ મળ્યા બાદ ભદ્રક જીઆરપીએ તપાસ શરૂ કરી છે. આ ગોળીબાર ગાર્ડના વાન કમ્પાર્ટમેન્ટ તરફ કરવામાં આવ્યો હતો, જેમાં કોઈ પેસેન્જર માટે બેસવાની જગ્યા નહોતી. આ ઘટનામાં કોઈને ઈજા થઈ હોવાની કોઈ માહિતી નથી. ગોળીબાર કોણે કર્યો અને તેનો હેતુ શું હતો તે અંગે અધિકારીઓ હજુ પણ તપાસ કરી રહ્યા છે.

|| શ્રી રાધા ગોવિંદા ||
સરકાર માન્ય જ્વેલરી વેલ્યુઅર
શુધ્ધ સોનાની લગડી
આજે લાભપાચમ
તથા દિવાળીના શુભ મુહુર્તમાં ખરીદો.
૯૯૯ શુદ્ધ સોનાચાંદીની લગડીઓ તથા વિવિધ મુદ્રાઓ
ચોકસી ભાઈલાલ ડાહ્યાભાઈ
માણેકચોક, અમદાવાદ-૧, ફોનઃ ૨૨૧૫૩૨૧૭, ૯૯૦૯૯૬૦૫૮૦


શ્રી કામધેનુ
સ્પે.મીક્ષ બરફી- મીક્ષ મીઠાઇ દુગ્ધાલય
નવરાત્રી તથા દિવાળી માટે સ્પે.દુધનો હલવો
વલોણાનું શુદ્ધ ઘી- ગાયનું શુદ્ધ ઘી
મઠોઃ- કેસર-ફ્રુટ-મેંગો-કાજુ અંજીર તથા પ્રસાદીયા પેંડા મળશે.
૨૧/૨૨, મહારાણા પ્રતાપ સેન્ટર, વી.એસ. હોસ્પીટલની પાસે, કાપડીયા ગેસ્ટહાઉસની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૬.
ધવલ મોદી ફોન નં.૯૫૮૬૦૦૦૦૭૭

Shagun An ISO 9001-2000 Certied Company
ગ્રહોના રીયલ નંગમાં વિશાળ શ્રેણી કલેક્શન
દરેક ગ્રહોના રીયલ નંગ ગેરન્ટી કાર્ડ સાથે મળશે
એસ. પરોપકાર સિંહ જોહરી એન્ડ સન્સ
ચાંદલા ઓળ, માણેકચોક અમદાવાદ. Ph: 9265682478 / 93755 31688 Email:shagunratna88@yahoo.com
૯, જીએફ અક્ષર કોમ્પલેક્ષ, શીવરંજની ક્રોસ રોડ, સેટેલાઈટ અમદાવાદ. મો.૯૫૫૮૮૮૭૫૪

H.K.TRAVELS




અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289



કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals
DULHA PACKAGE ફક્ત 1?,999/- હેવી શેરવાની વર્ક સેટ (સાફો + દુપટ્ટો + મોજડી + માળા) + ટક્સીડો સુટ (કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીંક્સ + હેન્કી) + ઈન્ડો વેસ્ટર્ન સેટ
SIDER PACKAGE ફક્ત ?,999/- સુટ (કોટ + પેન્ટ + શર્ટ) + કોટી - કૂર્તા સેટ + પેન્ટ - શર્ટ
3 Pant + 3 Shirt Raymond DIGJAM Arvind ₹ 6,199/- ONLY Fabric+ Stitch
બુકીંગ પર લકી ડ્રો માં એક્સ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.
પેકેજ પ્રાઈઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.
PALDI 5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge. 079 - 2660 7614
NARANPURA 2/29, Sunernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev, +91 9173-0-8282-7
BOPAL 110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction. +91 8686-8-8282-7

# તંત્રી સ્થાનેથી Editorial....



## ચાણક્ય ગોથાં ખાય એવા મહારાષ્ટ્રના ચૂંટણી જંગમાં ૮૦૦૦ ઉમેદવારો મેદાનમાં

મહારાષ્ટ્રમાં બે ઉત્સવો એક સાથે ઉજવાઈ રહ્યા છે. એક છે સંવત ૨૦૮૧ના નવા વર્ષમાં પ્રવેશનો ઉત્સવ અને બીજો છે, મહારાષ્ટ્રની ૧૫મી વિધાનસભા માટેનો જંગ. મહારાષ્ટ્રમાં વિધાનસભાનો ચૂંટણી જંગ વધુને વધુ તીવ્ર બનતો જાય છે. આમ તો વિધાનસભાના લગભગ તમામ જંગ ઉથલપાથલ તેમજ અનિશ્ચિતતાથી ભરેલા હોય છે. ગઈ ૧૪મી વિધાનસભા જંગને મહાભારતના યુદ્ધ સાથે સરખાવવામાં આવ્યો હતો. આ વખતે જાણે મહાભારત કરતા પણ વધુ તીવ્રતા સાથે યુદ્ધ લડવા તમામ રાજકીય પક્ષો મેદાનમાં ઉતર્યા છે. નવા વર્ષના ઉત્સવો દરમ્યાન ચૂંટણી પ્રચાર ચાલતો રહ્યો છે. ૨૦મી નવેમ્બરે મતદાન યોજાશે.

આ વખતે જયોતિષો, અંકશાસ્ત્રીઓ, બાવાજીઓ વગેરે કોની સરકાર બનશે ને કહી શકતા નથી. આમ જોવા જાઓ તો દરેક રાજકીય પક્ષમાં એક ચાણક્ય હોય છે. આ તમામ ચાણક્યો વારંવાર નિષ્ફળ ગયા છે. મહારાષ્ટ્રની ચૂંટણીઓની ખાસિયત એ છે કે તે ભલભલા ગર્જના કરતા લોકોને મીંદડી બનાવી દે છે. જે શિવસેનાના હાથમાં વિધાનસભાના જંગનું સ્ટીયરીંગ રહેતું હતું તેના બે ટુકડા થઈ ગયા છે. એક સમયે દરેક પક્ષના નેતા દિવંગત બાલ ઠાકરેના આશીર્વાદ લેવા લાઈનમાં ઉભા રહી જતા હતા. આજે તેમનો દીકરો ઉદ્ધવ અન્ય રાજકીય પક્ષની ઓફિસોમાં ટેકો મેળવવા સામેથી જાય છે.

સમય સમય બલવાન હૈ - આ ઉક્તિ ઠાકરે પરિવાર માટે એકદમ બંધ બેસે છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને શિંદેની શિવસેના વચ્ચે મતભેદો વધતા ગયા છે. શરદ પવારના પક્ષ એનસીપીના પણ બે ભાગલા પડ્યા છે. આમ છતાં આ બંને પ્રાદેશિક પક્ષો- ઉદ્ધવની શિવસેના અને શરદ પવારની એનસીપી- દેશના બે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસને ઘરઆંગણે હંફાવી રહ્યા છે. ભાજપ ૧૫૨ તો કોંગ્રેસ ૧૦૨ બેઠકો પર લડી રહી છે. આ ચૂંટણીમાં તીવ્ર રસાકસી એટલા માટે પણ છે કે કોંગ્રેસ કોઈ પણ હિસાબે એકાદ રાજય જીતીને પોતાના ઈન્ડી ગઠબંધનમાં ઉત્સાહનો નવો સંચાર પેદા કરવા માંગે છે.

છેલ્લી બે વિધાનસભા જંગની વાત કરીએ તો, હરિયાણામાં ભાજપને સફળતા મળી હતી, જયારે જમ્મુ-કાશ્મીરમાં જોડાણવાળા પક્ષોના ટેકો હોવા છતાં કોંગ્રેસ પ્રભાવશાળી બેઠકો મેળવી શકી નહોતી. એન્ટી-ઈન્કમબન્સીનો મુદ્દો હરિયાણામાં હોવા છતાં ભાજપ જીત્યુ હતું. જેમ કોંગ્રેસને જીતની જરૂર છે એમ ભાજપ પણ કોઈ પણ રીતે દેશની આર્થિક રાજધાની મુંબઈના રાજય એવા મહારાષ્ટ્ર પર શાસન જાળવી રાખવા માગે છે.

જેમ મહાભારતમાં ભાઈઓ વચ્ચે યુદ્ધ થયું હતું એમ મહારાષ્ટ્રમાં એનસીપી અને શિવસેનાના ટુકડાઓમાં એક સમયના મિત્રો વચ્ચે યુદ્ધ જોવા મળશે. ૨૦૧૯ની વિધાનસભા જંગમાં શિવસેના અને એનસીપી અકબંધ હતા. ૨૦૧૯માં ૩,૨૩૯ ઉમેદવારો જંગમાં ઉતર્યા હતા. કોંગ્રેસ અને ભાજપ બંને માટે મહારાષ્ટ્રનો જંગ પ્રતિષ્ઠાભર્યો બની ગયો છે. બંને પક્ષના મોવડીમંડળ દૂર બેઠાં બેઠાં દોરીસંચાર કરી રહ્યા છે. ૨૮૮ બેઠકો માટેના જંગમાં આ વખતે અંદાજે ૮,૦૦૦ જેટલા ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે ચોથી નવેમ્બર ફોર્મ પાછું ખેંચવાની છેલ્લી તારીખ છે.

મહારાષ્ટ્રની ૧૪મી વિધાનસભાના સમયકાળ દરમિયાન ત્રણ-ત્રણ મુખ્યપ્રધાનો શાસન પર આવ્યા હતા. પહેલાં ભાજપના દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય પ્રધાન બન્યા, પછી ઉદ્ધવ ઠાકરેએ કોંગ્રેસ અને એનસીપીના ટેકાથી સરકાર બનાવી અને ત્યાર બાદ શિવસેનામાંથી છુટા પડેલા એકનાથ શિંદેએ ભાજપ સાથે મળીને ઉદ્ધવ સરકારને ઉથલાવી દીધી.

# હજીરાપટ્ટીના સુંવાલી ખાતે શિયાળામાં ૧૫ થી ૩૦ ડિસેમ્બરની વચ્ચે બીચ ફેસ્ટિવલનું આયોજન

**(એજન્સી)સુરત,**
સુરતમાં હજીરાપટ્ટીના સુંવાલી ખાતે આ વર્ષે પણ શિયાળામાં ૧૫ થી ૩૦ ડિસેમ્બરની વચ્ચે બીચ ફેસ્ટિવલનું આયોજન થનાર છે. આ માટે સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ૫૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરાઈ છે.

શહેરીજનોના ફરવા માટે ના અવનવા ડેસ્ટિનેશન વચ્ચે સુરતના છેવાડે આવેલ સુંવાલી બીચ પર ફરવા જનારાઓની સંખ્યા વધી રહી છે.તેને ધ્યાન માં રાખીને ગત વર્ષે સુંવાલી બીચ ફેસ્ટિવલનું આયોજન થયું હતું.બે દિવસના ફેસ્ટિવલમાં લોકોનો ભારે ઘસારો જોતા આ વર્ષે પણ બીચ ફેસ્ટિવલ નું આયોજન થનાર છે. આ અંગે ચોર્યાસી ધારાસભ્ય સંદીપ દેસાઈના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી અને પ્રવાસન મંત્રી ને રજૂઆત કરતા પ્રવાસન મંત્રી દ્વારા આ વર્ષે બીચ ફેસ્ટિવલ માટે રૂ.૫૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આથી આ વખતે આગોતરું આયોજન થશે. ગત વર્ષે ઉનાળુમાં આયોજન કરાયું હતું. પરંતુ આ વર્ષે ૧૫ થી ૩૦ ડિસેમ્બરની વચ્ચે બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવનાર છે.આ આયોજનથી સ્થાનિક લોકોને રોજગારી મળશે.અને લોકો માટે ફરવાનું ડેસ્ટિનેશન મળશે. ગત વર્ષે ૮૦ હજાર થી વધુ લોકોએ મુલાકાત લીધી હોવાથી આ વર્ષે વધુ ઘસારો થાય તો પહોંચી વળવા માટે આગોતરું આયોજન કરવામાં આવશે.બે દિવસના ફેસ્ટિવલ રહેશે.

# વડોદરાના ગોત્રી વિસ્તારમાં ટાયરની દુકાનમાં આગ લાગી

**(એજન્સી)વડોદરા,**
વડોદરાના ગોત્રી વિસ્તારમાં નીલંબર સર્કલ પાસે આવેલ જય જલારામ નગર મહેતા ટાયર્સમાં આગ લાગવાનો બનાવ સામે આવ્યો હતો. આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આખરે ટીપી ૧૩, વડીવાડી અને જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. આગ ભયાનક હોવાના કારણે ફાયર વિભાગે બે કલાક સુધી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.આગ કયા કારણોસર લાગી છે, તેનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી.


નૂતન વર્ષાભિનંદન



આવો ખેડબ્રહ્માને સ્વચ્છ અને હરિયાળુ બનાવીએ

નૂતન વર્ષાભિનંદન
BHARAT PETROLEUM
H.P.Patel
Mo.94270 37246
Dealer Bharat Petroleums Corpr Ltd.
Opp.Ardekta CollegAt.Po. Navi Metral Khedbrahma S.K.

Happy New Year
LAXMI
Home Solution
Makes Your Home Stylish
Narshibhai- 9879761701
Mukeshbhai-9726332888
State Highway. At Khedbrahma Dist. S.K. (Guj)

નૂતન વર્ષાભિનંદન
મો.૯૯૭૯૦ ૫૯૭૩૭
૯૪૨૭૦૮૦૪૮૬
એડવોકેટ વિરલ કિર્તીકુમાર વોરા
ઓફિસ : પોલીસ કવાર્ટર્સની સામે સ્ટેટ હાઈવે, ખેડબ્રહ્મા સા.કાં.
રહે. ગાયત્રી સોસાયટી વાસણા રોડ નં.૫ ખેડબ્રહ્મા



નૂતન વર્ષાભિનંદન
ચિરાગ રોયલ હબ
રેમન્ડ્સ રેડ એન્ડ ટેલર, ઓસીએમ, એન્થનીક વેર હબ શુટ તથા શેરવાની ભાડે મળશે.
પ્રો. સૂરજ શંકરલાલ ગોયલ
મો.૯૯૨૪૭૭૨૨૭૦
મોદી માર્કેટ સરદાર ચોક ખેડબ્રહ્મા (સા.કાં.)

નૂતન વર્ષાભિનંદન
જીવન જ્યોત સર્જીકલ હોસ્પિટલ
લેપ્રોસ્કોપિક, એન્ડોસ્કોપી અને યુરોલોજી સેન્ટર
ડૉ- સી.કે. પટેલ MS કન્સલ્ટીંગ સર્જન
ફોન - ૦૨૭૭૫ ૨૨૦૫૯૦
આનંદ શોપીંગ સેન્ટર, લક્ષ્મીપૂરા ચાર રસ્તા ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા

નૂતન વર્ષાભિનંદન
Wadhvani SALES AGENCY
Coca Cola BALAJI WAFERS PARLE
Wadhvani Sales Agency
Leading Dealer in FMCG Products
Idar Ambaji Highway Road, Undava-Khedbahma
Ramedshbhai -99747 48034, Deepak -94275 30965



નૂતન વર્ષાભિનંદન
પટેલ પ્રશાંતકુમાર લાલાભાઈ
ભાજપ શહેર મહામંત્રી
મો.૯૪૨૯૪ ૭૬૭૫૪
રહે. સાંઈનાથ હોટેલ સામે, હાઈવે ખેડબ્રહ્મા

નૂતન વર્ષાભિનંદન
બ્રહમાણી શુધ્ધ જલ
કોઈપણ પ્રસંગે ઓર્ડર લેવામાં આવશે
ભરતભાઈ સી. પ્રજાપતિ મો.99790 56861 | અંકિત બી. પ્રજાપતિ મો.70167 42988 | બ્રિજેશ બી. પ્રજાપતિ મો.79843 24060
એસ્સાર પેટ્રોલપંપ સામે હાઈવે રોડ, ખેડબ્રહ્મા (સા.કાં.)

Happy Diwali
ધી ખેડબ્રહ્મા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ. લી. ખેડબ્રહ્મા
ચેરમેન શ્રી. પટેલ હરીભાઈ રામજીભાઈ
વા.ચેરમેન શ્રી- પટેલ શૈલેશભાઈ ભાનુભાઈ
આ.ઓડિટરશ્રી- પટેલ હસમુખભાઈ દેવજીભાઈ
મેનેજરશ્રી- પટેલ રવિકુમાર સુરેશભાઈ
સ્ટેટ બેંક સામે સરદાર પટેલ રોડ, ખેડબ્રહ્મા. સાબરકાંઠા
Happy Diwali

નૂતન વર્ષાભિનંદન
પટેલ હિતેશકુમાર મહેન્દ્રભાઈ
મહામંત્રી - ભાજપ યુવા મોરચો સાબરકાંઠા જીલ્લા
વા.ચેરમેન. જમીન વિકાસ બેંક
મો. 98792 21020
રહે. મુ. વાસણા. તા. ખેડબ્રહ્મા. (સા.કાં.)

રોશની પ્લાસ્ટીક
ઘરવખરીની આઈટમ, ઓફિસ લગતી આઈટમ
ગીફ્ટ આર્ટીકલ તથા અન્ય વસ્તુઓનો અદ્યતન શો રૂમ
કમલેશ અગ્રવાલ મો - 87586 15740
શુભમ અગ્રવાલ મો- 99132 50364
દેના બેંક પાસે, સરદાર ચોક ખેડબ્રહ્મા

નૂતન વર્ષાભિનંદન
ધી શિલવાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. સિલવાડ
મુ.પો. શિલવાડ તા. ખેડબ્રહ્મા જિ. સા.કાં.
ચેરમેનશ્રી, રબારી કલાભાઈ મહાદેવભાઈ
વા.ચેરમેનશ્રી જેતાવત યોગેન્દ્રસિંહ પ્રતાપસિંહ
વ્ય.કમિટી સભ્યશ્રી-ચોહાણ પ્રતાપસિંહ જૂજારસિંહ, ચૌહાણ રાજેન્દ્રસિંહ જૂજારસિંહ, ભાટી મનુસિંહ ચૂનીલાલ, તરાળ કાળાભાઈ વિરાભાઈ, રાઠોડ મોહનભાઈ હિરાભાઈ, પરમાર અળખિબેન અશોકભાઈ, પરમાર જીતાભાઈ સેનાભાઈ, પરમાર રાધાબેન મહેશભાઈ, રબાર રમીલાબેન લાલાભાઈ
આં - ઓડિટરશ્રી : જેતાવત જીતેન્દ્રસિંહ પ્રતાપસિંહ
સેક્રેટરીશ્રી- રાવલ મહેશભાઈ ઉમિયા શંકર
ટેસ્ટર કમ કલાર્કશ્રી સાવનકુમાર નીયમલભાઈ
Happy Diwali

નૂતન વર્ષાભિનંદન
ધી તાંદલિયા ગૃપ સેવા સહ.મંડળી લિ.
મુ.પો. કલોલકંપા, તા.ખેડબ્રહ્મા જી. સાબરકાંઠા
ચેરમેનશ્રી પટેલ હરિભાઈ રામજીભાઈ
વા.ચેરમેન શ્રી : પટેલ વિઠ્ઠલભાઈ માવજીભાઈ
સેક્રેટરી શ્રી : જેલાણા મુકેશભાઈ કુંવરભાઈ
વ્ય.ક.સભ્યશ્રી : પટેલ શાંતિભાઈ દેવશીભાઈ, પટેલ બાબુભાઈ પ્રેમજીભાઈ, પટેલ હસમુખભાઈ છગનભાઈ, પટેલ જયેશભાઈ મગનભાઈ, પટેલ કુંદનભાઈ મણિભાઈ, પટેલ સતિષભાઈ અંબાલાલ, પટેલ મહેશભાઈ શામળભાઈ, પટેલ હરિભાઈ મેઘજીભાઈ, પટેલ ચંદુભાઈ અખઈભાઈ
આં. ઓડિટરશ્રી : પટેલ શાંતિભાઈ મગનભાઈ
સેક્રેટરીશ્રી રાવલ મહેશભાઈ ઉમિયાશંકર
એકાઉન્ટન્ટશ્રી : પટેલ પ્રદીપભાઈ પરશોતમભાઈ
કલાર્ક : ખાંટ જયરામભાઈ પૂંજાભાઈ
તોલાટ કમ પટાવાળા : બંગડીયા બકુલભાઈ તલકાભાઈ

નૂતન વર્ષાભિનંદન
કિસાન ફર્ટીલાઈઝર્સ
જંતુનાશક દવાઓ તથા બિયારણના વહેપારી
પ્રો. મનુભાઈ દેવજીભાઈ પટેલ
ચેતનકુમાર તળશીભાઈ પટેલ (વરતોલવાળા)
અર્બુદા કોમ્પ્લેક્ષ, નદી કિનારે હાઈવે રોડ, ખેડબ્રહ્મા

નૂતન વર્ષાભિનંદન
વેદાન્ત રેસીડેન્સી
2 BHK
હિતેશ પટેલ
9998812965
હરેશ ગંગલાણી
9926044801
સ્થળ - શ્યામનગર ચાર રસ્તા, હાઈવે નજીક તા.ખેડબ્રહ્મા, (સા.કાં.)

નૂતન વર્ષાભિનંદન
ભગવતિ પેટ્રોલિયમ
ESSAR
હાર્દિક પટેલ
મો.૯૯૭૯૬૬૫૩૪૮
અંબાજી હાઈવે રોડ, ખેડબ્રહ્મા સા.કાં.

નૂતન વર્ષાભિનંદન
ધી ચિખલા દૂધ ઉ.સહ. મંડળી લી.
ચેરમેનશ્રી- ડાયાણી શંકરભાઈ ભુરાભાઈ
વા.ચેરમેનશ્રી - ડાયાણી મનુભાઈ નાનજીભાઈ
સેક્રેટરીશ્રી - સકુભાઈ પૂજાભાઈ ડાયાણી
તથા કમિટિ સદસ્યશ્રીઓ તથા સભાસદશ્રીઓ.

Happy Diwali
ધી ખેડબ્રહ્મા તાલુકા પ્રા. ટીચર્સ કો.ઓ.ક્રે. સોસાયટી લિ. ખેડબ્રહ્મા
ચેરમેન :ચિરાગકુમાર જે. પટેલ
વા. ચેરમેન : પીનલકુમાર એ. પટેલ
વ્ય.ક.સભ્ય : પિયુષકુમાર ડી. પટેલ, મનુભાઈ આર. પટેલ, આકાશકુમાર એમ. પટેલ, મનુભાઈ આર. શાહ, વિમલકુમાર ડી. ગઢવી, વૈશાલીબેન એ. શાહ, નવિનભાઈ ટી. નિનામા, અંકિતકુમાર ડી. પટેલ, ગીરીશકુમાર પી. પટેલ, નવનીતકુમાર એ. પટેલ, રવિન્દ્રકુમાર કે. નિનામા, સિતષકુમાર બી. ભાંભી

નૂતન વર્ષાભિનંદન
જીતુભાઈ બેચરભાઈ પટેલ
કિરિટકુમાર જીતુભાઈ પટેલ
તથા કુટુંબ તરફથી સૌને દિવાળી તથા નવા વર્ષની શુભેચ્છાઓ.
મુ. વરતોલ તા.ખેડબ્રહ્મા. (સા.કાં.)

નૂતન વર્ષાભિનંદન
રાધે દાળબાટી
ઉચ્ચ ગુણવત્તાવાળી કર્વાલીટીની દાળબાટી
ઠા. ઈશ્વરભાઈ
ખેડબ્રહ્મા અંબાજી હાઈવે રોડ, ખેડબ્રહ્મા. (સા.કાં.)

નૂતન વર્ષાભિનંદન
રોશની મોલ
શુભમ અગ્રવાલ
મો.9913250364
રોશની રેડીમેડ
યશ અગ્રવાલ
મો.9737869507
રાજુ અગ્રવાલ
મો.9978795300
સરદાર પટેલ રોડ મુ. ખેડબ્રહ્મા જી. (સા.કાં.)

નૂતન વર્ષાભિનંદન
ધી મટોડા ગૃપ સેવા સ.મં. લી
ચેરમેનશ્રી : પટેલ મિનેશભાઈ જશુભાઈ,
વા. ચેરમેનશ્રી : પટેલ મુકેશભાઈ પ્રભુભાઈ,
સેક્રેટરીશ્રી : પટેલ શામળભાઈ દેવજીભાઈ
તથા વ્ય.ક. સભ્યશ્રીઓ તથા સભાસદશ્રીઓ
મુ.મટોડા, તા.ખેડબ્રહ્મા (સા.કાં.)

નૂતન વર્ષાભિનંદન
પટેલ હરિભાઈ રામજીભાઈ
ચેરમેન - ખરીદ વેચાણ સંઘ લી. ખેડબ્રહ્મા
ભાજપ કાર્યકર
રહે- કલોલકંપા તા.ખેડબ્રહ્મા જી. સાબરકાંઠા

નૂતન વર્ષાભિનંદન
ધી લક્ષ્મીપૂરા ગામની સેવા સ.મં.લી
ચેરમેનશ્રી- પટેલ લાલજીભાઈ ભીખાભાઈ
વા. ચેરમેનશ્રી- પટેલ હાથીભાઈ ખલાભાઈ
સેક્રેટરીશ્રી- પટેલ ભરતભાઈ રામજીભાઈ
તથા કમિટિ સદસ્યશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ

નૂતન વર્ષાભિનંદન



શ્રી અરવિંદ પ્રતિષ્ઠાન ખેડબ્રહ્મા



ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી લાગ્યા રહો

નૂતન વર્ષાભિનંદન
આયુષ ક્લિનીક
ડૉ. હર્ષદકુમાર દેવજીભાઈ પાદરડીવાળા
પ્રમુખ : ભારત વિકાસ પરિષદ ખેડબ્રહ્મા
મો.99247 42323
માતાજી મંદિર રોડ, ખેડબ્રહ્મા (સા.કાં.)

સર્વે પ્રજાજનોને નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છાઓ
અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, ખેડબ્રહ્મા સંચાલિત
ડી. ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે. જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા
જશુભાઈ જગુભાઈ પટેલ : કાર્યાધ્યક્ષશ્રી
જેઠાભાઈ કે. પટેલ: મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
હરિહર એસ. પાઠક : મંત્રીશ્રી
ડૉ. વી. સી. નિનામા : કા. આચાર્ય શ્રી
અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ તથા કોલેજ પરિવાર
4

નૂતન વર્ષાભિનંદન
ધી જ્યોતિ હાઈસ્કૂલ કર્મચારી ધિરાણ સહકારી મંડળી લી.ખેડબ્રહ્મા
ચેરમેનશ્રી - સૂરજભાઈ એસ. પટેલ
મંત્રી શ્રી- નરેશભાઈ આર. પટેલ
તથા કમિટિ સભ્યો

નૂતન વર્ષાભિનંદન
શિવમ રેસીડેન્સી



● ખુલ્લા પ્લોટો (રહેણાંક)નું સુંદર આયોજન
● સંપૂર્ણ ડેવલપમેન્ટ સાથે ● આર.સી. રોડ રસ્તા
● કંપાઉન્ડ વોલ ● સ્ટ્રીટ લાઈટ ● સિક્યુરીટી ગેટ
● ડેવલપ કરેલ કોમન પ્લોટ ● ચીલ્ડ્રન પ્લે એરિયા
એડ્રેસ : શિવમ ડેવલોપર્સ
ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર પાસે, ખેડબ્રહ્મા (સા.કાં.)
સંપર્ક : નરેશ મહેતા:- ૯૪૦૮૫૧૭૮૪૮, હિરેન જોષી : - ૯૨૬૫૯૫૦૭૪૬
61

# પ્રયાગરાજ મહાકુંભની ૧૦૦ દેશોના ૪૫ કરોડ શ્રદ્ધાળુઓ મુલાકાત લેશે : શેખાવત

**જોધપુર,**
પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન યોજાનાર મહાકુંભ મેળાની ભારત સહિત ૧૦૦ દેશોના ૪૫ કરોડ શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ મુલાકાત લેશે. મહાકુંભ માટે વ્યાપક તૈયારીઓ કરવામાં આવી રહી છે. મહાકુંભના અવસરે રાજસ્થાનની વસ્તી કરતાં ઘણા વધુ લોકો દોઢ મહિનાના સમયગાળામાં પ્રયાગરાજ પહોંચશે, જેમાં ૧૫થી ૨૦ લાખ વિદેશી પ્રવાસીઓ પણ હશે. એમ કેન્દ્રીય પ્રવાસન અને સંસ્કૃતિ પ્રધાન ગજેન્દ્રસિંહ શેખાવતે જણાવ્યું હતું કે, ગુરૂવારે પોતાના નિવાસસ્થાને મીડિયા સાથેની વાતચીતમાં શેખાવતે જણાવ્યું હતું કે, આગામી વર્ષની શરૂઆતમાં મહાકુંભ મેળો યોજાશે. એક દિવસ પહેલાં જ ઉત્તરપ્રદેશ સરકાર અને ભારત સરકાર વચ્ચે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે મહાકુંભ મેળાની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક વિશેષ બેઠક યોજાઈ હતી.

કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું કે, દિવાળીનો તહેવાર ભારતને એકતાના દોરમાં બાંધે છે. આપણે તમામ જાણીએ છીએ કે આપણો ભારત દેશ વિવિધતાથી ભરેલો દેશ છે. બોલીઓ, ખોરાક, આસ્થા, પૂજા પદ્ધતિઓ અને ભૌગોલિક વિવિધતા હોવા છતાં દેશ વિવિધતામાં એકતાના દોર બંધાયેલો છે જેમાંનો એક મુખ્ય દોરો દિવાળીનો તહેવાર છે. ભારતીયો દેશમાં હોય કે વિદેશમાં પણ દિપોત્સવનો તહેવાર આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવે છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ભગવાન શ્રી રામ અયોધ્યામાં તેમના નિવાસસ્થાનમાં બિરાજમાન થયા પછી દેશ પ્રથમ દિવાળીની ઉજવણી કરી રહ્યો છે.

## ધોરાજીમાં ગેરકાયદે લાકડા કાપતા બે ઈસમ ઝડપાયા

**ધોરાજી,**
ધોરાજી વન વિભાગના લાકડાની ચોરી થતી બાતમીના આધારે આર.એફ.ઓ અને તેમની ટીમે ફરેણી રોડ પર તપાસ કરી હતી. તે સમયે લાકડા કાપનાર બે ઈસમને સ્થળ પરથી ઝડપી લેવાયા હતા. વન વિભાગ દ્વારા ગેરકાયદે લાકડા કાપનાર ઈસમોને દંડ ફટકારાતો હતો.

જમાલપુર, શાહપુર, રાયખડના રહીશો માટે સુવિધા

# જમાલપુરમાં ૨૮ કરોડના ખર્ચે નવું સુએઝ પમ્પીંગ સ્ટેશન બનશે

**અમદાવાદ,**
એએમસી દ્વારા જમાલપુર, ખાડિયા, શાહપુર, રાયખડ, ખમાસા, વગેરે વિસ્તારોમાં ડ્રેનેજ બેક મારવાની વ્યાપક ફરિયાદોને ધ્યાનમાં લઈને જમાલપુર ફાયર સ્ટેશન પાસે આવેલા એસટીપી સ્ટોરની બાજુમાં ખુલ્લા પ્લોટમાં રૂા.૨૮ કરોડ, ૩૦ લાખથી વધુના ખર્ચે નવું સુએઝ પમ્પીંગ સ્ટશન (એસટીપી) બનાવવામાં આવશે. આ નવા સ્ટેશનની કેપેસિટી ૧૧૦ એમએલડીની રહેશે અને ૧૦૦ મીટરની લંબાની રાઈઝીં મેઈન લાઈન નાંખવામાં આવશે તેમજ ૬ પંપ ઈન્સ્ટોલ કરવામાં આવશે. નવું પમ્પીંગ સ્ટેશન તૈયાર થયા પછી આ વિસ્તારોમાં ગટરો બોક મારવાની સમસ્યા હળવી થશે. હાલ ૫,૨૦,૯૩૧ જેટલી વસ્તી વસે છે અને ભવિષ્યમાં એટલે કે ૨૦૫૪ના વર્ષમાં આ વિસ્તારની વસ્તી વધીને ૯,૮૦,૯૭૬ જેટલી થવાની શક્યતાને ધ્યાનમાં લઈને વધુ કેપેસિટીનું એસટીપી બનાવાશે. આ હેતુસર સ્ટેન્ડીંગ કમિટીમાં દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. જમાલપુર, ખાડિયા, શાહપુર, રાયખડ વગેરે વિસ્તારમાંથી આવતા ડ્રેનેજના પાણીનો કારણે ગટરો બોક મારવાની અનો બ્લોકેજની સમસ્યા જોવા મળતી હોય છે. ખાસ કરીને ચોમાસામાં ગટરો બોક મારવાનો કારણે પાણી ભરાવાનો કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ગટરના ગંદા પાણી અને ગંદકીને કારણે રોગચાળો ફેલાવાની દહેશત ઊભી થાય છે.

# વકફની મિલકતોનું રાષ્ટ્રીયકરણ કરો : ભાજપ નેતા

## કર્ણાટકમાં ભાજપના ધારાસભ્યએ વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો

**બેંગલુરૂ,**
કર્ણાટકમાં ભાજપના ધારાસભ્ય બસનગૌડા પાટિલ યત્નલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી દેશમાં વકફની મિલકતોના રાષ્ટ્રીય કરણની માંગ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, અસમાન વકફ કાયદા અને તેના દુરૂપયોગને કારણે આવી માંગણી કરવામાં આવી છે. યત્નલે પત્રમાં જણાવ્યું હતું કે, હું કર્ણાટકમાં તાજેતરની ઘટનાઓ અંગે માહિતી આપવા પત્ર લખી રહ્યો જેમાં વકફ બોર્ડ ખેડૂતો, મઠ, મંદિર અને અન્યની જમીનો પર દાવો કરી રહ્યું છે. આ બાબત બંધારણના સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. કેન્દ્ર સરકારે વકફ કાયદાની સમીક્ષા માટે સંયુક્ત સંસદીય સમિતિ બનાવ્યા પછી આરટીસીમાં નામ બદલવાની અને નોટિસો આપવાની ઘટનાએ વેગ પકડયો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વકફનો હેતુ કલ્યાણ અને સામાજિક સેવાનો હરોય તો તેનો અમલ ધાર્મિક ભેદભાવ વગર થવો જોઈએ, કારણ કે ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. વકફ હાલ સંરક્ષણ અને રેલવે ક્ષેત્ર પછી દેશમાં જમીનની માલિકીમાં ત્રીજા નંબરે છે. યત્નલે પત્રમાં જણાવ્યું હતું કે, વકફ બોર્ડ હાલના જે વકફ કાયદા હેઠળ કામ કરે છે તેને લીધે ખાનગી જમીનો, ખેતરો, ઐતિહાસિક, સંસ્થાઓની જમીનો ગેરકાયદેસર રીતે પચાવી પડવાની સમસ્યા ઊભી થઈ છે. તમામ ચિંતાઓને ધ્યાનમાં રાખીને હું તમને વકફ બોર્ડની મિલકતોના રાષ્ટ્રીયકરણ પર વિચારણા માટે વિનંતી કરું છું.

નૂતન વર્ષાભિનંદન
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખેડબ્રહ્મા
ચેરમેનશ્રી
પટેલ હિરાભાઈ લવજીભાઈ
વા.ચેરમેનશ્રી
મહેતા ચેતનકુમાર હસમુખભાઈ
સેક્રેટરીશ્રી
પટેલ રાહુલકુમાર મુળજીભાઈ
તથા કમિટી સભ્યો

નૂતન વર્ષાભિનંદન
નિકુંજ માર્કેટીંગ
સ્ટેશનરી, પતંગ-દોરી, સ્પોર્ટસ તેમજ સીઝનેબલ આઈટમોના છૂટક તથા જથ્થાબંધ વહેપારી.
નિકુંજ ચૌહાણ
૯૩૨૮૧૮૫૬૩૫
ભોગીલાલ ચૌહાણ
૯૩૭૫૯૫૨૫૨૧
શિવાજી રોડ, મુ. ખેડબ્રહ્મા
જી. સાબરકાંઠા

નૂતન વર્ષાભિનંદન
પૂજારા મોબાઈલ
રાવલ જીજ્ઞેશકુમાર વિનોદભાઈ
દરેક જાતના મોબાઈલના વહેપારી
પૂર્વ પ્રમુખ - ભારત વિકાસ પરિષદ, ખેડબ્રહ્મા
પ્રમુખ- મોબાઈલ એસોસિયેશન ખેડબ્રહ્મા

નૂતન વર્ષાભિનંદન
પંચાલ જશવંતભાઈ એ. (એડવોકેટ)
પ્રમુખ- ખેડબ્રહ્મા ભાજપ બક્ષીપંચ મોરચો
મંત્રી- ત્રિવેણી પંચાલ સમાજ પ્રગતિ મંડળ ખેડબ્રહ્મા પ્રમુખ
અંબિકા કોમ્પ્લેક્ષ
ઓફિસ - અંબિકા કોમ્પલેક્ષ. NM પેટ્રોલપંપ પાસે
રહેઠાણ : નવા માટવાડા, ખેડબ્રહ્મા (સાબરકાંઠા

નૂતન વર્ષાભિનંદન
પંચાલ લીલાચંદ જીવાભાઈ
કોન્ટ્રાકટર
પંચાલ ફળી મુ.પોશીના જી.સાબરકાંઠા

નૂતન વર્ષાભિનંદન
શ્રી ખેડબ્રહ્મા કેળવણી મંડળ સંચાલિત
શેઠ કે.ટી. હાઈસ્કૂલ, ખેડબ્રહ્મા
ખેડબ્રહ્મા શહેરની મધ્યમાં આવેલ ૧૯૫૨ થી કાર્યરત એવી જુની અને જાણીતી એક માત્ર સંસ્થા તરફથી વાલીઓ તેમજ વિદ્યાર્થીઓને
નૂતન વર્ષાભિનંદન
(૧) રામજીભાઈ ડી. પટેલ- કા.સભ્ય,
(૨) કીર્તિકુમાર યુ. જોષી- કા. સભ્ય,
(૩) રાજેન્દ્રકુમાર સી પટેલ- કા. સભ્ય,
(૪) વલ્લભાઈ જી. પટેલ- કા. સભ્ય,
(૫) પંકજકુમાર આર. ત્રિવેદી- કા. સભ્ય,
(૬) કિરીટકુમાર બી. જોષી- કા. સભ્ય,
(૭) કેયુરકુમાર આર. જોષી- કા. સભ્ય,
(૮) યોગેન્દ્રકુમાર એલ. ત્રિવેદી- કા. સભ્ય
શૈલેષકુમાર પી. મહેતા
માનદ્ મંત્રી
કનુભાઈ કે. પટેલ
ઉપ પ્રમુખ
અશ્વિનકુમાર એસ. જોષી
પ્રમુખ
વિભાષ રાવલ
પ્રિન્સિપાલતથા શાળા પરિવાર
શેઠ કે.ટી. હાઈસ્કુલ ખેડબ્રહ્મા

Happy Diwali
નૂતન વર્ષાભિનંદન
સુરેશભાઈ પી. પટેલ
પ્રમુખ : ખેડબ્રહ્મા તાલુકા ભાજપ
રહેઠાણ : મુ. રૂદ્રમાળા તા.ખેડબ્રહ્મા (સા.કાં.ા)

નૂતન વર્ષાભિનંદન
ચૌહાણ હિતેન્દ્રસિંહ કરણસિંહ
પૂર્વ મહામંત્રી- ખેડબ્રહ્મા તાલુકા ભાજપ
ચેરમેન - ધી ગોતા સેવા સ.મંડળી લી. ગોતા
મો : ૯૯૭૯૩ ૧૮૦૦૯- ૮૧૬૦૩ ૯૭૩૭૨
રહેઠાણ - મુ. ગોતા, તા.ખેડબ્રહ્મા જી. સાબરકાંઠા

નૂતન વર્ષાભિનંદન
ધી આંટાકંપા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી
ચેરમેનશ્રી - પટેલ હિરાભાઈ લવજીભાઈ
વા.ચેરમેનશ્રી- પટેલ જીવાભાઈ માંણકાભાઈ
સેક્રેટરીશ્રી- પટેલ ભરતકુમાર માધાભાઈ
કલાર્કશ્રી - પટેલ વિનોદભાઈ બેચરભાઈ
આંતરીક ઓડીટરશ્રી- પટેલ નારાભાઈ મોતીભાઈ
તથા કમિટી સભ્યો તથા સભાસદો

નૂતન વર્ષાભિનંદન
કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ (એડવોકેટ)
રાજેન્દ્રસિંહ જુજારસિંહ ચૌહાણ (એડવોકેટ એન્ડ નોટરી)
મહામંત્રી, ખેડબ્રહ્મા શહેર ભાજપા
પૂર્વ વા. ચેરમેન એપીએમસી ખેડબ્રહ્મા
રહે. ખેડબ્રહ્મા મો.૯૪૨૭૦૩૮૦૫૧

નૂતન વર્ષાભિનંદન
બ્રિજેશ એન. બારોટ
પ્રમુખ - યુવા ખેડબ્રહ્મા
Ex. કારો. ચેરમેન નગરપાલિકા ખેડબ્રહ્મા
ભાજપ કાર્યકર મો.૯૮૨૫૯૮૮૫૫૮

નૂતન વર્ષાભિનંદન
ધી ગોતા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ગોતા
ચેરમેનશ્રી- પટેલ મહેન્દ્રભાઈ વિરજીભાઈ
વા.ચેરમેનશ્રી- તરાળ નરશીભાઈ શેનાભાઈ
સેક્રેટરીશ્રી- પટેલ વિશાલકુમાર જીગ્નેશભાઈ
તથા કમિટી સદસ્યશ્રીઓ

નૂતન વર્ષાભિનંદન
રિધમ
હોસ્પિટલ અને પ્રસુતિ ગૃહ
ડૉ. ભૂપેન્દ્ર એમ. પટેલ
M.D. DGO
ફોન- 02775 221443 મો. 97233 19439
સરસ્વતી કોમ્પલેક્ષ ખેતલા બાપા ચાની પાછળ અંબાજી હાઈવે રોડ ખેડબ્રહ્મા (સાં.કાં)

નૂતન વર્ષાભિનંદન
ડૉ. અશ્વિન બી. ગઢવી
ગાયનેક સર્જન (MDDGU)
સુપ્રિન્ટેન્ડેટ સરકારી જનરલ હોસ્પિટલ ખેડબ્રહ્મા

નૂતન વર્ષાભિનંદન
બાલાજી સ્ટીલ ટ્રેડર્સ
જે.કે. પ્રો. સિમેન્ટ તથા લોખંડના વહેપારી
પટેલ વિષ્ણુભાઈ -93279 37899
પટેલ રાજેશભાઈ -93741 40399
શિતકેન્દ્ર સામે મુ. ખેડબ્રહ્મા- સાબરકાંઠા

નૂતન વર્ષાભિનંદન
ધી વરતોલ દૂધ ઉત્પાદક સહ. મંડળી લી.
ચેરમેનશ્રી- પટેલ શૈલેશકુમાર તળશીભાઈ
સેક્રેટરીશ્રી-પટેલ ગોવિંદભાઈ પ્રભુભાઈ
તથા કમિટિ સદસ્યશ્રીઓ અને સભાસદશ્રીઓ

નૂતન વર્ષાભિનંદન
ગ્રેવીટી ઈન્સ્ટીટ્યુટ ખેડબ્રહ્મા
ધોરણ KG 1 થી 12 (વિજ્ઞાન પ્રવાહ) SI, BRS, MSW ANM, GNM અને B.sc.
નર્સિંગ કોલેજ દિવાળી તથા નવુ વર્ષ આપ સૌને મંગળદાયી અને શુભકારક નિવડે તેવી ગ્રેવીટી પરિવાર તરફથી શુભકામનાઓ.
ટ્રસ્ટીશ્રી - દિનેશભાઈ પટેલ, ગોપાલભાઈ પટેલ
આચાર્યશ્રી તથા ગ્રેવીટી પરિવાર
મો.૭૮૭૮૩૦૫૧૬૯

નૂતન વર્ષાભિનંદન
ધી મટોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી
મુ. મટોડા તા.ખેડબ્રહ્મા નોંધણી નંબર-૧-૩-૧૯૭૪ નં.૧૭૭
ચેરમેનશ્રી - પટેલ મુકેશભાઈ જેઠાભાઈ
સેક્રેટરીશ્રી- પટેલ પંકજકુમાર વસ્તાભાઈ
તથા કમિટી સભ્યો તથા સભાસદો

નૂતન વર્ષાભિનંદન
તિરૂપતી કોર્પોરેશન
શૈલેશભાઈ બી. પટેલ
વા.ચેરમેન- ધી ખેડબ્રહ્મા તા.ખ.વે.સંઘ લી.
ચેરમેન - ધી નીચી ધનાલ ગામની સેવા સ.મંડળી લી.
સોમનાથ કોમ્પ્લેક્ષ, ખેડબ્રહ્મા જી.સા.કાં.

નૂતન વર્ષાભિનંદન
કીર્તિકુમાર ઉમિયાશંકર જોષી
પ્રમુખ - સીનીયર સીટીજન મંડળ ખેડબ્રહ્મા
પ્રોજેક્ટ ડાયરેક્ટર સાબરકાંઠા સીનીયર સીટીજન ચેરીટી ટ્રસ્ટ હિંમતનગર
સામાજીક કાર્યકર ખેડબ્રહ્મા

નૂતન વર્ષાભિનંદન
સોહમ કન્સ્ટ્રકસન
ગવર્નમેન્ટ એપ્રુવ્ડ કોન્ટ્રાકટર
ભાવેશભાઈ સુથાર મો. ૯૪૨૬૩ ૮૯૧૬૬
મુ. ખેડબ્રહ્મા. જી. સાબરકાંઠા

નૂતન વર્ષાભિનંદન
ધી ગલોડીયા કેળવણી મંડળ સંચાલિત
શ્રી બી.એમ.પટેલ વિદ્યાલય ગલોડી
શ્રી પી.આર. પટેલ - પ્રમુખશ્રી
શ્રી એન.ડી. પટેલ - મંત્રીશ્રી
શ્રી એન.એસ. પટેલ- ઉપપ્રમુખશ્રી
શ્રી હિતેશ બી. રાવલ- આચાર્યશ્રી
તથા કારોબારી સભ્યશ્રીઓ

નૂતન વર્ષાભિનંદન
ધી શ્યામનગર દૂધ ઉ.સ.મંડળી લી.
ચેરમેનશ્રી - પટેલ રાકેશકુમાર ઉમેદભાઈ
વા.ચેરમેનશ્રી- પટેલ મહેશભાઈ ડાહ્યાભાઈ
સેક્રેટરીશ્રી- પટેલ હરિશભાઈ નાથાભાઈ
તથા વ્યવસ્થાપક કમિટી સદસ્યશ્રીઓ
તથા સભાસદશ્રીઓ

નૂતન વર્ષાભિનંદન
Hotel Happy
ગુજરાતી અને કાઠીયાવાડી ભોજનનો અનેરો સ્વાદ
પલ્લવ રાવલ: ૭૬૨૨૯૪૭૦૦૨
Near Apple Cinema, Old jyoti High School High Way Road, Khedbrahma S.K

Happy New Year
RIVAN
THE ROYAL CLOTHING
Exclusive men's Wear show Room
Samkit Doshi Mo-9898188340
Sardar Chok, Nr. Railway St. Khedbrahma Dist.S.K

નૂતન વર્ષાભિનંદન
હસમુખભાઈ દેવજીભાઈ પટેલ
પ્રમુખ- સાબરકાંઠા જીલ્લા માધ્યમિક શિક્ષક સંઘ
પૂર્વ સદસ્ય - માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર
ઉપ પ્રમુખ - ગુજરાત રાજય કર્મચારી મહામંડળ

નૂતન વર્ષાભિનંદન
વિદ્યા વિનયથી શોભે છે
આચાર્યાશ્રી
સંત શ્રી રામજીબાપા
ક.ક. પાટીદાર
કન્યા વિદ્યાલય
પટેલ સોસાયટી પાસે ખેડબ્રહ્મા, સાબરકાંઠા

નૂતન વર્ષાભિનંદન
શ્રી રામ સીડ્સ પ્રોસેસીંગ પ્લાન્ટ
રિતેશભાઈ પટેલ
અરવિંદભાઈ પટેલ
હસમુખભાઈ પટેલ
જયેશભાઈ પટેલ
ધિરુભાઈ પટેલ
સારંગભાઈ પટેલ
મુ. વાસણા કંપા તા.ખેડબ્રહ્મા. જી.સાબરકાંઠા

# સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાં દર્શન કરવા શ્રધ્ધાળુઓનું ઘોડાપુર ઉમટ્યું

(પ્રતિનિધિ)ગોધરા,

પંચમહાલ જિલ્લા ના સુપ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ડુંગર ઉપર આવેલ શકિતપીઠ મહાકાળી માતાજી ના મંદિરે દિવાળી ની રજાઓ માં શ્રધ્ધાળુઓ ની ભારે ભીડ ઉમટી પડી છે સરેરાશ કરતા બમણી સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોવાથી પોલીસ જવાનો દ્વારા ઠેર ઠેર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તો અહીં આવતા લાખો યાત્રાળુઓ ને વાહન પાર્કિંગ ની સૌથી મોટી સમસ્યા નો સામનો કરવો પડી રહ્યો છે.યાત્રિકો એક કિલો મીટરો દૂર પોતાના વાહનો પાર્ક કરી ફરજિયાત ખાનગી વાહનો મારફતે એસટી ડેપો સુધી પહોંચી બસ માં માંચી જવું પડી રહ્યું છે.પંચમહાલ જિલ્લામાં આવેલું શકિતપીઠ પાવાગઢ મહાકાળી મંદિર અને અહીં આવેલા ઐતિહાસિક સ્થાપત્યો ને કારણે જગવિખ્યાત બન્યું છે, અત્રે આ મંદિર માં દર્શન કરવા અને સ્થાપત્યો નિહાળવા દેશભર માંથી અનેક શ્રાધ્ધળુઓ અને પ્રવાસીઓ અહીં આવે છે.ડુંગર ઉપર આવેલા આસ્થા, શકિત અને શ્રદ્ધા ના કેન્દ્ર મહાકાળી મંદિર ને નવનિર્માણ કરી વિશાળ મંદિર બનાવવમાં આવ્યું અને તેના શિખર ઉપર વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પહેલી ધજા ચડાવતા આ મંદિર શ્રાધ્ધળુઓ જ નહીં પરંતુ અહીં આવતાં પ્રવસીઓ ને પણ આકર્ષી રહ્યું હોવાથી અહીં મન માં માતાજી પ્રત્યે ની અપાર શ્રદ્ધા સાથે શીશ ઝુકાવવા આવતા શ્રાધ્ધળુઓ ની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. અને ચૈત્રી નવરાત્રી તેમજ જાહેર રાજાઓ, વિકેન્ડ જેવા સમયે અહીં લાખો ની સંખ્યા માં શ્રદ્ધાળુઓ અવિરત આવી રહ્યા


(તસ્વીરઃ મનોજ મારવાડી, ગોધરા)

છે.હાલ દિવાળી ની રજાઓ ના માહૌલ વચ્ચે યાત્રાધામ અને શકિતપીઠ પાવાગઢ મહાકાળી માતાજી ના દર્શને દરરોજ સરેરાશ બે લાખ જેટલા શ્રાધ્ધળુઓ આવી રહ્યા છે, ત્યારે આજે પણ શ્રાધ્ધળુઓ ની ભારે ભીડ અહીં જોવા મળી છે.વહેલી સવારે જ માઈભક્તો માતાજીનો જયકાર કરતા મંદિરે પહોચ્યા હતા. રોપ વે સુવિધા ચલાવતી ઉષા બ્રેકો કંપની દ્વારા પણ શ્રાધ્ધળુઓ ની ભીડ જોતા મોડી રાત્રી સુધી ઉડન ખટોલા ની સુવિધા ચાલુ રાખવામાં આવી રહી છે.આજે પણ વહેલી સવારે મોટી સંખ્યામાં પહોચેલામાઈ ભક્તોએ ભારે ભીડ વચ્ચે મહાકાળી માતાજી ના દર્શન કર્યા કરી ધન્યતા અનુભવી હતી.જ્યારે પોલીસ દ્વારા પણ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઠેર ઠેર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# વિજયનગર તાલુકામાં જુદા જુદા ત્રણ અકસ્માતમાં ચારના મોત

(પ્રતિનિધિ)મોડાસા,

વિજયનગર તાલુકામાં દિવાળી અને નૂતન વર્ષના દિવસોમાં સર્જાયેલા જુદા જુદા ત્રણ અકસ્માતમાં ચારના મોત નિપજ્યા હતા જયારે અન્ય બે વ્યક્તિઓને ઈજા થઈ હતી. વિજયનગર અને ચિઠોડા પોલીસે આ બનાવોના ગુના નોંધી મૃત દેહોનું પીએમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.આ તાલુકામાં આ અકસ્માતમાં ચારના મોતના બનાવથી દિવાળી અને નવા વર્ષના તહેવારોંની ખુશીનો માહોલ ગમગીની અને શોકમાં ફેરવાઈ ગયો હતો .

રવિવારે ભાઈબીજના દિવસે સાંજના ચિઠોડા પાસે નદીના પુલ ઉપર હોન્ડા કાર અને બાઈક સામસામે મોટા ધડાકા સાથે અથડાતા સર્જાયેલા આ જીવલેણ અકસ્માતમાં બે યુવાનોનાં મોત નિપજ્યા હતા જેમાં. એકનું એકનું ઘટના સ્થળે. જ્યારે અન્ય એક જીવલેણ ઈજાગ્રસ્ત યુવાનનું ભીલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા રસ્તામાં જે મોત થયું હતું ઘટનાની જાણ થતા ચિઠોડા પો મથકના ઈન્ચાર્જ એએસઆઈ ખુશ્બુબેન ભગોરા ઘટના સ્થળે જઈને મૃતકોનું ભિલોડા કોટેજ હોસ્પિટલમાં પીએમ કરાવી વાલીવારસોને મૃતદેહો સુપ્રત કર્યા


(તસ્વીરઃ કૌશિક પટેલ, મોડાસા)

હતા.

ચિઠોડા પાસે નદીના પુલ ઉપર સર્જાયેલા જીવલેણ અકસ્માતમાં મોતને ભેટેલા આ બંને યુવાનો ભાઈબીજના દિવસે બાઈક ઉપર ચિઠોડા નજીક હાથમતી નદીના પુલ ઉપરથી પાદર થઈ રહ્યા હતા ત્યારે એક ચાલકે પોતાના કબ્જાની કાર પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવીને આ બંને યુવાનોની બાઈકને ટક્કર મારતા ફરિયાદી ભીમાભાઈ ((રહે કારછા તા.ભિલોડા)ના દીકરા પીયુષ ભીમાભાઈ સવાભાઈ વાદી તથા રાહુલભાઈ શંકરભાઈ વાદી રહે.પરવઠ તા. વિજયનગરવાળાને શરીરે જીવલેણ ઈજાઓ થતા બંનેના મોત નિપજ્યા હતા અકસ્માત બાદ પોતાના કબજાની આ કાર સ્થળ ઉપર મુકી કાર ચાલકે નાસી જઈ ગુન્હો આચરતા ચિઠોડા પોલીસ સ્ટેશનને આ ચોક વિરુદ્ધ ગુનો નોંધી પીઆઈ એસ આર્મ લાસને નાસી છુટેલા કાર ચાલકને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે તપાસ હાથ ધરી છે

આ અકસ્માત ઉપરાંત અન્ય જુદા જુદા બે અકસ્માતમાં બે યુવાનોના મોત નિપજ્યા હતા જેમાં દિવાળીના દિવસે વિજયનગરના ખેરવાડા રોડ ઉપર બાઈક પરનો કાબૂ ગુમાવતાં રાજસ્થાનના યુવકનું ઘટના સ્થળે મોત થયું હતું જ્યારે નવા વર્ષના દિવસે આડા ખોખરા ગામની સીમમાં ઈકોકાર રોડની ખાઈમાં ખાબકતા ચાલકનું સારવાર દરમિયાન મોત થયું હતું અને અન્ય એકને ઈજા થઈ હતી.

# કુબેર ભંડારી કરનાલી મંદિરે આસો વદ દિવાળીની અમાસે ભક્તોએ શીશ ઝુકાવ્યું

(પ્રતિનિધિ)મોડાસા,

સુપ્રસિદ્ધ યાત્રાધામ અને વિશ્વના એક માત્ર કુબેર ભંડારી કરનારી મંદિરે આસો વદ અમાસ દિવાળીની અમાસે કુબેર દાદાના દર્શને લાખોની સંખ્યામાં ભાવિક ભક્તો ઊમટી પડ્યા હતા. ડભોઈ તાલુકાના મા નર્મદા નદીના કિનારે આવેલા યાત્રાધામ કરનાળી મંદિર કુબેર ભંડારી મંદિર ખાતે દર મહિનાની અમાસે લાખોની સંખ્યામાં ભક્તો દર્શન કરી ભોળાનાથની કૃપા મેળવતા હોય છે વિક્રમ સંવત ૨૦૮૦ ની છેલ્લી અમાસે ખૂબ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા કુબેર દાદા ના ગર્ભ ગૃહ ને ચલણી નોટોનો શણગાર કરવામાં આવ્યો હતો. ભાવિક ભક્તો દ્વારા રંગબેરંગી સાફો દાદા ને અર્પણ કરવામાં આવ્યા હતા.



ગુજરાતના વિવિધ જિલ્લાઓ ઉપરાંત પાડોશી રાજ્યો રાજસ્થાન મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાંથી પણ ખૂબ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ કુબેર દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી મંદિરના ટ્રસ્ટી શ્રી દિનેશગીરી મહારાજે સર્વ ભાવિક ભક્તોને દિપાવલીની શુભકામનાઓ પાઠવી હતી અને કુબેર દાદા ના ભક્તોને સુખ શાંતિ સમૃદ્ધિ અને સ્વસ્થ તંદુરસ્તી ની પ્રાર્થના કરી હતી. આ વર્ષને છેલ્લી અમાસે મંદિર પ્રશાસન દ્વારા મંદિરને રોશની થી શણગારવામાં આવ્યું હતું ભક્તો ની સલામતી માટે સિક્યુરિટી, અન્નક્ષેત્ર ભંડારો અને પાર્કિંગ જેવી મહત્વની સગવડો ઊભી કરવામાં આવી હતી ભાવિક ભક્તો સરળતાથી દર્શન કરી શકે તે માટે ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી કુબેર દાદાના દર્શન કરવા આવતા ભાવિક ભક્તો પણ દાદા ના શણગારના દર્શન કરી અભિભૂત થયા હતા મંદિર ટ્રસ્ટ મંડળ દ્વારા તબીબી સેવા અને એમ્બ્યુલન્સ સગવડ પણ ઊભી કરવામાં આવી હતી ચાંદોદ પોલીસ દ્વારા કાયદા અને વ્યવસ્થાની જાળવણી માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો પોલીસ સ્ટાફ અને હોમગાર્ડ જીઆરડીના જવાનો ખડે પગે રહી સેવાઓ બજાવી હતી.

# ગોધરામાં આગની ઘટનાથી નાસભાગ


(તસ્વીરઃ મનોજ મારવાડી, ગોધરા)

(પ્રતિનિધિ)ગોધરા,

ગતરોજ એટલે કે શનિવાર ના નવા વર્ષની વહેલી સવારે ગોધરા શહેરના બી વી ગાંધી પેટ્રોલ પંપની સામે આવેલ જુની અને જાણીતી સાયકલની દુકાન અને ગોડાઉનમાં આકસ્મિક રીતે આગ લાગતા અફડા તફડી મચી જવા પામી હતી.બનાવની જાણ થતા ફાયર બ્રિગેડ ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબુ મેળવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતો.

ગોધરા શહેર ના બી વી ગાંધી પેટ્રોલ પંપ ની સામે આવેલી સાયકલ દુકાન અને બાજુ આવેલ ગોડાઉનમાં ગત શનિવાર ની વહેલી સવાર ના ચાર વાગ્યાની અરસામા આકસ્મિક રીતે આગ લાગતાં લોકો મા અફડા તફડી મચી જવા પામી હતી.બીજી બાજુ આગે પોતાનું વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આજુબાજુમાં રહેતા લોકો મા ભયનો માહોલ સર્જાયો હતો.જોત જોતામાં આગ ના કારણે સાયકલો અને ટાયર સહિત અન્ય સરસામાન બળી ને ખાખ થઈ જવા પામ્યુ હતુ.. બનાવને લઈને ગોધરા એ ડિવિઝન ના પી.આઈ તેમજ પોલીસ સ્ટાફ અને એમજીવીસીએલ વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ ઉપર દોડી આવી હતી. આગે પોતાનું વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં વીજ પુરવઠો બંધ કરવાની ફરજ પડી હતી. હાલ તો ફાયર બ્રિગેડ ના જવાનો દ્વારા સાયકલની દુકાન અને ગોડાઉનમાં પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી. આગ ના બનાવને લઈને ગોડાઉનમાં પડી રહેલ સાયકલ અને ટાયરો સહિત અન્ય સર સામાન બળી જતા લાખોનું નુકસાન થવા પામ્યું હોવાનું અનુમાન જાણવા મળી રહ્યું છે.

# શંખવાડમાં ગાયની ચોરી કરી કતલ કરનાર ૬ ઈસમો ઝડપાયા

(પ્રતિનિધિ) ભરૂચ,

ભરૂચ તાલુકાના એકસાલ ગામના પશુપાલકની ગર્ભવતી ગાય અજાણયા ઈસમોએ ગાયને લઈ જઈ નજીકના શંખવાડ ગામની સીમમાં લઈ જઈ ગૌહત્યા કરનાર ૬ આરોપીઓને તાલુકા પોલીસની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અને આરોપી પાસેથી કતલ કરવાના હથિયારો પણ કબ્જે કર્યા હતા.ઘટનાના પગલે ગામમાં પણ અરેરાટી વ્યાપી ગઈ હોય તેમ ગામના ઘણા લોકો મકાન ને તાળાબંધી કરી રફુ ચક્કર થતા ગામ સુમસાન બન્યું હતું.

બનાવની મળતી માહિતી અનુસાર ભરૂચ તાલુકા પોલીસ મથકમાં ૧ લી નવેમ્બર ૨૦૨૪ માં કમલેશ બકોરભાઈ આહીરે ફરિયાદ આપી હતી કે ૩૦મી ઓકટોબરના રોજ તેમની એક કાળી સફેદ કલરની ગાય જેની કિંમત રૂ.૨૦ હજાર લઈને પાણીની નહેર ક્રોસ કરાવતા પગમાં ઈજા થતાં ગાયથી ચલાતુ ન હોય અને તે ગાભણી હોય જેથી એક્સલ ગામની સીમમાં ગુંદાના ઝાડ સાથે દોરડા વડે બાંધી હતી.ત્યાર બાદ બીજા દિવસે સવારે ત્યાં જતા તે મળી આવેલી ન હતી.જેની સીમમાં તથા સીમની આજુ બાજુ ગાયની શોધખોળ કરતા મળી ન હતી.આ જાણવા જોગ ફરિયાદને આધારે પીઆઈ


(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

પી.ડી.ઝણકાટે ગંભીરતાથી લઈને ટીમની મદદથી શોધખોળ શરુ કરી હતી.આ દરમ્યાન નજીકમાં લાગેલ સીસીટીવી કેમેરા ચેક કરતા ગાયને કેટલાક અજાણ્યા ઈસમો ગાયને લઈ જતા નજરે પડયા હતા.સીસીટીવીમાં દેખાતા ઈસમોની પૂછપરછ કરતા તેમને ગાયને શંખવાડ ગામના ખેતરમાં લઈ જઈ ગૌમાંસ વેચી નાખ્યું હોવાનું કબુલતા આખરે પોલીસે શંખવાડ ગામના શરીફ ઉર્ફે સરફરાજ ગુલામભાઈ મન્સુરી, વસીમ ઉસ્માન મન્સુરી,મુબારક હૈદર મન્સુરી, સોહેબ સોકત મન્સુરી, રિઝવાન અબ્દુલ મન્સુરી અને અજય ઉર્ફે બન્કી લક્ષ્મણભાઈ રાઠોડને ઝડપી પાડી કતલ કરવાના મોટા ૧ છરો, ૨ ચપ્પા,૧ કુહાડી,૧ નાનો છરો અને ૧ કાપવાના ગોળ લાકડાનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓની સામે વિવિધ કલમો લગાવી કાયદાનું ભાન કરાવ્યું હતુ અને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવાની કવાયત કરી હતી.

ઘટના બાદ એકસાલ ગામના સરપંચ સહીત હિન્દૂ સંગઠનો જયશ્રી રામના નારા સાથે મેદાનમાં ઉતર્યા હતા અને ગાયની કતલ કરનારાઓ ને ખુલ્લી ચીમકી આપી હતી કે હવે પછી આવી ઘટનાનું પુનરાવર્તન થશે તો જેવી રીતે ગાયનું કતલ થયું હશે તેવી હાલત કરવામાં આવશે તેવી ચીમકી સાથે સમગ્ર ઘટનામાં પોલીસની તપાસ બાદ પણ શંખવાડ ગામના ઘણા લોકો પોતાના મકાનોને તાળા બંધી કરી રફુ ચક્કર થઈ જતા સમગ્ર ગામ કર્ફ્યુમાં ફેરવાય ગયું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

# સારંગપુર ગામે હથીયારો સાથે પ્રદર્શન કરનારા ૮ સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) ભરૂચ,

અંકલેશ્વર પંથકના સારંગપુર ગામે સોસાયટીની બહાર જાહેરમાં હથિયારો સાથે કેટલાક તત્ત્વો પ્રદર્શન કરી રહ્યા હોય જે અંગેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા વીડિયોમાં દેખાતા ૮ લોકો સામે જાહેરમા ભંગનો ગુનો નોંધી કાયદાનો પાઠ ભણાવી ૬ લોકોની અટકાયત કરતા તમામ લોકોએ બે કાન પકડી માફી મંગાવાની નોબત આવી હતી.

ભરૂચ જીલ્લામાં સોશ્યલ મીડિયામાં હથિયાર પ્રદર્શન કરવાનો એક વિડીયો વાયરલ થયો હતો.આ વિડીયો અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકના એએસઆઈ દિનેશ માવજીના ધ્યાને આવતા પોતે ફરિયાદી બની વીડિયોની ખરાઈ કરતા વિડીયો અંકલેશ્વરના સારંગપુર ગામની આત્મીય સોસાયટી નજીકનો હોવાનું સામે આવ્યું હતું. જે બાદ વીડિયોમાં દેખાતા ઈસમોની ઓળખ કરવામાં આવતા ધવલભાઈ બચુભાઈ મુનીયા,રિતેશ ચંદ્રદેવ મહતો,અંકિતસિંગ સંતોષકુમાર સિંગ,આશિષ રામકૃષ્ણ પાટીલ,રાજેન્દ્ર મહેન્દ્રસિંહ



મહિડા,આદિત્ય વિવેકાનંદન કામેથ,પ્રિયાંક વસંત પરમાર,આયુષ સંજય ઢોલે તમામ રહે આત્મીય બંગ્લોઝ તથા શાંતિનગર -૨ તેમજ કૃષ્ણકુંજ સોસાયટીના રહીશો હોય જેમાં ૮ લોકોની ઓળખ થતા તમામને કાયદાનો પાઠ ભણવા માટે જાહેરનામા ભંગ નો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ૬ લોકોની ઘરપકડ કરી માફી માંગતા હોવાના વિડીયો પણ વાયરલ થયો હતો.જયારે પ્રિયાંક વસંત પરમાર અને આયુષ સંજય ઢોલે પોલીસ પકડથી દૂર રહેતા પોલીસ બંનેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જાહેરમાં હથિયારો સાથે પ્રદર્શન કરતા લોકો શું ખરેખર જાહેરનામાનો ભંગ કરવાના ઈરાદે ફરી રહ્યા હતા કે પછી મારમારી કરવાના ઈરાદે હથિયારો લઈને ફરી રહ્યા હતા તે પોલીસ માટે તપાસ નો વિષય બન્યો હતો.તો બીજી તરફ આ ઈસમો મારમારી કરવા હથિયારો લઈને ફરતા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું હતું.

# ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ટેબલ ટેનિસ હાઈ પરફોર્મન્સ કેમ્પ શરૂ

(પ્રતિનિધિ)સિલ્વાસા,

ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા રમતગમતના વિકાસ માટે ઘણા અસરકારક પગલાં લેવામાં આવ્યા છે. તેમના આ પ્રયાસોને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના માનનીય પ્રશાસક શ્રી પ્રફુલ્લ પટેલના સક્ષમ નેતૃત્વ અને સક્ષમ માર્ગદર્શન અને માર્ગદર્શન હેઠળ કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન દ્વારા સક્રિયપણે આગળ વધારવામાં આવી રહ્યા છે.રમતગમતના વિકાસ માટે કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન દ્વારા ઘણી મૂળભૂત માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવી છે. ખેલાડીઓને વધુ સારી અને ગુણવત્તાયુક્ત તાલીમ અને સાધનો પણ આપવામાં આવી રહ્યા છે. વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવતા પ્રયાસોનું પરિણામ છે કે રાજ્યના ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાએ વધુ સારું પ્રદર્શન કરીને રાજ્યનું નામ રોશન કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે માનનીય પ્રશાસક શ્રી પ્રફુલ્લ પટેલના સક્ષમ નેતૃત્વ અને યુવા કાર્યક્રમો અને રમતગમત વિભાગના સચિવ ડૉ. અરુણ ટી.ના માર્ગદર્શન હેઠળ અને વિભાગના નિયામક શ્રી અરુણ ગુપ્તાની મદદથી ૬૮મી અન્ડર-૧૭મી નેશનલ સ્કૂલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫નું




આયોજન ૧૭ નવેમ્બર ૨૦૨૪થી ૨૧ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન સરકારી પોલિટેકનિક કોલેજ, દાદરા અને નગર હવેલીના ઈન્ડોર સ્પોર્ટ્સ હોલમાં કરવામાં આવશે. આ સ્પર્ધામાં ૪૫ વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને એકમોના સ્પર્ધકો ભાગ લેશે.આ સંદર્ભમાં, રમતગમત અને યુવા બાબતોના વિભાગ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશના અન્ડર-૧૭ ટેબલ ટેનિસ માટે પસંદ કરાયેલા ખેલાડીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ઉચ્ચ પ્રદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર ૦૪ નવેમ્બર ૨૦૨૪ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪ સુધી આયોજિત કરવામાં આવી રહી છે, જેમાં ખેલાડીઓને ભારતીય ટેબલ ટેનિસ ટીમના કોચ અને કોમનવેલ્થ ગેમ્સ મેડલ વિજેતા મમતા પ્રભુ દ્વારા તાલીમ આપવામાં આવશે. આ ઉચ્ચ પ્રદર્શન શિબિરનું આયોજન ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર ખાતે નવનિર્મિત ટેબલ ટેનિસ હોલમાં કરવામાં આવી રહ્યું છે.ઉદ્ઘાટન પણ આજે આંતરરાષ્ટ્રીય ખેલાડી મમતા પ્રભુના હસ્તે કરવામાં આવ્યું હતું.આ ઉચ્ચ પ્રદર્શન શિબિરના આયોજક, યુવા કાર્યક્રમો અને રમતગમત વિભાગના અધિકારીશ્રી અક્ષયે જણાવ્યું હતું કે આ શિબિર કેન્દ્રશાસિત પ્રદેશમાં ટેબલ ટેનિસ રમતનું સ્તર વધારશે અને ખેલાડીઓનું મનોબળ વધારશે. આ પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં ખેલાડીઓ તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવને ગૌરવ અપાવશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

# વલસાડ ડાંગના સાંસદ ધવલભાઇ પટેલ સાપુતારાની મુલાકાતે


(તસ્વીરઃ અશોક જોષી)

(પ્રતિનિધિ)વલસાડ,

લોકસભાના દંડક તેમજ વલસાડ ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ દ્વારા સાપુતારા સર્કિટ હાઉસ ખાતે મૂળ આફ્રિકન પણ પેઢીઓથી ગુજરાતમાં વસતા સિદી સમાજના બાળકો કે જેઓ રમતગમત ક્ષેત્ર, ખેલકુદમાં પોતાના કૌશલ્ય વડે સમાજ અને સાપુતારાને ગૌરવ અપાવી રહ્યા છે તેમની મુલાકાત કરીને તેમને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવીને પ્રોત્સાહિત કર્યા.આ ઉપરાંત તેમની સમસ્યાઓ જાણીને તેના ત્વરિત નિરાકરણ માટે અધિકારીશ્રીઓને સૂચના આપી.આ પ્રસંગે પૂં સ્વામી જી, ડાંગ જીલ્લા મહામંત્રી શ્રી હરિરામભાઈ સાવંત, જીલ્લા સોશિયલ મીડિયા કન્વીનર શ્રી જીગરભાઈ પટેલ, સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# ટેલિગ્રામ મારફતે ટાઈમ જોબ અને ડબલ રૂપિયા આપવાના બહાને છેતરપિંડી

અમદાવાદ,

દિવસોને દિવસો સાયબર ફ્રોડના કિસ્સા વધી રહ્યા છે તેથી હવે શહેરના પોલીસ સ્ટેશનમાં પણ આ મામલે જૂની અરજીઓ પરથી ગુના નોંધવા ઉચ્ચ અધિકારીઓએ સૂચના આપી છે. એકતરફ સાયબર ક્રાઈમ સેલ પાસે તમામ ટેકનોલોજી અને સુવિધા છે પરંતુ પોલીસ સ્ટેશનમાં સાયબર ક્રાઈમના ગુનાના ભેદ ઉકેલવા માટે કોઈ વ્યવસ્થા ન હોવા છતાંય ગુના નોંધવાની ફરજ પડી છે. આ દરમિયાન ટેલિગ્રામ મારફતે બે યુવકો છેતરપિંડીનો ભોગ બન્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ઘાટલોડિયામાં રહેતો યુવક પાર્ટ ટાઈમ જોબના નામે ટાસ્ક પૂરા કરવાના કામમાં ફસાઈ જતાં ૨.૬૩ લાખ ગુમાવ્યા હતા. અન્ય યુવક ડબલ પૈસા મળવાની લાલચે ૯૯ હજાર રૂપિયા ગુમાવી બેઠો હતો. આ મામલે ઘાટલોડિયા અને વેજલપુર પોલીસે ગુનો નોંધ્યા છે.

ઘાટલોડિયામાં રહેતા તેજસભાઈ સોની એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. તા.૬ ઓક્ટોબરે ટેલિગ્રામ એપ્લિકેશન પર લકી શર્મા નામના વ્યક્તિએ તેમને પાર્ટ ટાઈમ જોબ માટેનો મેસેજ કર્યો હતો. તેજસભાઈએ પાર્ટ ટાઈમ જોબ માટે ઈચ્છા દર્શાવતા ગઠિયાએ એક લિંક મોકલી હતી જેમાં ૩૩ ટાસ્ક પૂરા કર્યા બાદ ૪૭૦ રૂપિયા કમિશન મળ્યું હતું.

તેજસભાઈનો ભરોસો આવતા તેમણે વધુ ૬૬ ટાસ્ક પૂરા કર્યા હતા. બાદમાં ગઠિયાઓએ કેટલીક રોકાણ કરવાથી સારું વળતર મળશે તેવી લોભામણી લાલચ આપી હતી. તેજસભાઈએ ૨૧,૮૭૯ રૂપિયા રોકાણ કરતા ગઠિયાઓએ ૨૬,૦૭૫ રૂપિયા આપ્યા હતા. બાદમાં ગઠિયાએ વધુ નાણાં ભરશો તો વધુ કમિશન મળશે તેવી લાલચ આપીને ૨.૬૩ લાખની છેતરપિંડી આચરી હતી. વેજલપુરના આશિષભાઈ શુકલાને ૧૭મી ઓકટોબરે ટેલિગ્રામ પર મેસેજ આવ્યો હતો. ગઠિયાએ પૈસા નાંખો અને ડબલ રકમ મેળવો તેવી લાલચ આપી હતી જેથી આશિષભાઈએ ૯૯,૩૮૫ ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં ગઠિયાએ વધુ ૪૫,૭૭૭ માંગત આશિષભાઈએ અગાઉની રકમના ડબલ નાણાં માંગ્યા હતા.

વેસ્ટર્ન ટાઇમ્સ ના વાચકો જોગ
અનોખી યોજના
શું તમે વેસ્ટર્ન ટાઇમ્સ છ મહિના માટે મેળવવા માગો છો ? તો નીચે લખેલા છેલ્લાં ૬ આંકડાવાળા નંબરવાળી રૂા. ૧૦ કે રૂા. ૨૦ની નોટ રૂબરૂ કાર્યાલયમાં જમા કરાવી તમારું નામ, સરનામું **સરક્યુલેશન વિભાગ**માં લખાવી ૬ મહિના સુધી વેસ્ટર્ન ટાઈમ્સ ઘેર બેઠા ટપાલથી મેળવો.
આજનો લકી નંબર | ૩૫૮ ૪૯૦
નોંધઃ આ યોજનામાં છપાયેલ નંબરવાળી નોટનો લાભ ફક્ત ૩ દિવસમાં જ મેળવવો. ત્યારબાદ સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહિં.

# દીપડાના હુમલામાં મૃતક મહિલાના પરિવારજનોને મળતા સાંસદ

(પ્રતિનિધિ)વલસાડ,

ધરમપુરના આંબતલાટ ગામમાં માનવભક્ષી દીપડાના હુમલા માં એક વૃદ્ધ મહિલાનું દુખદ અવસાન થયેલ હતું, આ ગંભીર ઘટના ના સમાચાર મળતા વધુ કોઈ જાનહાની ન થાય તે માટે લોકસભા ના દંડક તેમજ વલસાડ ના સાંસદ અને ધરમપુર ના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ દ્વારા તાત્કાલિક ધોરણે વનવિભાગને જાણ કરીને તથા સતત તેમના સંપર્કમાં રહીને દીપડાને પાંજરે પૂરવા માટે જરૂરી કાર્યવાહી કરી હતી.

માનનીય સાંસદશ્રી ધવલભાઈ પટેલ દ્વારા એમના ડાંગના પ્રવાસ ટુંકાવી ધરમપુર નાં આંબાતલાટ ખાતે માન. ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી મનહરભાઈ પટેલ તથા અન્ય પદાધિકારીઓ સાથે આંબાતલાટ પહોંચી મૃતક વૃદ્ધાના પરિવારને રૂબરૂ મળીને તેમને સાંત્વના આપી હતી.


(તસ્વીરઃ અશોક જોષી)

# લીંભોઈ બ્રહ્મસમાજ સ્નેહમિલન સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો


(તસ્વીરઃ કૌશિક પટેલ, મોડાસા)

(પ્રતિનિધિ)મોડાસા,

મોડાસા તાલુકાના લીંભોઈ બ્રહ્મ સમાજ નવા વર્ષમાં સમાજમાં નિવૃત થયેલા સમાજમાં વિવિધ જગ્યાએ સિદ્ધિ પ્રાપ્ત કરેલા સમાજના વ્યક્તિઓનો સન્માન સમારંભ સ્નેહમિલન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું. આપને સ્નેહ મિલન કાર્યક્રમ મોડાસા જીવદયા પ્રેમી નિલેશ જોશી ની અધ્યક્ષતામાં. દીપ પ્રાગટ્ય લીંભોઈ ગામ પૂર્વ સરપંચ હિતેન્દ્ર જોશી અતિથિ વિશેષ જિલ્લા પંચાયત પૂર્વ સદસ્ય ચિરાગ ઉપાધ્યા. ભાનુભાઈ જોશી. ની રાહબરી હેઠળ સમાજના વિવિધ વ્યકિતઓનું સન્માન કરવામાં આવ્યું આ કાર્યક્રમનું આયોજન બ્રહ્મ સમાજ પ્રમુખ ગિરીશ ઉપાધ્યાય. જયદેવપ્રસાદ જોશી સુનિલ જોશી .કમલેશ ત્રિવેદી દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## મોટી ઇસરોલમાં અડા આઠમ ચૌધરી સમાજનું નવા વર્ષનું સ્નેહ સંમેલન યોજાયું


(તસ્વીરઃ કૌશિક પટેલ, મોડાસા)

**(પ્રતિનિધિ) મોટી ઇસરોલ,** મોડાસા તાલુકાના મોટી ઈસરોલ ગામે અડા આઠમ ચૌધરી સમાજનું સેવા મંડળ(બાર ગામ)નું નવા વર્ષનું સ્નેહ સંમેલન યોજાયું હતું આ સમનેલનને રામદેવ ઉપાસક પૂ હીરાદાદા બાવજીએ દીપ પ્રગટાવીને ખુલ્લો મૂક્યો હતો

સંમેલનમમાં સમાજના તેજસ્વી તારલાઓ ,વિવિધ ક્ષેત્રમાંથી સેવા નિવૃત્ત થયેલા સમાજના ભાઈ-બહેનોનું , વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત ,સમાજ માટે આર્થિક ભારણ વેઠનાર પુરુષાર્થની પ્રતિમાઓ,સમાજના આગેવાનો અને પત્રકારોને ફૂલ છડી,શાલ અને શિલ્ડ આપી સન્માનિત કરાયા હતા.

મોટી ઈસરોલ ગામના યજમાન પદે યોજાયેલા આ સંમેલનમાં અડા આઠમ ચૌધરી સમાજના બાર ગામોમાંથી મોટી સંખ્યામાં સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે સમાજના અધ્યક્ષ વીશાભાઈ પટેલ,પ્રમુખ સદાભાઈ પટેલ,મંત્રી સવજીભાઈ પટેલ, સંકલન કન્વીનર પનાભાઈ પટેલ તથા સમાજના દરેક ગામના કન્વીનરો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ સમેલનને સફળ બનાવવા મોટી ઈસરોલના ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી

### દુબઈથી સોનું લાવે તો ટૂર પેકેજમાં રાહત આપી મુસાફરો લલચાવ્યા હતા

# પેસેન્જરોને કેરિયર બનાવી બે કરોડનું સોનું લાવનાર ટૂર ઓપરેટરના જામીન ફગાવ્યા

**અમદાવાદ,** ટૂર ઓપરેટર દ્વારા મુસાફરોને લોભામણી જાહેરાત આપીને સોનાની દાણચોરી કરાવવાના મામલે કસ્ટમ વિભાગે પકડેલા ટૂર ઓપરેટર પાર્થ દશરથભાઈ પટેલની જામીન અરજી એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સનત જે.પંચાલે ફગાવી દીધી છે. કોર્ટે નોંધ્યું હતું કે આરોપી કસ્ટમ ડ્યુટીની ચોરીનો પ્રાયમાફેસી કેસ છે. આરોપીએ સ્મગલિંગના ગુનામાં સક્રિય ભાગ ભજવ્યો છે. સ્મગલિંગનો ગુનો દેશની અર્થવ્યવસ્થા ઉપર વિપરીત અસર પડે તેમ છે. આ ઉપરાંત આરોપી સામેનો આ ગુનો દેશ વિરોધી ગુનો પણ ગણી શકાય તેમ છે. આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડાં થવાની શક્યતા નકારી શકાય નહીં. આર્થિક પ્રકારના ગુનાને અન્ય ગુનાઓ કરતાં જુદી રીતે મુલવવા જોઈએ. આવા પ્રકારના ગુનાને હળવાશથી લેવામાં આવે તો તેની ગંભીર અસર થાય તેમ છે જેથી ન્યાયના હિતમાં આરોપીને જામીન પર મુક્ત કરવા હિતાવહ નથી.

અમદાવાદથી દુબઈ ટૂરમાં લઈ ગયેલા મુસાફરોને સોનુ ભારતમાં લાવવાનું કહીને તેમને પેકેજમાં રાહતમાં રાહત આપવાનું કહ્યું હતું જેથી ૨૧ મુસાફરોએ કુલ ૨૩૨૩ ગ્રામ સોનુ અમદાવાદ એરપોર્ટ પર લાવતા અટકાવ્યા હતા. કસ્ટમ વિભાગે મુસાફરોની સઘન પૂછપરછ કરતાં સોનાનો જથ્થો અમારો નથી. આ સોનાનો જથ્થો ટૂર ઓપરેટરે આપ્યો હતો અને બદલામાં પેકેજમાં રાહત આપી હતી. એટલે સોનાનો જથ્થો અમે લાવ્યા હતા જેથી કસ્ટમ વિભાગે પાર્થ દશરથભાઈ પટેલની ધરપકડ કરીને જેલમાં મોકલી આપ્યો હતો. દરમિયાનમાં આરોપી પાર્થ પટેલે જામીન મેળવવા માટે અરજી કરી હતી જેમાં કસ્ટમના ખાસ એડવોકેટ સુધીર ગુપ્તાએ કોર્ટને જણાવ્યું હતું કે, આમ આરોપી સામે ગંભીર ગુનો છે. આરોપીએ દાણચોરોના ગુનામાં સક્રિય ભાગ ભજવ્યો છે. દાણચોરીના લીધે દેશની અર્થ વ્યવસ્થા ઉપર વિપરીત અસર પડે તેમ છે. આ ઉપરાંત આ ગુનો દેશ વિરોધી ગુનો પણ ગણી શકાય તેમ છે જેથી આરોપીની જામીન અરજી ફગાવી જોઈએ. ત્યારબાદ કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી દીધી છે.

# જલ ઉત્સવ અભિયાનના આયોજન અંગે કલેક્ટરની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ

**એસ્પિરેશનલ નર્મદા જિલ્લામાં તા.૦૬થી ૨૦મી નવેમ્બર-૨૦૨૪ દરમિયાન ૧૫ દિવસ સુધી જલ ઉત્સવ અભિયાન યોજાશે**

**(માહિતી) રાજપીપલા,** ભારત સરકારના નીતિ આયોગ દ્વારા દેશભરના એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ અને એસ્પિરેશનલ બ્લોકમાં તા.૦૬થી ૨૦મી નવેમ્બર-૨૦૨૪ દરમિયાન ૧૫ દિવસ સુધી જલ ઉત્સવ અભિયાન યોજાનાર છે. નર્મદા જિલ્લામાં થનારી ઉજવણીના આયોજન-અમલવારીની સમીક્ષા અર્થે જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.

જલ ઉત્સવ અભિયાનમાં જિલ્લાના નાગરિકો સક્રિય રીતે સહભાગી બને અને તેમનામાં જળ વ્યવસ્થાપન, જળ સંચય અને ટકાઉપણાના મહત્વ પ્રત્યે જાગૃતિ અને સંવેદનશીલતા કેળવાય તે માટે નક્કી કરાયેલા કાર્યક્રમો યોગ્ય રીતે થાય અને જનભાગીદારી વધે તે સુનિશ્ચિત કરવા જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદીએ બેઠકમાં ઉપસ્થિત સૌ અધિકારીશ્રીઓને સૂચનો સાથે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

એસ્પિરેશનલ નર્મદા જિલ્લામાં તા. ૦૬ નવેમ્બર-૨૦૨૪ને બુધવારના રોજ એસ્પિરેશનલ બ્લોક નાંદોદના જીતગઢ ગામેથી આ કાર્યક્રમનો પ્રારંભ થનાર છે. જલ ઉત્સવ અભિયાનનો મુખ્ય હેતુ પાણીને મુખ્ય અગ્રતા આપવા લોકોમાં જળ સંસાધનોના સંરક્ષણ પ્રત્યે જવાબદારીની ભાવના કેળવાય, દરેક પરિવારો, સ્થાનિક સમુદાયો તેમાં સ્વયંભૂ સામેલ થાય તેવો છે.

જલ ઉત્સવ અભિયાન અંતર્ગત સમગ્ર પખવાડિયા દરમિયાન જળ સંપદાઓ જેમકે તળાવો, કૂવા, નદીની સાફ-સફાઈ કરવી, જળ સંચય અંગેના શપથ લેવા, જળ ઉત્સવ રન(મેરેથોન), શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉજવણીમાં ભાગીદારી અંતર્ગત વિવિધ કાર્યક્રમો- સ્પર્ધાઓનું આયોજન કરવું, જળ સંચય દિવસ નિમિત્તે રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ અંગેની જન જાગૃતિ, વોટર મેનેજમેન્ટ, પીવાના પાણીની સપ્લાઈમાં લિકેજને રોકવા માટે ઝીરો લિકેજની કામગીરી, જળ સંચયમાં મહિલાઓની ભાગીદારી વધારવા સખી મંડળો સાથે વાર્તાલાપ, એક પેડ માં કે નામ, પાણી અને સ્વાસ્થ્ય અંગે વિવિધ તબક્કે કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે.

આ બેઠકમાં નાયબ વન સંરક્ષકશ્રી નિરજકુમાર, જિલ્લા આયોજન અધિકારીશ્રી, વાસ્મોના અધિકારીશ્રી વિનોદભાઈ પટેલ તેમજ સંબંધિત વિભાગોના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામીનના આદેશના છ મહિના પછી કોર્ટ બોન્ડ ભરવા માટે ના કહી શકે : સુપ્રીમ

**જો કોર્ટ કેસના ગુણ-દોષથી સંતુષ્ટ હોય તો જામીન આપવી જોઈએ કે કેસ ફગાવી દેવો જોઈએ**

**(એજન્સી) નવી દિલ્હી,** સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જામીનનો આદેશ પસાર થયાના છ મહિના પછી અદાલતો આરોપી પર જામીન બોન્ડ ભરવાની શરત લાદી શકે નહીં. જસ્ટિસ બેલા એમ.ત્રિવેદી અને સતીષ ચંદ્ર શર્માની બેન્ચે કહ્યું હતું કે જો કોર્ટ કેસની યોગ્યતાઓથી સંતુષ્ટ હોય તો તેણે કાં તો જામીન આપવા જોઈએ અથવા અરજી ફગાવી દેવી જોઈએ. સુપ્રીમ કોર્ટે ૨૪ ઓકટોબરે પટના હાઈકોર્ટના આદેશને પડકારનાર વ્યક્તિની અરજી પર વિચારણા કરી હતી. આ ક્રમમાં તેમને બિહાર પ્રતિબંધ અને આબકારી સુધારણા અધિનિયમ હેઠળ તેમની સામે નોંધાયેલ કેસમાં છ મહિના પછી જામીન બોન્ડ જમા કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ટ્રાયલ કોર્ટે આ વ્યક્તિને ૧૦,૦૦૦ રૂપિયાના બોન્ડ અને એટલી જ રકમની જામીન પર મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ કેસ અરજદારના વાહનમાંથી ૪૦ લીટર દેશી દારૂની કથિત રિકવરી સાથે સંબંધિત છે.

અરજીને ધ્યાનમાં લેતા સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોમાં હાઈકોર્ટ દ્વારા પસાર કરાયેલા કેટલાક આદેશોમાંથી આ એક છે જેમાં યોગ્યતાના આધારે કેસને નિર્ણય લીધા વિના, હાઈકોર્ટે વર્તમાન અરજદારને જામીન આપ્યા છે. એવી શરત કે જો અરજદાર-આરોપીએ હુકમ પસાર થયાના છ મહિના પછી જામીનના બોન્ડ ભરવાના રહેશે. તેમાં જણાવ્યું હતું કે, જામીન આપવાના આદેશનો અમલ શા માટે છ મહિના માટે મોકૂફ રાખવામાં આવ્યો તેનું કોઈ કારણ આપવામાં આવ્યું નથી. બેન્ચે કહ્યું હતું કે, અમારા મતે, કોઈપણ વ્યક્તિ/આરોપીને જામીન આપવા માટે આવી કોઈ શરત લાદી શકાય નહીં. સર્વોચ્ચ અદાલતે ઉચ્ચ ન્યાયાલયના આદેશને રદ કર્યો હતો અને ૧૧ નવેમ્બરે યોગ્યતા પર નવા નિર્ણય માટે મામલાને સંબંધિત કોર્ટ સમક્ષ સૂચિબદ્ધ કર્યો હતો.

# કેરળના એક ગામમાં જમીનમાં સતત વિસ્ફોટ જેવા અવાજ આવી રહ્યા છે

**સ્ટેટ ડિઝાસ્ટર ટીમની તપાસમાં ચોંકાવનારો ખુલાસો**

**માલ્લાપુરમ,** કેરળના માલ્લાપુરમ અનાકુલ્લુ ગામમાં સતત જમીનમાં વિસ્ફોટ જેવા અવાજ આવી રહ્યા છે જેના લીધે લોકોમાં ભયનો માહોલ છે. આ માટે કેરળ રાજ્ય સ્ટેટ ડિઝાસ્ટર ટીમને બોલાવવામાં આવી અને તપાસ કરતાં ચોંકાવનારો ખુલાસો થયો છે. જમીનની અંદરથી આવતા આ વિસ્ફોટોના અવાજ ગત મહિને ત્રણ વાર સંભળાયા હતા.

સઘન તપાસ બાદ જે ખુલાસો ગયો તે ચોંકાવનારો હતો. વિસ્ફોટ જેવો અવાજ જમીન નીચે પડેલા પથ્થરોમાંથી આવી રહ્યો હતો. તેના કારણે જ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. વાસ્તવમાં જમીનની નીચે પૃથ્વીના પોપડાના ભાગમાં પથ્થરો અને તિરાડોના ઘર્ષણને લીધે ધડાકાનો અવાજ આવી રહ્યો હતો અને કંપન અનુભવાયું હોવાનું સામે આવ્યું હતું.

ઘણીવાર ધરતીના પેટાળમાં ભૂગર્ભજળ સુકાઈ જવાને કારણે આવું થાય છે. ઘણી વખત હવાના દબાણનો કારણે ખડકો અને પથ્થરોની વચ્ચે જગ્યા ભરાઈ જાય છે. આવી જ એક ઘટના ઝારખંડની રાજધાની રાંચીમાં પણ બની હતી જ્યારે મ્યાનમારમાં આવેલા ભૂકંપના કારણે રાંચીના ટ્યુબવેલો ફંગોળાઈ ગઈ હતી. જેના કારણે હવાનું દબાણ બહાર આવ્યું હતું. આના લીધે લોકોએ જમીન પરથી વિસ્ફોટક અવાજે સાંભળ્યા હતા.

કેરળમાં કોઈ ભૂકંપ આવ્યો ન હતો પરંતુ ધરતીની નીચે પથ્થરો લપસી જવાને કારણે ટ્યુબવેલ સરકી ગઈ હતી તેમાં હાજર હવાનું દબાણ વિસ્ફોટના રૂપમાં બહાર આવ્યું હતું. કેરળ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું હતું કે, આ વિસ્ફોટો અને કંપનથી જે ઈમારતોને નુકસાન થયું છે તે નબળી અને જૂની છે. ઈમારતોને થયેલા નુકસાનની તપાસ કર્યા બાદ તેનું સમારકામ અનાકલ્લુ ગામમાંથી ૩૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

### બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે નિર્ણય લઈ જાહેરાત કરી

# રાજ્યભરના વકીલ મંડળોની ૨૦ ડિસેમ્બરે ચૂંટણી યોજવાનો નિર્ણય


**બીસીજી એસોસિએશન રૂલ્સ હેઠળ દર ડિસેમ્બરના ત્રીજા સપ્તાહે ચૂંટણી ફરજિયાત**

**અમદાવાદ,** ગુજરાત રાજ્યના તમામ ૨૭૫ વકીલમંડળો (બાર એસોસિએશન)ની ચૂંટણીની મહત્ત્વની જાહેરાત ગુજરાત બાર કાઉન્સિલ દ્વારા કરવામાં આવી છે. રાજ્યના વિવિધ વકીલમંડળોની ચૂંટણીને લઈ બાર કાઉન્સિલ દ્વારા ચૂંટણી કમિટીની રચના પણ કરવામાં આવી છે તો જે તે બાર એસોસિએશન દ્વારા આગામી દિવસોમાં ચૂંટણીને લઈ રિટનીંગ ઓફિસરની પણ નિયુક્તિની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આગામી તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ એકસાથે રાજ્યના તમામ ૨૭૫ વકીલમંડળોની ચૂંટણી યોજાશે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત એસોસિએશન રૂલ્સ ૨૦૧૫ હેઠળ દર ડિસેમ્બર માસમાં ત્રીજા સપ્તાહમાં યોજવાનું ફરજિયાત બનાવાયું છે. જે મુજબ રાજ્યના ૨૭૫ વકીલમંડળોના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ખજાનચી, લાઈબ્રેરી, સેક્રેટરી, મહિલા પ્રતિનિધિ, કારોબારી સભ્યોની તા.૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ચૂંટણી યોજાશે. જે અંગે બાર એસોસિએશને જાહેર કરી દેવાનું રહેશે તો ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રક ભરી દેવાના રહેશે. તા.૧૨ ડિસેમ્બર સુધીમાં ઉમેદવારી પત્રોની ચકાસણી અને પરત ખેંચી શકાશે. એ પછી ચૂંટણી પ્રચાર માટે વકીલઆલમને સમય આપવામાં આવશે. રાજ્યમાં હાલ ૧,૩૦,૦૦૦થી વધુ ધારાશાસ્ત્રીઓ નોંધાયેલા છે. આ વખતે વધુ ત્રણ નવા બાર એસોસિએશન ચૂંટણીમાં ઉમેરાયા છે. ગુજરાત બાર કાઉન્સિલ દ્વારા ચૂંટણી અંગેની જાહેરાત કરી દેવાતા દિવાળીના તહેવાર બાદ હવે રાજ્યની તમામ નીચલી કોર્ટોના વકીલમંડળોના વકીલોમાં ઉમેદવારની જાહેરાતથી લઈ પ્રચાર-પ્રસારની રણનીતિ અને મતદારોને આકર્ષવા, વકીલોની ગ્રુપ મીટિંગ, ડિનર ડિપ્લોમસી સહિતની પ્રક્રિયાનો ધમધમાટ શરૂ થશે.




## દીપિકા પાદુકોણ-રણવીર સિંહે બતાવી દીકરીની પહેલી ઝલક



રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ બોલિવૂડમાં ફેન્સના ફેવરિટ કપલ્સમાંથી એક છે. ૮મી સપ્ટેમ્બરે બંને એક દીકરીના માતા-પિતા બન્યા હતા. દિવાળીના શુભ અવસર પર પહેલી વખત આ કપલે સોશિયલ મીડિયા પર તેમની દીકરીનો ખૂબ જ ક્યૂટ ફોટો શેર કર્યો છે અને તેનું નામ પણ જાહેર કર્યુ છે.રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ તેમની દીકરીની પહેલી તસવીર ઈન્સ્ટાગ્રામમાં શેર કરી છે. આ ફોટોમાં દીકરીનું મો તો જોવા નથી મળી રહ્યું, પરંતુ તેના નાના-નાના પગ ખૂબ જ સુંદર લાગી રહ્યાં છે. ફોટોમાં તેમની લાડલી દીપિકાના ખોળામાં જોવા મળી. જેમાં મા અને દીકરી બંનેએ લાલ સૂટ પહેર્યું હતું.રણવીર-દીપિકાએ દીકરીની તસવીર શેર કરવાની સાથે દીકરીના નામનો પણ ખુલાસો કર્યો છે. જેમાં દીકરીનું નામ દુઆ પાદુકોણ સિંહ રાખ્યું છે. શેર કરવામાં આવેલી પોસ્ટના કેપ્શનમાં લખ્યું હતું કે, ‘દુઆ પાદુકોણ સિંહ, ‘દુઆ’ જેનો અર્થ થાય છે પ્રાર્થના... કારણ કે, તે અમારી પ્રાર્થનાનો જવાબ છે. અમારું હૃદય પ્રેમ અને કૃતજ્ઞતાથી ભરાઈ આવ્યું છે... દીપિકા અને રણવીર...’ઉલ્લેખનીય છે કે, દીપિકા પાદુકોણ કોંકણી છે અને રણવીર સિંહ સિંધી છે, તેઓએ પોતાની દીકરી માટે અરબી નામ પસંદ કર્યું છે. દુઆ એક એવો શબ્દ છે જે અરબી ભાષામાંથી આવ્યો છે. દુઆ એક સ્ત્રી નામ છે અને તેનો અર્થ પ્રાર્થના છે. તે એક સુંદર ધાર્મિક સંદર્ભ ધરાવે છે, જેમ કે ઈસ્લામમાં, તે ભગવાનને પ્રાર્થના કરવાનું કાર્ય છે. એટલું જ નહીં, પરંતુ દુઆનું મૂળ અલ્બેનિયામાં પણ છે, જ્યાં તેનો અર્થ ‘પ્રેમ‘ થાય છે.આ પોસ્ટ પર અનેક ફેન્સ પ્રેમ વરસાવી રહ્યાં છે. પોસ્ટને થોડા જ કલાકમાં લાખો લાઈક મળી છે. જ્યારે યુઝર્સની સાથે-સાથે સેલેબ્રિટી પણ આ તસવીર પર કોમેન્ટ કરી રહ્યાં છે. જેમાં આલિયા ભટ્ટે કોમેન્ટ કરીને કેટલાય રેડ હાર્ટ ઈમોજી કોમેન્ટ કર્યા છે.

## સોની લાઈવ દ્વારા ફ્રીડમ એટ મિડનાઈટનું ત્રીજું ટીઝર રજૂ કરાયું

ફ્રીડમ એટ મિડનાઈટનું બહુપ્રતિક્ષિત ટીઝર રજૂ કરાયું છે, જેમાં ઈતિહાસના મહત્ત્વપૂર્ણ અવસર દર્શાવવામાં આવ્યા છે, જેમાં મહાત્મા ગાંધી ભાગલા નિવારવા માટે છેલ્લા પ્રયાસરૂપે મહંમદ અલી ઝીણાને આગેવાનીનું પદ ઓફર કરવા સરદાર વલ્લભભાઈ પટેલને અનુરોધ કરે છે. ફ્રીડમ એટ મિડનાઈટ એપિક પોલિટિકલ થ્રિલર છે, જેમાં ૧૯૪૭માં ભારતીય આઝાદી આસપાસની નાટકીય અને વ્યાખ્યા કરતી ઘટનાઓને વૈવિધ્યપૂર્ણ રીતે મઢી લેવાઈ છે.




એમ્મે એન્ટરટેઈનમેન્ટ (મોનિશા અડવાણી અને મધુ ભોજવાની) દ્વારા સ્ટુડિયોનેક્સ્ટ સાથે સહયોગમાં નિર્માણ કરેલી ફ્રીડમ એટ મિડનાઈટમાં પડદા પાછળની ટીમ અદભુત છે. આ પ્રોડેક્ટના શોરનર અને ડાયરેક્ટર તરીકે નિખિલ અડવાણીએ સૂત્રો સંભાળ્યા છે ત્યારે વાર્તા અભિનંદન ગુપ્તા, અદ્વિતીય કરેંગ દાસ, ગુણદીપ કૌર, દિવ્યા નિધિ શર્મા, રેવંતા સારાભાઈ અને ઈથેન ટેલર સહિતની પ્રતિભાશાળી ટીમે લખી છે. લેરી કોલિન્સ અને ડોમિનિક લેપિયરના પુસ્તક પર આધારિત આ સિરીઝમાં ભારતના આઝાદી માટેના સંઘર્ષ આસપાસની ઊથલપાછળ મચાવી દેનારી ઘટનાઓમાં ઊંડાણથી ડોકિયું કરવામાં આવ્યું છે. સિરીઝમાં સિદ્ધાંત ગુપ્તા જવાહરલાલ નેહરુ તરીકે, ચિરાગ વોહરા મહાત્મા ગાંધી તરીકે, રાજેન્દ્ર ચાવલા સરદાર વલ્લભાઈ પટેલ, આરીફ ઝકરિયા મહંમદ અલી ઝીણા, ઈરા દુબે ફાતિમા ઝીણા, મલિશ્કા મેંડોંસા સરોજિની નાયડુ, રાજેશ કુમાર લિયાકત અલી ખાન, કેસી શંકર વી.પી. મેનન, લ્યુક મેકગિબ્ની લોર્ડ લુઈસ માઉન્ટબેટન, કોર્ડેલિયા બુગેજા લેડી એડવિના માઉન્ટબટન, અલીસ્ટેર ફિનલે આર્ચિબાલ્ડ વેવેલ, એન્ડ્ર્યુ ક્યુલમ ક્લેમેન્ટ એટલી અને રિચર્જ તેવરસન સિરિલ રેડક્લિફફ તરીકે મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

### વિવિધ સ્થળોએ વેન્ડર ઊભા કરી સરળ પ્રક્રિયાથી વાહનમાલિકોને ફાયદો

# આડેધડ લૂંટ રોકવા દરેક વાહન માટે સમગ્ર ભારતમાં હવે એક જ ભાવે એચએસઆરપી મળશે

**અમદાવાદ,** નવા કે જૂના વાહનોમાં હાઈ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચએસઆરપી) મેળવવાથી લઈ વધુ ભાવ લેવાતો હોવાનો હાલ કકળાટ ચાલે છે. આ કકળાટ દૂર કરી એચએસઆરપી માટે વિવિધ સ્થળોએ વેન્ડરો ઊભા કરી એકદમ સરળ સિસ્ટમ આવી રહી છે.

વાહન માલિકોને સમગ્ર ભારતમાં એક જ ભાવે નંબર પ્લેટ મળે તેવી સરકાર દ્વારા વ્યવસ્થા ઊભી કરવા આયોજન કરાયું છે. સિયામ નામની કંપની એસોસિએશને કોન્ટ્રાક્ટ અપાઈ રહ્યો છે જે આખા દેશમાં વિવિધ સ્થળોએ વેન્ડરો ઊભા કરશે. નવી વ્યવસ્થાથી નવા વાહનની સાથે જૂના વાહન માલિકોને પણ ડિલરો સમક્ષ ધક્કો ખાવાની જરૂર નહીં પડે. આધેધૂડ લૂંટ પણ બંધ થશે. સમય અને નાણાંની બચત થશે. સરકાર દ્વારા નિક્કી સિયામ કંપની એસોસિએશન ખુદ પોતાની વેબસાઈટ બનાવી તેમાં ઈચ્છુક વાહન ડિલર અને તે સિવાય વેન્ડરોને પણ સભ્યો બનાવી આખી ચેઈન સિસ્ટમ ઊભી કરશે. વાહન માલિકને વેબસાઈટ પરથી વિવિધ પ્રકારના વાહનના એચએસઆરપીના ભાવ મળી રહેશે. જૂના વાહનની કંપની કે ડિલર બંધ થઈ ગયા હોય તેવી સ્થિતિમાં એચએસઆરપી નહીં મળવાની ચિંતા પર દૂર થઈ જશે. આ વેબસાઈટ પરથી જૂના દરેક વાહનની એચએસઆરપી મેળવી શકાશે. હોમ ડિલિવરીની પણ વ્યવસ્થા હશે જેનો ચાર્જ પણ નક્કી કરેલો હશે.

# ગલ્લા પર બેઠેલ મહિલા પર હુમલો કરનાર બે ઈસમો ઝડપાયા


(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ) ભરૂચ,** ભરૂચ જીલ્લાના ઝઘડિયા તાલુકાના નાનાસાંજા ત્રણ રસ્તા નજીક ગલ્લા પર બેઠેલ એક મહિલા પર હુમલો કરવાના ગુના હેઠળ ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને ઝઘડિયા પોલીસની ટીમે બે ઈસમોને ઝડપી લઈને અન્ય એકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

ઘટનાની વિગતો જોતા તા.૩૧-૧૦-૨૦૨૪ ના રોજ બપોરના ચાર વાગ્યાના અરસામાં ગુમાનદેવ-નાના સાંજા ત્રણ રસ્તા ખાતે એક ગલ્લા પર ગલ્લો ચલાવતા અનીતાબેન યોગેશભાઈ પટેલ રહે.બોરીદ્રા તા.ઝઘડિયાના પાસે કોઈ અજાણ્યા ઈસમે ગલ્લા પર આવી સીગારેટ માંગેલ ત્યાર બાદ સતત બે કલાક સુધી ગલ્લા પર સીગારેટ પીધેલ અને મોકો જોઈને મહિલાની એકલતાનો લાભ લઈ સદર અજાણ્યા ઈસમે ચાકુ જેવા તીક્ષ્ણ હથિયારથી ત્રણ જેટલા ઘા મારીને અનીતાબેન પર હુમલો કરીને ઈજા પહોંચાડી હતી.ખૂન કરવાના ઈરાદે ગંભીર ઈજા પહોચાડેલ ત્યાર બાદ ઝઘડિયા પોલીસ મથક ખાતે ખૂન કરવાના ઈરાદે હુમલો કરાયો હોવ?ાની ફરીયાદ નોંધાયેલ હતી.આ બનાવની ગંભીરતા જોતા ઉચ્ચ અધિકારીઓ દ્વારા ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસને આ ગુનાનો ભેદ ઉકેલવા સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ,તેના અનુસંધાને ભરૂચ એલસીબી પીઆઈ એમ.પી.વાળા તથા એલસીબી ઈ.ચા.પીઆઈ વી.બી.બારડની સુચના મુજબ એલસીબી પીએસઆઈ એમ.એમ રાઠોડ દ્વારા ટીમ બનાવી આ ગુનાનો ભેદ ઉકેલવા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા.તપાસ દરમ્યાન સદર હુમલામાં મહિલાના પતિ યોગેશભાઈ પટેલની સંડોવણી હોવાનું જણાતા યોગેશભાઈ પટેલને ઝઘડિયા પોલીસ મથક ખાતે બોલાવીને પુછપરછ કરતા તે ભાંગી પડેલ અને કબૂલાત આપેલ કે સદર ઈજા પામનાર તેમની પત્ની અનીતાબેન પટેલ ઘણા સમયથી તેમને ત્રાસ આપતા હોવાથી તેમનું ખૂન કરવા માટે મિત્રો કુળવેશભાઈ ઉર્ફે કાલુ પ્રવીણભાઈ વસાવા રહે.ઝઘડિયા તથા કીરણભાઈ વસાવા રહે.લિમોદરા તા.ઝઘડિયાનાને કહેલ કે અનીતાના ત્રાસથી પોતે કંટાળી ગયેલ હોઈ તેને પતાવી દેવાની છે,પરંતુ આ કામને અંજામ આપતા સમયે તેને પહેરેલ ચેઈન અથવા અન્ય કોઈ દાગીના હોય તે લઈ લેવા,જેથી લૂંટ કરવાના ઈરાદાથી હત્યા થઈ હોવાનું જણાય.ત્યાર બાદ આ લોકો છેલ્લા પંદર દીવસથી પ્રયત્ન કરતા હતા દિવાળીનો તહેવાર હોવાથી નાના સાંજા ત્રણ રસ્તા ખાતે વાહનોની અવર જવર ઓછી હોઈ મોકો જોઈને ઉપરોકત ત્રણેય આરોપીઓએ મહિલા પર હુમલો કરવાનું નક્કી કર્યું હતું.ત્યાર બાદ બપોરના બે વાગ્યાના સમય દરમ્યાન યોગેશ પટેલની મોપેડ લઈને કુળવેશ ઉર્ફે કાલુ વસાવા તથા કીરણ વસાવા નિકળ્યા હતા અને રસ્તામાં કિરણ વસાવા ઉતારી દીધેલ ત્યાંથી ચાલતો-ચાલતો નાના સાંજા ત્રણ રસ્તા ખાતે ગલ્લા પર આવી સદર મહિલા પાસે વારંવાર સિગારેટ માંગી મોકો જોઈને તીક્ષ્ણ હથિયારથી હુમલો કરેલ પરંતુ ઈજાગ્રસ્ત મહિલાના શરીર માંથી વધારે લોહી નીકળતું જોઈને કીરણ વસાવા ગભરાઈ ગયો હતો અને પકડાઈ જવાની બીકથી કરેલ પ્લાન મુજબ લૂંટ કરવાનુ ભૂલી ગયેલ અને જલ્દીથી સ્થળ પરથી ભાગી ગયેલ.ત્યાર બાદ યોગેશ પટેલ કોઈને શક ના પડે તે માટે સ્થળ પર આવીને ઈજાગ્રસ્ત અનીતાબેનની સાથે સિવિલ હોસ્પીટલ ભરૂચ ખાતે ગયા હતા.પરંતુ સદનસીબે અનીતાબેનનો જીવ બચી ગયેલ હતો.સદર ગુના બાબતે ભરૂચ એલસીબી અને ઝઘડિયા પોલીસની ટીમે બે ઈસમો યોગેન્દ્રાભાઈ ઉર્ફે યોગેશ ડાહ્યાભાઈ પટેલ રહે.પટેલ ફળિયું બોરીદ્રા તા.ઝઘડિયા અને કુળવેશભાઈ ઉર્ફે કાલુ પ્રવીણભાઈ વસાવા રહે. ઝઘડિયાનાને ઝડપી લઈને કિરણભાઈ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.પોલીસે આ ગુના હેઠળ બે નંગ મોબાઈલ, મોપેડ - સ્કુટી નંગ ૨ કબ્જે લીધું હતું.

## અફઘાન મહિલાઓને મોટા અવાજે પ્રાર્થના કરવા પર પ્રતિબંધ

**ઈસ્લામાબાદ,** તાલિબાનોએ અફઘાનિસ્તાનમાં મહિલાઓ માટે વધુ એક નવું ફરમાન જારી કર્યું છે. અફઘાન મહિલાઓ માટે મોટેથી પ્રાર્થના કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તાલિબાનના મંત્રી મોહમ્મદ ખાલિદ હનાફીએ આ આદેશ જારી કર્યો છે. તેમણે કહ્યું કે, મહિલાઓએ કુરાનની આયતોનું એટલા નીચા અવાજે પઠન કરવું પડશે કે તેમની બાજુમાં બેસેલી અન્ય મહિલા પણ તેને સાંભળી શકે નહીં. હનાફીએ કહ્યું હતું કે, મહિલાઓને તકબીર કે અઝાન વાંચવાની મંજૂરી નથી. તેથી તેઓ ગીતો ગાઈ શકતી નથી કે સંગીત સાંભળી શકતી નથી. હનાફીએ કહ્યું હતું કે, મહિલાઓનો અવાજ ઓરાહ છે એટલે કે તેને છુપાવવું જરૂરી હોય છે.


### માવઠાથી ૧૦ વીઘામાં વાવેલી મગફળી ધોવાઈ ગઈ હતી

# કેશોદમાં પાક નિષ્ફળ જતાં ચાર દીકરીના પિતાએ ફાંસો ખાધો

**જૂનાગઢ,** કમોસમી વરસાદે હજારો ખેડૂતોની આર્થિક સ્થિતિ કફોડી બનાવી દીધી છે. જેનો ભોગ બનેલા કેશોદના શેરગઢ ગામના ચાર દીકરીના પિતા એવા ખેડૂતે ગતરાતે વાડીએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધાનું સામે આવ્યું છે. કેશોદના શેરગઢ ગામમાં રહેતા દાનાભાઈ નાથાભાઈ બાબરિયા ઉ.વ.૪૮ એ ગત રાતે વાઠીએ લીમડાના ઝાડ સાથે દોરી બાંધીને ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. તેમના નાના ભાઈ કિશનભાઈ નાથાભાઈ બાબરિયાએ જણાવ્યું કે, તેમના મોટાભાઈએ ૧૦ વીઘા જમીનમાં મગફળીનું વાવેતર કર્યું હતું. પરંતુ કમોસમી વરસાદમાં તેનો તમામ પાક નિષ્ફળ ધોવાઈ ગયો અને પાક નિષ્ફળ જતાં લાખોના ખર્ચા પછીએ હાથમાં કાંઈ આવે તેમ ન હોવાથી દાનાભાઈ છેલ્લા૧૦ દિવસથી ગુમસુમ રહેતા હતા. તેવામાં પરિવારમાં તેને ચાર દીકરીઓની જવાબદારી હોવાથી અને આર્થિક રીતે સ્થિતિ કફોડી બનતા અંતે ગતરાતે તેમના ભાઈએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. દિવાળીની રાતે જ બનેલી ઘટનાથી હાલ તો ખેડૂત પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને ચાર-ચાર દીકરીઓ પિતા વિહોણી બની જતાં નાના એવા ગામમાં ગમગીની ફેલાઈ જવા પામી છે.

## જાગૃતિ-ઇક નયી સુબહ: અસ્મી દેવ પ્રાણીઓ પ્રત્યેના પ્રેમ વિશે વાત કરે છે

ઝી ટીવીના નવા શો જાગૃતી- ઈક નયી સુબહમાં ૭ વર્ષની અસ્મી દેવ મુખ્ય પાત્ર, જાગૃતિ તરીકે જોવા મળી રહી છે, જે હાલમાં તેના ‘ચિત્તા’ સમુદાયની સ્વતંત્રતા, શિક્ષણ અને ન્યાય માટે લડી રહી છે. પણ, અસ્મીના પાત્રમાં ઊંડાણ લાવ્યું છે, તેનો પ્રાણી પ્રત્યેનો વાસ્તવિક પ્રેમ. તેનું પાત્ર જેમ અબોલા માટે લડી રહ્યું છે, તેમ અસ્મી પણ એવા લોકોનું રક્ષણ કરવા માટે ઉત્સાહી છે, જે પોતાના માટે નથી બોલી શકતા અને તેમને ઘણીવાર તે આસપાસના પ્રાણીઓની સંભાળ રાખવામાં પોતાનો સમય વિતાવે છે.



અસ્મી, જે એક નાનકડી જુસ્સાદાર છોકરી છે, પ્રાણીઓ સાથેનું તેનું જોડાણ તેના પાત્રનો એક ભાગ નથી, પણ તેના વ્યક્તિત્વને વિસ્તૃત કરે છે. અસ્મી કહે છે, “મને બધા જ પ્રાણીઓ ખૂબ જ ગમે છે. જ્યારે મને આ પાત્ર ઓફર થયું ત્યારે હું સેટ પર પણ પ્રાણીઓ સાથે સમય વિતાવવા ખૂબ જ ઉત્સાહિત હતી. શોટની વચ્ચે, મને કૂતરા, બિલાડા અને સસલાની સાથે રમવું ખૂબ જ ગમે છે અને તેમનું ધ્યાન રાખવાથી તેમના માટે કંઈક અલગ કરી રહી હોવાની લાગણી અનુભવું છું. તો હાલમાં તો મને એવું લાગે છે કે, આ પાત્ર દ્વારા હું મારું સપનું જીવું છું. જે લોકો પોતાની માટે બોલી નથી શકતા તેવા લોકોની સ્વતંત્રતા તથા રક્ષણ માટે મારું પાત્ર લડી રહ્યું ત્યારે હું વાસ્તવિક જીવનમાં પણ આ જ કરવા પ્રયત્ન કરી રહી છું.’’ તેની કુદરતી સહાનુભૂતિ અને સમર્પણ સાથે, અસ્મી જાગૃતિની સફરમાં એક અધિકૃતતા લાવી છે, તેના લીધે તે તમામ ઊંમરના પ્રેક્ષકો માટે સંબંધિત અને પ્રેરણાદાયી વ્યક્તિ બનાવે છે. તેની ભૂમિકા દ્વારા, અસ્મીનું પાત્ર ફક્ત અન્ય લોકો માટે જ નહીં પણ તમામ જીવો માટે કરુણાના મહત્વને વધુ મજબૂત કરે છે.

# રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ ઝુંબેશ ૩.૦-વર્ષ ૨૦૨૪માં અમદાવાદમાં કેમ્પનું આયોજન

**અમદાવાદ,**
પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગ, કર્મચારી મંત્રાલય, જાહેર ફરિયાદ અને પેન્શન, ભારત સરકાર, કેન્દ્ર સરકારના પેન્શનરો માટે ડિજિટલ લાઈફ પ્રમાણપત્ર સબમિટ કરવા માટે ફેસ ઓથેન્ટિકેશન ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે નવેમ્બર, ૨૦૨૪માં રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (ડ્ન્ઝ) ઝુંબેશ ૩.૦ છે. આયોજન કરવામાં આવી રહ્યું છે. ફેસ ઓથેન્ટિકેશન ટેક્નોલોજી એક એવી ટેક્નોલોજી છે જેના દ્વારા પેન્શનર્સ કોઈ પણ એન્ડ્રોઈડ સ્માર્ટફોનથી તેમનું ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ સબમિટ કરી શકે છે.

અગાઉ, પેન્શનરોએ તેમના જીવન પ્રમાણપત્રો સબમિટ કરવા માટે પેન્શન વિતરણ અધિકારીઓનો વ્યક્તિગત રીતે સંપર્ક કરવો પડતો હતો, જેના કારણે પેન્શનરો, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોને ઘણી અસુવિધા થતી હતી, કારણ કે તેમને લાંબા સમય સુધી લાંબી કતારોમાં રાહ જોવી પડતી હતી. પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગે વર્ષ ૨૦૧૪માં ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (જીવન પ્રમાણ) અને નવેમ્બર, ૨૦૨૧માં ફેસ ઓથેન્ટિકેશન ટેક્નોલોજી શરૂ કરી હતી. આ પ્રગતિએ અન્ય બાહ્ય બાયોમેટ્રિક ઉપકરણોની જરૂરિયાતને દૂર કરીને જીવન પ્રમાણપત્ર સબમિટ કરવાની પ્રક્રિયાને સરળ બનાવી.

વિભાગે વર્ષ ૨૦૨૨માં દેશભરના ૩૭ શહેરોમાં રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ હાથ ધરી હતી, જેમાં ૧.૪૧ કરોડથી વધુ ડ્ન્ઝ જનરેટ થયા હતા. ૧૦૦ શહેરોને આવરી લેતા, નવેમ્બર, ૨૦૨૩માં યોજાયેલા ડ્ન્ઝ ઝુંબેશ ૨.૦માં અંદાજે ૧.૪૭ કરોડ ડ્ન્ઝ જનરેટ થયા હતા. આ વર્ષે, ડ્ન્ઝ ઝુંબેશ ૩.૦ (૧ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન)માં, દેશભરના ૮૦૦ શહેરો/જિલ્લાઓમાં શિબિરોનું આયોજન કરવામાં આવશે. તમામ બેંકો, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક, પેન્શનર્સ વેલ્ફેર એસોસિએશન, ઢ્છૈં, સંરક્ષણ મંત્રાલય, રેલ્વે મંત્રાલય અને ટેલિકોમ્યુનિકેશન વિભાગ આ અભિયાનમાં મહત્વની ભૂમિકા ભજવશે. પેન્શનરોને તેમના જીવન પ્રમાણને ડિજિટલ રીતે સબમિટ કરવામાં મદદ કરવા માટે દેશના વિવિધ શહેરોમાં વિવિધ સ્થળોએ શિબિરોનું આયોજન કરવામાં આવશે, અને વૃદ્ધો અને વિકલાંગ પેન્શનરોના ઘરે જઈને તેમને તેમના ડ્ન્ઝ સબમિટ કરવામાં મદદ કરવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે. આ ઝુંબેશનો સોશિયલ મીડિયા પર પણ પ્રચાર કરવામાં આવશે, જેનું ડીએલસી પોર્ટલ દ્વારા વિભાગ દ્વારા દેખરેખ રાખવામાં આવશે.

આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય વયોવૃદ્ધ પેન્શનરો અથવા દૂરના વિસ્તારોમાં રહેતા લોકો સુધી પહોંચવાનો છે જેથી તેઓ પણ આ ટેક્નોલોજીથી માહિતગાર થઈ શકે અને તેનો લાભ મેળવી શકે.

વર્ષ ૨૦૨૪માં ગુજરાતના અમદાવાદમાં કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. બેંક ઓફ મહારાષ્ટ્ર દ્વારા અમદાવાદ શહેરમાં નરોડા, નારોલ, સાઉથબોપલ, ઘાટલોડિયા અને ચાંદખેડા જેવા અનેક સ્થળોએ આ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક દ્વારા જીપીઓ લાલ દરવાજા, નવરંગપુરા પો.સ્ટે અને માણેકબાગ પો.સ્ટે. ખાતે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગના અન્ડર સેક્રેટરી શ્રીમતી મધુ માનકટીયા, ૦૭.૧૧.૨૦૨૪ ના રોજ પેન્શનરોને જીવન પ્રમાણપત્ર સબમિટ કરવા માટે ફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજી વિશે માર્ગદર્શન આપવા માટે આ શિબિરોની મુલાકાત લેશે. ઢ્છૈં આ શિબિરોમાં પેન્શનરોના આધાર રેકોર્ડને અપડેટ કરવામાં અને ડ્ન્ઝ જનરેશનમાં ટેકનિકલ સમસ્યાઓનું નિરાકરણ કરવામાં મદદ કરશે.

# શહેરમાં પાંચ દિવસમાં ચાર હત્યાથી સન્નાટો

## નરાધમ પિતાએ દીકરીને ધનતેરસના દિવસે મોતને ઘાટ ઉતારી દીધી

**(એજન્સી)અમદાવાદ,**
દિવાળી લોકો ધામધૂમથી ઉજવી રહ્યા હતા ત્યારે કેટલીક જગ્યાએ લોહિયાળ ખેલ ખેલાતા પોલીસ દોડતી થઈ હતી. ધનતેરસથી લઈને ભાઈબીજ સુધી શહેરમાં ચાર હત્યાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી. સિવિલ હોસ્પિટલમાં છરીના ઘા ઝીંકીને યુવકને મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. આ ઘટના બનતા સિવિલ હોસ્પિટલ કેટલી સુરક્ષિત છે. તેનો પર્દાફાશ થયો છે. શહેરના પૂર્વ વિસ્તારમાં દિવાળીના તહેવારોમાં ચાર હત્યાની ઘટના બની છે. જેમાં એક બાળકી સહિત ચાર લોકોની હત્યા થઈ છે જ્યારે ત્રણથી વધુ લોકો ઘાયલ થયા છે.

શહેરના ખોખરા વિસ્તારમાં પૂજાલાલની ચાલી તથા જયંતી વકીલની ચાલીમાં બે મહિના પહેલાં થયેલા મનદુઃખમાં અજય મકવાણા નામના યુવકની હત્યા કરવામાં આવી હતી. બે મહિના પહેલાં રિક્ષાચાલકને સૂચિત મરાઠી સહિતના લોકો સાથે તકરાર થઈ હતી જેમાં રિક્ષાચાલકને અજય મકવાણા અને તેના ભાઈએ બચાવ્યો હતો. આ બાબતની અદાવત રાખીને સૂચિત મરાઠી સહિતના લોકો ઘાટ ઘડીને બેઠા હતા. અજય મકવાણા પર હુમલો કરવાના ઈરાદો રાખીને સૂચિત મરાઠી, પપ્પુ મરાઠી, સિંધુ મરાઠી અને પિયુષ મરાઠી સહિતના લોકો ઘાટ ઘડીને બેઠા હતા. અજય મકવાણા પર હુમલો કરવાના ઈરાદો રાખીને સૂચિત મરાઠી, પપ્પુ મરાઠી, સિંધુ મરાઠી અને પિયુષ મરાઠીએ હુમલો કર્યો હતો. હુમલા બાદ અજયને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. હુમલાની આ ઘટનામાં પણ સૂચિતને ગંભીર ઈજા થઈ હતી જ્યાં તેને પણ સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. ખોખરા પોલીસે આ મામલે સામસામે ગુનો નોંધ્યો છે. અજયના હત્યા કેસમાં સૂચિત મરાઠી સહિતના લોકો વિરૂદ્ધ ગુનો નોંધાયો છે. જ્યારે સૂચિત પર હુમલા મામલે અજય, તેનો ભાઈ મેહુલ અને અન્ય એક વિરૂદ્ધ ગુનો નોંધાયો છે.

રખિયાલ વિસ્તારમાં આવેલા પ્રગતિ એસ્ટેટમાં રહેતી અને મૂળ કર્ણાટકના બાસો ગામમાં રહેતી ઉજમાબાનુ પઠાણે રખિયાલ પોલીસ સ્ટેશનમાં પરવેઝ ઈરશાદ અહેમદ શેખ વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી હતી. ઉઝમાબાનુ તેના પતિ નૂરખાન પઠાણ તેમજ બે બાળકો સાથે રહેતા હતા. નૂરખાનના સ્ટીલના કારખાનામાં પરવેઝ ઈરશાદ નામનો યુવક કામ કરતો હતો. પરવેઝ અવારનવાર નૂરખાનને સ્ટીલનું કારખાના શરૂ કરવાનો કહેતો હતો. પરવેઝની વાત માનીને નૂરખાને તેના કારખાનાના પહેલાં માળે સ્ટીલની બટર ફલાયની ડિઝાઈન બનાવવાનું કારખાનું ખોલીને આપ્યું હતું. નૂરખાને સાત લાખ રૂપિયા ખર્ચીને મશીનરી વસાવી હતી અને પરવેઝને કારખાનું ચાલુ કરાવી દીધું હતું. પરવેઝે કારખાનું ચાલુ થાય તે પહેલાં નૂરખાનને પ્રોમિસ કર્યું હતું કે જે ખર્ચો થયો છે તે મહિને મહિને હપ્તાથી રૂપિયા આપીને ચૂકવી દઈશ. પરવેઝે મહિને મહિને હપ્તા તરીકેના રૂપિયા નૂરખાનને આપવાના બંધ કરી દીધા હતા જેના કારણે બન્ને વચ્ચે અનેક વખત બોલાચાલી ઝઘડો પણ થતો હતો. ધનતેરસના દિવસે ઉઝમાબાનુની નજર સામે જ પરવેઝે નૂરખાનના માથામાં હથોડી મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

રામોલ વિસ્તારમાં આવેલી વિનાયક પાર્ક સોસાયટીમાં રત્નકલાકાર દિલીપ કુશવાહે તેની પત્ની અને પાંચ વર્ષની દીકરી પર પરિવારમાં ચાલતા કંકાસને લઈને વહેલી સવારે ઘાતક હુમલો કર્યો હતો. પોતાના ઘરથી દૂર હીરાના કારખાનામાં જ રહેતો દિલીપકુમાર ધનતેરસના દિવસે વહેલી સવારે ઘરે આવ્યો હતો અને હુમલાની ઘટનાને અંજામ આપ્યો હતો. દિલીપ કુશવાહે તેની પત્ની આશા અને દીકરી ધરા પર પાઈપ અને પથ્થરથી જીવલેણ હુમલો કર્યો હતો જેમાં ધરાનું ઘટનાસ્થળે મોત થયું હતું જ્યારે આશાની હાલત નાજુક હતી. રામોલ પોલીસે દિલીપ કુશવાહ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

નરોડામાં આવેલા પ્રેમનગરમાં રહેતા બીટીદેવીએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમના પતિ કાલુપુર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ પર કેન્ટીનમાં નોકરી કરે છે. તેમના બે દિકરા છે જેમાં મોટો દિકરો બિપીન અને નાનો દિકરો આલોક છે. ૧લી ઓકટોબરની રાતે આઠ વાગ્યે બીટીદેવીના પાડોશીઓએ જણાવ્યું હતું કે, આલોકને કોઈની સાથે ઝઘડો થયો છે. બીટીદેવી ઘરની બહાર નીકળ્યા ત્યારે આલોક સાથે ગોલુ તોમર, ગોપાલ તોમર, ગપ્પુ બાબા તેનો ભાઈ અઈને અન્ય ત્રણ ચાર માણસો બોલાચાલી કરીને તકરાર કરી રહ્યા હતા. બીટીદેવી આલોકને લઈને ઘરમાં આવ્યા અને જમવા માટે બેઠા હતા. ત્યારે અચાનક આ તમામ લોકો હાથમાં અલગ અલગ ચપ્પા અને તલવાર સાથે તેમના ઘરમાં ઘૂસી આવ્યા હતા અને બીટીદેવી તથા આલોક અને બિપિન સાથે મારામારી કરવા લાગ્યા હતા. આ વખતે ગોપાલે બીટીદેવીના માથામાં લાકડી મારતાં તેમને ઈજા થઈ હતી જેથી આલોકે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને બીટીદેવીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગયો હતો. સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં સારવાર કરાવી હતી ત્યારબાદ તેઓને સહયોગ ઈમેજિંગ સેન્ટરમાં સિટી સ્કેનમાં એમઆરઆઈ માટે જવા માટે કહ્યું હતું. સિટી સ્કેન કરાવી બીટીદેવી એમ્બ્યુલન્સમાં બેઠા હતા અને તેમની સાથે આલોક પણ હતો. દરમિયાનમાં પ્રેમનગરમાં રહેતા પુષ્પેન્દ્ર ઉર્ફે છોટુ તોમર, દીપુ તોમર, બબ્લુ તોમર તથા તેની સાથેની એક અજાણી વ્યક્તિને મળીને આલોકને એમ્બ્યુલન્સમાંથી બહાર ખેંચી લીધો હતો અને શરીર પર છરીથી આડેધડ ઘા માર્યા હતા. બીટીદેવી આલોકને બચાવવા વચ્ચે પડયા હતા. આલોક પર હુમલો કર્યા બાદ તમામ લોકો પોતાના બાઈક પર બેસીને હથિયારો સાથે ત્યાંથી નાસી ગયા હતા. આલોકને સારવાર માટે ટ્રોમા સેન્ટર લઈ ગયા હતા જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બીટીદેવીએ તેમના ઘરમાં હુમલો કરવા મામલે ત્રણ શખ્સ સામે હત્યાના પ્રયાસની ફરિયાદ શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે જ્યારે શાહીબાગ પોલીસે પણ હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# પતિએ પત્નિની હત્યા કરી લાશ નાળામાં ફેંકી દીધી

## દેત્રોજના નાળામાંથી મળેલી મહિલાની લાશનો ભેદ ઉકેલાયો

**(એજન્સી)અમદાવાદ,**
સાથે જીવવા મરવાના સોગંદ ખાઈને એક મહિના પહેલાં લગ્નના તાંતણે બંધાયેલા યુવકે તેની પત્નીનું ગળું દબાવીને હત્યા કર્યા બાદ લાશને વરસાદી નાળામાં ફેંકી દીધી હોવાની ચોંકાવનારી ઘટનાનો પર્દાફાશ થયો છે. અમદાવાદ જિલ્લામાં આવેલા દેત્રોજ પાસે થોડા દિવસ પહેલાં એક મહિલાની વિકૃત હાલતમાં લાશ મળી આવી હતી. મહિલાની હત્યા થઈ હોવાનો ઘટસ્ફોટ થતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. તપાસ દરમિયાન હત્યા મહિલા મહિલાના પતિએ કરી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. મહિલાના પરપુરૂષ સાથે અનૈતિક સંબંધ હોવાની શંકા રાખીને લગ્નના એક મહિના બાદ તેનું ગળું દબાવીને અર્ધબેભાન કર્યા બાદ તળાવમાં ડૂબાડીને મોતને ઘાટ ઉતારી દીધી હતી અને બાદમાં તેની લાશને વરસાદી નાળામાં ફેંકી દીધી હતી.

અમદાવાદ જિલ્લામના દેત્રોજ પાસે મામલતદાર કચેરી નજીક આવેલા વરસાદી નાળામાંથી દસ દિવસ પહેલાં અજાણી મહિલાની વિકૃત હાલતમાં લાશ મળી આવી હતી. મહિલાની લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપી હતી જ્યાં ડૉક્ટરે તેની હત્યા થઈ હોવાનો રિપોર્ટ પોલીસને આપ્યો હતો. મહિલા કોણ છે અને તે ક્યાંની રહેવાસી છે તે જાણવું જરૂરી હતું જેથી પહેલાં તો પોલીસે તેના ફોટોગ્રાફસ દરેક પોલીસ સ્ટેશનમાં તેમજ સોશિયલ મીડિયામાં મોકલી આપ્યા હતા. દરમિયાનમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, મહિલા કચ્છ જિલ્લાના મુદ્રા તાલુકામાં આવેલા મુફતીનગર કુદરોઠી ગામની રહેવાસી છે. મહિલાનું નામ મીનાબહેન ચૌહાણ છે અને તેમની હત્યા તેના પતિએ કરી છે.

મીનાબહેનની તેના પતિએ ગળું દબાવ્યા બાદ તળાવમાં ડૂબાડીને હત્યા કરી લાશ વરસાદી નાળામાં ફેંકી દીધી હતી. છેલ્લા એક વર્ષથી મીનાબહેનને અન્ય કોઈ વ્યક્તિ સાથે પ્રેમ સંબંધ હોવાની શંકા રાખીને પતિએ તેમનું ગળું દબાવીને હત્યા કરી નાંખી હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ની ટીમે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાના મામલતદાર કચેરી તરફ જવાના રોડ ઉપર વરસાદી નાળા પાસે ૨૩ ઓકટોબરના રોજ મીનાની લાશ મળી હતી. મીનાના લાશની ઓળખ થઈ શકી નહોતી. જેના પગલે ગુમ થયેલા લોકો અંગેની તપાસ શરૂ કરવામાં આવી હતી. અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા ફોટા વિવિધ પોલીસ સ્ટેશનમાં મોકલવામાં આવ્યા હતા તે દરમિયાન અમદાવાદ ગ્રામ્ય એલસીબીને બાતમી મળી હતી કે દેત્રોજમાં રહેતા ગોવિંદજી ઠાકોર નામની વ્યક્તિને એક મહિલા સાથે પ્રેમ સંબંધ હતો અને તેની હત્યા થઈ છે.

જેને આધારે પોલીસે તપાસ કરતાં કચ્છ જિલ્લાના મુદ્રા તાલુકામાં આવેલા મુફતીનગર કુદરોઠી ગામના મીનાબહેન ચૌહાણની લાશ હોવાનું સામે આવ્યું હતું. મીનાબહેનને છેલ્લા છ વર્ષથી દેત્રોજના ગોવિંદજી ઠાકોર સાથે પ્રેમ સંબંધ હતો. એક મહિના પહેલાં કડી ખાતે આવેલા જોગણી માતાના મંદિરે બન્ને ફૂલહાર કરી સાથે જીવન જીવવાના સોગંદ ખાધા હતા. જો કે, ગોવિંદજીને શંકા હતી કે, મીનાબહેનને અન્ય કોઈ વ્યક્તિ સાથે પ્રેમ સંબંધ છે જેથી જ્યારે મીના તેમના ઘરે આવી ત્યારે તેણે ગળું દબાવી હત્યા કરવાની કોશિશ કરી હતી. જો કે, મીના બેભાન થઈ ગઈ હતી જેથી તેને તળાવમાં લઈ જઈ ડૂબાડીને હત્યા કરીને લાશ નાળા પાસે ફેંકી દીધી હતી. દેત્રોજ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

### વીંટીના આધારે મીનાની ઓળખ થઈ

મીનાની લાશ વિકૃત થઈ ગઈ હતી જેથી તેની ઓળખ કરવી મુશ્કેલ હતી. મીનાએ હાથમાં પહેરેલી વીંટીના આધારે તેની ઓળખ થઈ હતી. મીના વિધવા હતી અને તેને ગોવિંદ સાથે પ્રેમ થયો હતો. ગોવિંદે મીનાની લાશ જ્યાં ફેંકી તેની નજીક રહેતો હતો. મીનાની હત્યા બાદ ગોવિંદ રહસ્મયરીતે ગુમ હતો જેના કારણે પોલીસને શંકા વધુ થઈ હતી. મીનાએ હાથમાં પહેરેલી વીંટીને તેના સંબંધીઓએ ઓળખી કાઢતાં તેની ઓળખ થઈ હતી.

## રશિયાએ ગૂગલને જંગી દંડ ફટકાર્યો

**વોશિંગ્ટન,**
રશિયાએ ગૂગલને એટલી મોટી રકમનો દંડ ફટકાર્યો છે કે જેટલી આખા વિશ્વની કુલ સંપત્તિ નથી. એક અમેરિકી ટીવી ચેનલના જણાવ્યાનુસાર આ રકમ ૨.૫ અનડેસિલિયન ડોલર છે. આ આંકડો લખવા માટે ૨૫ની પાછળ ૩૪ મીડાં લગાવવા પડે. આ રકમ રૂપિયામાં લખીએ તો મીંડા હજુ વધી જાય. સરળ શબ્દોમાં સમજીએ તો આ એટલી મોટી રકમ છે કે આખી દુનિયાનો જીડીપી પણ આ આંકડાની નજીક ન પહોંચી શકે. હવે સવાલ એ થાય કે રશિયન કોર્ટે ગૂગલને આટલી મોટી રકમનો દંડ કેમ ફટકાર્યો કે જે રકમ ચૂકવવી જ અશક્ય છે.

## માતાનું સપનું હતું કે ૧૦૦૦ દીકરીને શિક્ષિત કરીશું તો બન્ને પરિવાર તારશે : ટ્રસ્ટી

**અમદાવાદ,**
મહેમદાવાદમાં કેશરા ગામ ખાતે આવેલા કેશરા હનુમાન મંદિરે ટ્રસ્ટનું નિર્માણ કર્યું છે. આ ટ્રસ્ટ ૧૦ વર્ષથી વિવિધ શૈક્ષણિક સેવા કાર્ય કરે છે. આ વર્ષે ધનતેરસની નિમિત્તે આસપાસના ૫૦ ગામડાની ૧૦૦૧ કન્યાને દત્તક લીધી છે. મંદિરના ટ્રસ્ટી મનિષ ત્રિવેદીના જણાવ્યા અનુસાર પહેલી વાર મંદિરે નક્કી કર્યું છે કે ૧૦૦૧ દીકરીનો અભ્યાસ સુધીનો તમામ ખર્ચ ઉપાડી લેવામાં આવશે. સાથે સાથે તેમના શારીરિક (હોસ્પિટલ)થી માંડીને તમામ ખર્ચ મંદિર ટ્રસ્ટ લેશે. ધનતેરસની સવારે ૧૧ વાગે મંદિરના પ્રાંગણમાં તમામ કન્યાઓ વ્યસનમુક્તિ અંગેના શપથ લેવડામાં આવ્યા હતા. દીકરીઓને ઘરમાં કોઈ વ્યસન કરે તો કેવી રીતે અટકાવવા તે અંગેની તાલીમ પણ આવનાર દિવસોમાં આપવામાં આવશે.

કાર્યક્રમ અંતર્ગત દત્તક લીધેલી ૧૦૦૧ દીકરીઓની સાથે તેમના માતા-પિતાને પણ મંદિર ટ્રસ્ટ દ્વારા આમંત્રણ આપીને પ્રસાદ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. આવનારા સમયમાં દત્તક લીધેલી તમામ દીકરીઓ માટે વિશેષ તાલીમ આપવાનું આયોજન કરવામાં આવશે જેમાં વ્યસન મુક્તિ બેટી બચાવો બેટી પઢાઓ તેમજ સેલ્ફ ડિફેન્સ અંગેની વિશેષ સમજ આપવામાં આવશે. નવરાત્રી દરમિયાન કેસરા ગામ ખાતે દીકરીઓ માટે વિશેષ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હાજર તમામ દીકરીઓ માટે વિશેષ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## દેવગઢ બારીયાની મેન્દ્રા ચોકડી નજીક

# પાવાગઢ તરફ જઈ રહેલી વિદેશી દારૂ ભરેલી કારની ટ્રેક્ટર સાથે ટક્કર : રસ્તા પર દારૂની રેલમછેલ

**(પ્રતિનિધિ) ગોધરા,**
દેવગઢ બારીઆ નજીક મેન્દ્રા ચોકડીથી થોડે દુર રોડ પર આગળ જતા ટ્રેક્ટર સાથે પાછળથી દારુ ભરેલી કાર અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ચાલકની સાથે બેઠેલા ૨૩ વર્ષીય યુવાનનું ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર જ મોત નીપજ્યું હતું. તેમજ ટ્રેક્ટરમાં બેઠેલા ટ્રેક્ટરના ચાલક સહિત ૨ શખ્સોને નાની મોટી ઈજાઓ થઈ હતી. જ્યારે કાર ચાલક સ્થળ પર જ કાર મૂકી અંધારામાં પલાયન થઈ ગયો હતો. કારમાં ભરેલ વિદેશી દારૂની બોટલો રોડ પર વેરવિખેર થતા રાત્રિના અંધારામાં દારૂની બોટલો કેટલાક લોકો લૂંટી લઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆની નજીક મેન્દ્રા ચોકડી પર કારનો ચાલક તેના કબજાની કારમા વિદેશી દારૂ ભરીને કાર લઈ દેવગઢ બારીયા નગર વટાવી પાવાગઢ રોડે પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જઈ રહ્યો હતો. તે દરમિયાન રસ્તામાં મેન્દ્રા ચોકડીથી થોડે આગળ રોડ પર આગળ જઈ રહેલા ટ્રોલીવાળા ટ્રેક્ટરની એંગલો ભરેલ ટ્રોલી સાથે પાછળથી ઈન્ડિગો ગાડી ધડાકાભેર અથડાતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં કાર ચાલકની સાથે બેઠેલા દેવગઢ બારીયા તાલુકાના ઉધાવળા ગામના ૨૩ વર્ષીય અનિલભાઈ મંગાભાઈ પટેલને માથામાં, પગે તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું.

પંચમહાલ જિલ્લાના ખાનપાટલા ગામના ટ્રેક્ટર ચાલક સરતન ભાઈ બળવંતભાઈ બારીયા તથા સરદારભાઈ ભાવસિંગભાઈ બારીયાને શરીરે નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જ્યારે કાર ચાલક પોતાની ઈન્ડીગો ગાડી સ્થળ પર જ મૂકી અંધારાનો લાભ લઈ પલાયન થઈ ગયો હતો. તે દરમિયાન કારમાં મુકેલો વિદેશી દારૂનો જથ્થો રોડ પર વેરાતા કેટલાક લોકોએ અંધારામાં દારૂની લૂંટ ચલાવી હોવાનું કહેવાઈ રહ્યું છે. ઘટનાની જાણ થતા જ દેવગઢ બારિયા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને કાર માથી રૂપીયા ૩૬,૦૦૦/- ઉપરાંતની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડી ઈજાગ્રસ્ત ટ્રેક્ટર ચાલક સહિત ૨ શખ્સોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી મરણ ગયેલ ઉધાવળા ગામના અનિલભાઈ મંગાભાઈ પટેલની લાશનું પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે લાશને દેવગઢ બારીયા સરકારી દવાખાને મોકલી આપી સદર ગુનામાં દેવગઢબારીયા પોલીસે અકસ્માતની સાથે કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશનનો પણ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

## થાઇલેન્ડ જનારા માટે ખુશખબર

# ભારતીયો માટે અનિશ્ચિત કાળ સુધી વિઝા ફ્રી એન્ટ્રી લંબાવાઈ

**(એજન્સી)નવી દિલ્હી,**
થાઈલેન્ડની સરકારે ભારતીય પ્રવાસીઓને ધ્યાને રાખીને વિઝાના નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. થાઈલૅન્ડે ૧૧ નવેમ્બરે 'ફ્રી વિઝા એન્ટ્રી પોલિસી' સમાપ્ત થાય તે પહેલા નિયમોમાં ફેરફાર કરીને 'વિઝા ળી એન્ટ્રી' અનિશ્ચિત કાળ સુધી લંબાવી દીધી છે. સરકારે માત્ર ભારતીય પ્રવાસીઓ માટે આ નિર્ણય લીધો છે. થાઈલૅન્ડના પ્રવાસન સત્તામંડળે સત્તાવાર માહિતી આપી છે કે, ભારતીય નાગરિકો થાઈલૅન્ડમાં વિઝા વગર ૬૦ દિવસ સુધી રોકાઈ શકશે. જો કોઈ ભારતીય નાગરિક વધુ સમય રોકાવા ઈચ્છે તો તેણે ઈમિગ્રેશન ઑફિસ જઈને વધુ ૩૦ દિવસની મંજૂરી માંગી શકે છે.જો તમે વિદેશ જવા માંગો છો તો પાસપોર્ટ એક મહત્ત્વપૂર્ણ અને જરૂરી ડોક્યુમેન્ટ છે. કોઈ પણ દેશમાંથી અન્ય કોઈ બીજા દેશમાં જવા માંગતાં હોવ તો તમારે પાસપોર્ટની જરુર પડે છે. પાસપોર્ટ એક વર્ચ્યુઅલ ડોક્યુમેન્ટ છે, જે રાષ્ટ્રીય ઓળખના પુરાવા તરીકે ગણવામાં આવે છે. જોકે થાઈલૅન્ડની સરકારે ભારત પર વિશ્વાસ મૂકીને ભારતીય નાગરિકો માટે 'વિઝા ળી એન્ટ્રી'ની જાહેરાત કરી છે.ઉલ્લેખનીય છે કે, જુલાઈ-૨૦૨૪માં હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૪ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં ભારતીય પાસપોર્ટ પહેલા કરતાં વધુ મજબૂત થયો હોવાનો ઉલ્લેખ કરાયો હતો. ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેકસમાં ભારતનો વધારો થયો છે. રિપોર્ટ અનુસાર, ભારતના પાસપોર્ટને વિશ્વભરમાં ૮૨મુ સ્થાન મળ્યું હતું. ૨૦૨૨માં ભારત ૮૭મા સ્થાને હતું. જ્યારે ૨૦૨૩માં ભારતીય પાસપોર્ટને ૮૪મું સ્થાન મળ્યું હતું. હવે એટલે કે, ૨૦૨૪માં ભારતીય પાસપોર્ટને ૮૨મું સ્થાન મળ્યું છે, એટલે કે હવે ભારતીય પાસપોર્ટ પર ૫૮ દેશોમાં વિઝા ળી એન્ટ્રી કરી શકાશે.ભારત માટે ટોચના ૧૦ વિઝા ળી દેશોમાં મોરેશિયસ, માલદીવ્સ, ભૂતાન, નેપાળ, થાઈલૅન્ડ, ઈન્ડોનેશિયા, ફિજી, આળિકાનું અંગોલા, સેરેનલ, રવાંડા જેવા દેશ છે. ભારતીય પાસપોર્ટ ધારકોને અહીં જવા માટે વિઝાની જરૂર નથી.

# દેશમાં બસ દુર્ઘટનાઓ વધી : એક વર્ષમાં ૧૦ હજાર લોકોના મોત

### કેન્દ્રીય સરકારના એક રિપોર્ટ પ્રમાણે, વર્ષ ૨૦૨૨માં વાહનોએ કાબૂ ગુમાવાના કારણે ૨,૦૫૯ જેટલું દુર્ઘટનાઓ સર્જી

**(એજન્સી)નવી દિલ્હી,**
કેન્દ્રીય સરકારના એક રિપોર્ટ પ્રમાણે, વર્ષ ૨૦૨૨માં વાહનોએ કાબૂ ગુમાવાના કારણે ૨,૦૫૯ જેટલું દુર્ઘટાઓ સર્જી. જ્યારે ગત વર્ષે આ આંકડો ૧૯,૪૭૮ હતો. જેમાં ઓવરસ્પિડમાં સૌથી વધુ અકસ્માત થયાં હોવાનું સામે આવ્યું છે. દેશમાં બસ દુર્ઘટનાઓ વધી રહી છે, તેવામાં એક વર્ષમાં આશરે ૧૦ હજાર જેટલા લોકોના મોત થયા હોવાનું રિપોર્ટમાં જણાવાયું છે.

ખતરનાક રસ્તાઓ, મોટા વાહનો, અયોગ્ય ડ્રાઈવરો અને ઓવરલોડિંગના કારણે ઉત્તરાખંડના અલ્મોડામાં બસ અકસ્માતમાં ૩૬ લોકોએ જીવ ગુમાવ્યાની ઘટના આપણા દેશમાં માર્ગ સલામતીની મૂળભૂત ખામીઓ અને નબળાઈઓ તરફ ધ્યાન દોરે છે. બસો અવારનવાર અકસ્માતનો ભોગ બને છે અને આ સંખ્યા વધી રહી છે.માર્ગ પરિવહન મંત્રાલયના રિપોર્ટ પ્રમાણે, ૨૦૨૨માં ડ્રાઈવરો દ્વારા તેમના વાહનો પરનો કાબૂ ગુમાવવાથી થતા અકસ્માતોની સંખ્યામાં પાંચ ટકાથી વધુનો વધારો થયો છે. આવા અકસ્માતોમાં ૯,૮૬૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૨૦૨૩ના આંકડા આવતા સપ્તાહે જાહેર થવાની ધારણા છે, ત્યારે આ સંખ્યામાં દસ ટકાનો વધારો થયો છે.મંત્રાલય અકસ્માતોના આ કિસ્સાઓને રન ઓફ ધ રોડ શ્રેણીમાં રાખે છે, એટલે કે વાહન નિયંત્રણ ગુમાવાથી અકસ્માત સર્જી છે. જેમાં ઉત્તરાખંડ જેવા પહાડી વિસ્તારોમાં ખાડાઓમાં પડી જવાથી પણ વાહનોનો અકસ્માત સર્જી છે. રોડ સેફ્ટી એક્સપર્ટ અનુરાગ કુલશ્રેષ્ઠનું કહેવું છે કે, અકસ્માતની દુર્ઘટના દુઃખદ છે, પરંતુ તેના કારણો એ જ છે જે અગાઉ પણ જાણવા મળ્યા હતા. મોટાભાગના ડ્રાઈવરો સંપૂર્ણ પ્રશિક્ષિત નથી અને સામાન્ય સુરક્ષા ધોરણોનું પાલન કરવામાં આવતું નથી.જો ઉત્તરાખંડમાં અકસ્માતનો ભોગ બનેલી બસમાં તેની ક્ષમતા કરતા વધુ મુસાફરો હતા, તો તે સ્પષ્ટ છે કે આ બસના સંતુલન અને ગતિને અસર પડે. દરેક બસને બેઠક ક્ષમતા એટલે કે તેમાં ઉપલબ્ધ સીટોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી હોય છે. ઓવરલોડિંગ જેટલું વધારે છે, જોખમ વધારે છે. ૨૦૨૨માં બસને લઈને પાંચ હજારથી વધુ દુર્ઘટનાઓ સર્જી, જેમાં ૧૭૯૮ લોકોના મોત થયા. ઉત્તરાખંડની દુર્ઘટના પરથી જાણવા મળે છે કે, વાહન ચાલકને જોંકુ આવી જતા વાહન પર કાબૂ ગુમાવવાથી દુર્ઘટના સર્જી.


## મહારાષ્ટ્રમાં ગુજરાતીનો દબદબો : 3383 કરોડની સંપત્તિ સાથે પરાગ શાહ સૌથી ધનિક ઉમેદવાર

**મુંબઈ,**
મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે સૌથી ધનિક ઉમેદવાર તરીકે ઘાટકોપર ઈસ્ટની બેઠકના ગુજરાતી ઉમેદવાર પરાગ શાહ જાહેર થયા છે. ચૂંટણી ફોર્મ એફિડેવિટના તેઓએ ૩૩૮૩.૦૬ કરોડની સંપત્તિ દર્શાવી છે. ૨૦૧૯ની સરખામણીએ ૫૭૫ ટકાનો વધારો થયો છે. ૨૦૧૯માં તેઓએ ૫૫૦.૬૨ કરોડની સંપત્તિ દર્શાવી હતી. ઘાટકોપર ઈસ્ટની બેઠક પરથી ઉમેદવારી કરનારા પરાગ શાહે ૩૩૧૫.૫૨ કરોડની સ્થાવર મિલકત તથા ૬૭.૫૩ કરોડની અસ્થાયી સંપત્તિ દર્શાવી છે. રિયલ એસ્ટેટનો વ્યવસાય ધરાવતા પરાગ શાહ કોમર્સ સ્નાતક છે. માન ઈન્ફ્રાકન્સ્ટ્રક્શનની ૨૦૦૨માં સ્થાપના કરી હતી અને સમાજ સેવાના ઉદ્દેશ સાથે રાજકારણમાં જોડાયા હતા. ૨૦૧૭માં કોર્પોરેટર બન્યા હતા. મહારાષ્ટ્રમાં ૨૦મી નવેમ્બરે ૨૮૮ વિધાનસભા બેઠકો પર ચૂંટણી યોજાવાની છે અને તેમાં અંદાજિત ૮૦૦૦ ઉમેદવારોએ ઝૂકાવ્યું છે. ગઠબંધન કરનાર ભાજપ મહાયુતિમાં ૧૪૮ બેઠકો પર લડે છે જ્યારે મહાવિકાસ અઘાડીમાં કોંગ્રેસ ૧૦૩ બેઠકો પર લડે છે.

### આપની આજ

**બુધવાર**

**તા.૬-૧૧-૨૦૨૪**



**મેષઃ-** આજરોજ મુસાફરીના યોગ પ્રબળ બને છે તેમાં સફળતા મળશે.

**વૃષભઃ-** વાહન શાંતીથી ચલાવશો અકસ્માતથી વાગવાના યોગ છે.

**મીથુનઃ-** ઋતુજન્ય ફેરફારોના કારણે શારિરીક અસ્વસ્થતા વધશે.

**કર્કઃ-** સંતાનો તેમજ સંતાન અંગેના દરેક પ્રકારના કાર્યોમાં સફળતા મળશે.

**સિંહઃ-** માતા તરફથી લાભ મકાન અને વાહનના કામોમાં સફળતા મળશે.

**કન્યાઃ-** આજરોજ અજાણ્યા માણસોથી સાવધ રહેશો છેતરપીંડીના યોગ છે.

**તુલાઃ-** જીવનસાથીના સગા સંબંધીઓ તરફથી મદદ અને લાભ મળશે.

**વૃશ્ચિકઃ-** ભાગીદારો તેમજ જીવનસાથી તરફથી ઘણા બધા લાભ મળશે.

**ધન :** આજનો દિવસ સફળતાવાળો છે શત્રુઓ તેમજ હરીફો પર વિજય મળશે.

**મકરઃ-** આજનો દિવસ ઉત્તમ છે અચાનક ધન પ્રાપ્તીનો યોગ પ્રબળ બને છે.

**કુંભઃ-** આજરોજ ધંધા વ્યવસાયની આવકમાં વધારો થાય નવા ગ્રાહકો મળે.

**મીનઃ-** ધાર્મીક તેમજ માંગલીક કાર્યોમાં ભાગ લેવાની તક મળશે.

## ટંકારા પાસેથી હોટલમાંથી જુગાર રમતા પકડાયેલા શખ્સે ખોટુ નામ આપ્યું હતું

**મોરબી,**
ટંકારાના લજાઈ પાસે આવેલ હોટલમાં જુગાર રમતા સાત શખ્સ સહિત નવને પકડવામાં આવ્યા હતા. તેમાં એક શખ્સે તેનું નામ ખોટું આપેલ હુતં જેથી પોલીસને ગુમરાહ કરવાની કલમનો પણ ઉમેરો કરાયો છે. ટંકારા લજાઈ પાસે આવેલ કમ્ફર્ટ હોટલના રૂમમાંથી પ્લાસ્ટીકના ટોકન રાખીને જુગાર રમતા સાત શખ્ મળી આવ્યા હતા અને તેની રોકડ રકમ ગાડીમાં રાખી હતી જેથી પોલીસે ૧૨ લાખ રોકડા તેમજ અન્ય મુદામાલ મળીને ૬૩.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કરેલ હતો અને આરોપી ગોપાલ રણછોડભાઈ સભાડ, ચીરાગ રસીકભાઈ ઘામેચા, રઘુવીરસિંહ ઉર્ફે દીપકસિંહ બહાદુરસિંહ જાડેજા, રવિ મનસુખભાઈ પટેલ, વિમલ રામજીભાઈ પટેલ, ભાસ્કર પ્રભુભાઈ પારેખ, કુલદીપસિંહ વનરાજસિંહ ગોહિલ, શૈલેષભાઈ ગંગદાસભાઈ હુમ્મર અને નિતેષભાઈ નારણભાઈ ઝાલરીયાને પકડવામાં આવેલ હતા અને રજનીકાંત ભરતભાઈ દેત્રોજા રહે. ચિત્રકુટ સોસાયટી મોરબી વાળાને પકડવાનો બાકી છે જોકે પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે આરોપી રવિ મનસુખભાઈ પટેલે તેનુ નામ ખોટું આપેલ છે જેથી કરીને તેનું સાચુ નામ તીર્થ અશોકભાઈ ફળદુ હોય, ટંકારા તાલુકા પીઆઈ વાય.કે. ગોહિલ દ્વારા આરોપીએ ખોટા નામ પોલીસને આપીને પોલીસને ગુમરાહ કરી છે જેથી તેની સામે તે કલમનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે.

## સુરતમાં તસ્કરોએ કરી દિવાળી

# બંધ મકાનને ટાર્ગેટ કરી ૪૭ લાખનો કર્યો હાથફેરો

**(એજન્સી)સુરત,**
સુરતમાં દિવાળીના તહેવારોમાં ખાલી મકાનને ટાર્ગેટ કરનારી તસ્કરની ટોળકી સક્રિય થઈ ગઈ હતી. લોકો વતન જતાં જ તેમના મકાનમાં તસ્કરો ત્રાટકવા લાગ્યા હતાં. ત્રણ તસ્કરોએ એક સાથે મળીને અઠવા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ત્રાટક્યા હતાં. જેમાં એક મકાનમાંથી ૪૭ લાખની ચોરી કરી હતી. જો કે, આરોપીઓને ઝડપી લઈને ૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. હાલ ત્રણેય આરોપીઓને ઝડપી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે.અઠવા ખાતે રહેતા શોએબ સોફા વાલા ઘરના દરવાજાને તાળું મારી રાજસ્થાન ગયા હતા. જેનો લાભ લઈને ત્રણ ચોરે તેમની બિલ્ડિંગમાં પ્રવેશ કર્યો હતો. જેમાં સૌપ્રથમ બિલ્ડિંગના ત્રીજા માળે આવેલા મકાનને ટાર્ગેટ કરી ત્યાં પ્રવેશ કર્યો હતો. મકાનમાંથી કશું મળી આવ્યું નહોતું. માત્ર ૫૦૦ રૂપિયાની ચોરી કરી બાદમાં બાજુના મકાનમાંથઈ ૪૭ લાખ રૂપિયાની ચોરી કરી હતી.ડીસીપી વિજયસિંહ ગુર્જરે કહ્યું કે,સીસીટીવી ફૂટેજની તપાસ હાથ ધરી હતી. જેમાં અઠવા પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપી અલ્તામસ ખાન જલગાવનો રહેવાસી છે, અન્ય આરોપી ફૈઝલ, તેમજ મોહમ્મદ ફૈઝની ધરપકડ કરવામાં આવી છે. ત્રણે આરોપીએ મળીને ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. આરોપી ભુરા મુખ્ય આરોપી છે. આરોપીઓ પાસેથી ૩૫ લાખ રૂપિયાની રિકવરી કરવામાં આવી છે. આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે કે નહીં? તે અંગેની પણ તપાસ કરવામાં આવશે.

## એજન્ટો/ પત્રકારો નિમવાના છે

વેસ્ટર્ન ટાઈમ્સ દૈનિક માટે

**ઉત્તર ગુજરાતઃ**
સીધ્ધપુર/ પાટણ / મહેસાણા/ હારીજ/ સમી વગેરે.

**મધ્ય ગુજરાતઃ**
વડોદરા / આણંદ / ખેડા /દાહોદ/ વગેરે

**સૌરાષ્ટ્રઃ** જામનગર/ રાજકોટ / મોરબી/ ભાવનગર/ સુરેન્દ્રનગર/ વિરમગામ વગેરે.

**દક્ષિણ ગુજરાતઃ** સુરત / વાપી / બિલીમોરા /નવસારી વગેરે

**ઉપરોક્ત ગામો/ શહેરો તેમજ અન્ય ગુજરાતમાં આવેલા ગામો/ શહેરોમાં પ્રતિનિધી/ એજન્સી નિમવાની છે.**

વિતરણ/ સમાચારો / જાહેરાત વગેરેનું કામકાજ કરી શકે તેવા ઉત્સાહી માણસો જોઈએ છે. રસ ધરાવતાં એજન્ટો/ પત્રકારો પોતાના બાયોડેટા સાથે લખી અમદાવાદ ઓફિસે મોકલાવે :

**મેનેજર, વેસ્ટર્ન ટાઈમ્સ પબ્લીકેશન્સ પ્રા.લી.**
૩૦૧, ગાલા આર્ગોસ, હરિકૃપા ટાવર્સની પાછળ, કલગી ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

પાટડી રોડ પર આવેલા કઠાડા ગામ પાસેનો બનાવ

# દારૂ ભરેલી કારનો પીછો કરતી એસએમસી ટીમને અકસ્માત નડયો : પીએસઆઈનું મોત, એક ઘાયલ

(એજન્સી)અમદાવાદ,
બુટલેગર બેફામ થઈ ગયા હોય તેવું લાગી રહ્યું છે. જે સાબિત કરતો કિસ્સો મોડી રાતે પાટડી રોડ પર આવેલા કઠાડા ગામ પાસે બન્યો છે. બુટલેગરની ગાડીનો પીછો કરતી સ્ટેટ મોનિટરીંગ સેલની કારને અકસ્માત નડયો હતો જેમાં પીએસઆઈનું મોત થયું છે જ્યારે કોન્સ્ટેબલ ઈજાગ્રસ્ત થયો છે. પીએસઆઈનું મોત થતાંની સાથે જ પોલીસ વિભાગમાં સન્નાટો વ્યાપી ગયો છે. જ્યારે બુટલેગર ફરાર થઈ ગયો છે. નવા વર્ષના શરૂઆતમાં પીએસઆઈનું મોત થતાં એસએમસીમાં દુઃખનું મોજું ફરી વળ્યું છે.

એસએમસીનું નામ સાંભળતાની સાથે જ બુટલેગરને પરસેવો છૂટી જાય છે. એસએમસીની પ્રામાણિક કામગીરી સામે મોટાભાગના બુટલેગરે પોતાનો ધંધો બંધ કરી દીધો છે પરંતુ કેટલાક બુટલેગર એવા છે જે પોતાના ડેરિંગ પર ધંધો કરી રહ્યા છે. રાજ્યમાંથી એસએમસીની ટીમ અનેક વખત દારૂનો જથ્થો જપ્ત કરે છે. એસએમસીના રિસકી ઓપરેશન દરમિયાન તેમના જીવને જોખમ પણ હોય છે જ્યારે હાઈવે પર એસએમસી બુટલેગરની કારનો પીછો કરે ત્યારે રીતસરની રેસ લાગી હોય તેવા દૃશ્યો સર્જાય છે.

કાલે મોડી રાતે દારૂ ભરેલી કારનો પીછો કરી રહેલી એસએમસીની કારને અકસ્માત નડયો છે. જેમાં પીએસઆઈનુ કરુણ મોત થયું છે. એસએમસી ટીમના પીએસઆઈ જે.એમ.પઠાણ અને તેમની ટીમ દસાડાથી પાટડી રોડ ઉપર કઠાડા ગામ પાસે હતી. તે વખતે બાતમી મળી હતી કે એક ક્રેટા કારમાં દારૂ ભરીને લાવવામાં આવી રહ્યો છે. એસએમસીની ટીમ કઠાડા ગામથી આગળ વળાંક ઉપર રસ્તો બ્લોક કરીને ઊભી હતી તે સમયે પાટડી તરફથી ક્રેટા કાર આવી હતી. ક્રેટા કારની બાજુમાં એક ટેલર પણ હતું. એસએમસીએ ક્રેટા અને ટેલરને રોકવા જતાં તે રોકાયા નહીં. આ વખતે એસએમસીએ ફોર્ચ્યુનર કારમાં ક્રેટાનો પીછો કર્યો હતો. ટેલરના પાછળના ભાગે એસએમસી ટીમની ફોર્ચ્યુનર આવતી હતી. દરમિયાનમાં એકાએક ફોર્ચ્યુનર ટેલરના પાછળના ભાગે અથડાઈ ગઈ હતી.

કાર અથડાતાની સાથે જ એસએમસીનો એક પોલીસ હેડ કોન્સ્ટેબલ રોડની ડાબી બાજુ ફંટાઈ ગયેલ, જ્યારે જે.એમ.પઠાણને માથાના ભાગે ઈજા પહોંચી હતી. ક્રેટા કારને રોકવા જતાં ટેલર વચ્ચે આવી ગયું હતું. જેના લીધે અકસ્માત સર્જાયો હતો. ક્રેટા કારનો ચાલક પૂરઝડપે નીકળી ગયો હતો જ્યારે ઈજાગ્રસ્ત પીએસઆઈ પઠાણને સારવાર માટે વિરમગામ સરકારી દવાખાને લાવવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર દરમિયાન પીએસઆઈનું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં એસએમસીના ઉચ્ચ પોલીસ અધિકારી સહિત સ્થાનિક પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. એસએમસીએ આ મામલે દસાડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ગુજરાત સરકારે સ્ટેટ જીએસટી કાયદામાં સુધારો કરતો વટહુકમ પસાર કર્યો

(એજન્સી)અમદાવાદ,
ગુજરાત સરકારે કરદાતાઓને જીએસટી વ્યાજ અને દંડમાં છૂટછાટોનો લાભ આપવા માટે રાજ્ય જીએસટી કાયદામાં સુધારો કરતો વટહુકમ બહાર પાડ્યો છે. આ વટહુકમ હેઠળ કેન્દ્ર સરકારના ફાઈનાન્સ (નં. ૨) અધિનિયમ, ૨૦૨૪ હેઠળ સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭માં સુધારા રજૂ કર્યા છે.

તેનો ઉદ્દેશ્ય કર અનુપાલન વધારવા અને કરદાતાના બોજને હળવો કરવાનો છે. આ સુધારાઓની સાથોસાથ, ગુજરાત સરકારે પણ ગુજરાતમાં કરદાતાઓને જીએસટી વ્યાજ અને દંડમાં ઉપરોક્ત છૂટછાટોનો લાભ આપવા માટે રાજ્ય જીએસટી કાયદામાં સુધારો કરતો વટહુકમ બહાર પાડ્યો છે.રાજ્ય સરકાર દ્વારા આ સુધારો અમલી બનાવવાના લીધે રાજ્યના વેપારીઓને પડતી તકલીફોમાંથી રાહત મળશે તેવો દાવો કરવામાંઆવ્યો છે. તેની સાથે વેરાકીય પ્રક્રિયા વધારે સરળ બનશે તેમ પણ અધિકારીઓ દ્વારા જણાવવામાં આવી રહ્યું છે. સરકારનું માનવું છે કે વેપારીઓ તેમણે વટહુકમ દ્વારા કરેલા સુધારાના આવકારશે અને તેનો હકારાત્મક પ્રતિસાદ આપશે.જો કે વેપારીઓ સરકારના સુધારા અંગે સાવધાનીપૂર્વકનો અભિગમ અપનાવી રહ્યા છે.

વેપારીઓનું કહેવું છે કે તેમને તકલીફો ઘટાડો સુધારો આવકાર્ય છે, પરંતુ હવે તેનો અમલ તંત્ર કઈ રીતે કરે છે તેના પર છે. તેનો અમલ યોગ્ય રીતે કરવામાં ન આવ્યો તો તેમની તકલીફોમાં કોઈપણ પ્રકારનો ફેરફાર નહીં પડે. તેથી કાયદાનો અમલ યોગ્ય રીતે કરવો અત્યંત જરૂરી છે.



અમદાવાદ સહિત રાજયભરમાં દિવાળીના તહેવારોની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી .નવા વર્ષના પ્રથમ દિવસે જ અમદાવાદના શાહીબાગ સ્વામિનારાયણ મંદિરમાં અન્નકુટનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કબૂતરબાજીમાં સંડોવાયેલા કુખ્યાત પંકજ પટેલને એસએમસીએ વારાણસીથી ઝડપી લીધો

**પંકજ પટેલ પર એસએમસીએ ૨૫ હજાર રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું હતું**

(એજન્સી)અમદાવાદ,
કબૂતરબાજીમાં સંડોવાયેલા કુખ્યાત બોબી પટેલના સાગરિત પંકજ પટેલને સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે વારાણસીથી ઝડપી લીધો છે. પંકજ પટેલ વિરૂદ્ધ સોલા પોલીસ સ્ટેશનમાં કબૂતરબાજીનો ગુનો પણ નોંધાયો હતો જેમાં મુખ્ય આરોપી તરીકે બોબી પટેલનું નામ ખુલ્યું હતું. ગુનો દાખલ થયા બાદ પંકજ પટેલ ગુમ હતો. જેને શોધવા માટે એસએમસસી સહિતની પોલીસ એજન્સીઓએ એડીચોટીનું જોર લગાવી દીધું હતું. પંકજ પટેલ પોલીસના હાથે નહીં આવતા અંતે તેના ઉપર ૨૫ હજાર રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. એસએમસીએ બાતમીના આધારે વારાણસીથી પંકજ પટેલની ધરપકડ કરી છે. ધરપકડ બાદ પંકજ પટેલને ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે તેના ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી પરંતુ કોર્ટે તેને નવ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

કબૂતરબાજીના ગુનામાં મુખ્ય આરોપી ભારત ઉપર ભારત ઉપર બોબી પટેલ સાથે સંકળાયેલા એજન્ટ પંકજ પટેલનું નામ પણ ખુલ્યું હતું. પંકજ પટેલ મૂળ મહેસાણા જિલલાના કડીનો રહેવાસી છે. આરોપી કેટલાય સમયથી ફરાર હતો અને આરોપી ઉપર ૨૫ હજાર રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. આરોપી ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે હોવાની સ્ટેટ મોનિટરીંગ સેલને જાણ થતાં એક ટીમ ઉત્તરપ્રદેશ મોકલવામાં આવી હતી. વારાણસી ખાતે બે દિવસ ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આરોપી પંકજ પટેલની ગોલાદિનાનાથ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. પંકજ ધરપકડ કરીને તેને ગાંધીનગર ખાતેની કચેરીએ લાવવામાં આયો હતો. પંકજ પાસેથી પાસપોર્ટ, બે મોબાઈલ ફોન, ડોંગલ, રોકડ, અમેરિકન ડોલર્સ સહિતના કુલ ૩૨ હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આરોપી છેલ્લા ૨૨ મહિનાથી નાસતો ફરતો હતો. આરોપીની માહિતી આપનાર માટ ૨૫ હજાર રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. આ ગુનામાં અત્યાર સુધી નવ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. એસએમસી દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# ગુજરાત ન્યુઝ અપડેટ્સ

## મહેસાણાના વિસનગરના કમાણામાં જૂથ અથડામણ

(એજન્સી)વિસનગર,
જૂથ અથડામણ અંગે સામે આવેલ માહિતી અનુસાર, કમાણા ગામમાં હોર્ન વગાડવાના મુદ્દે બે જૂથ વચ્ચે અથડામણ ફાટી નિકળી હતી. હિંસા પર ઉતરેલા ટોળાએ, ગામમાં પાર્ક કરેલ વાહનોમાં તોડફોડ કરી હતી. રામજી મંદિરની વાડીમાં પણ ટોળાએ તોડફોડ કરી હતી.મહેસાણા જિલ્લાના વિસનગરના કમાણા ખાતે એક જ કોમના બે જૂથ વચ્ચે અથડામણનો બનાવ બન્યો છે. જૂથ અથડામણ દરમિયાન હિંસા પર ઉતરેલા ટોળાએ વાહનો, પંચાયતના પાણીના નળ, મંદિરની વાડીમાં તોડફોડ કરી હતી. પથ્થરમારો કરી રહેલા ટોળાને વિખેરવા માટે પોલીસે ટિયરગેસના સેલ છોડીને સ્થિતિને નિયંત્રણમાં લીધી હતી.જૂથ અથડામણ અંગે સામે આવેલ માહિતી અનુસાર, કમાણા ગામમાં હોર્ન વગાડવાના મુદ્દે બે જૂથ વચ્ચે અથડામણ ફાટી નિકળી હતી. હિંસા પર ઉતરેલા ટોળાએ, ગામમાં પાર્ક કરેલ વાહનોમાં તોડફોડ કરી હતી. રામજી મંદિરની વાડીમાં પણ ટોળાએ તોડફોડ કરી હતી.

## બંધ મકાનને ટાર્ગેટ કરી ૪૭ લાખનો કર્યો હાથફેરો

(એજન્સી)સુરત,
સુરતમાં દિવાળીના તહેવારોમાં ખાલી મકાનને ટાર્ગેટ કરનારી તસ્કરની ટોળકી સક્રિય થઈ ગઈ હતી. લોકો વતન જતાં જ તેમના મકાનમાં તસ્કરો ત્રાટકવા લાગ્યા હતાં. ત્રણ તસ્કરોએ એક સાથે મળીને અઠવા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ત્રાટક્યા હતાં. જેમાં એક મકાનમાંથી ૪૭ લાખની ચોરી કરી હતી. જો કે, આરોપીઓને ઝડપી લઈને ૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. હાલ ત્રણેય આરોપીઓને ઝડપી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે.અઠવા ખાતે રહેતા શોએબ સોફા વાલા ઘરના દરવાજાને તાળું મારી રાજસ્થાન ગયા હતા. જેનો લાભ લઈને ત્રણ ચોરે તેમની બિલ્ડિંગમાં પ્રવેશ કર્યો હતો. જેમાં સૌપ્રથમ બિલ્ડિંગના ત્રીજા માળે આવેલા મકાનને ટાર્ગેટ કરી ત્યાં પ્રવેશ કર્યો હતો. મકાનમાંથી કશું મળી આવ્યું નહોતું. માત્ર ૫૦૦ રૂપિયાની ચોરી કરી બાદમાં બાજુના મકાનમાંથઈ ૪૭ લાખ રૂપિયાની ચોરી કરી હતી.

## ગોધરા-દાહોદ હાઈવે પર અકસ્માતમાં માતા અને પુત્રનું મોત

(એજન્સી)ગોધરા,
પંચમહાલમાં ગોધરા-દાહોદ હાઈવે પર કાર અને બાઈક વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર પસનાલ ગામના વણઝારા સમાજના માતા-પુત્રનું મૃત્યુ નીપજ્યું હતું. પીપલોદ ખાતે દીકરીના ખબર અંતર પૂછવા જઈ રહેલા માતા-પુત્રનું એકસાથે મોત થતાં પરિવાર સહિત વણઝારા સમાજમાં ઘેરા શોકની લાગણી છવાઈ હતી. આ ઘટનાની જાણ થતા જ પોલીસ દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, પસનાલ ગામના વણઝારા સમાજના માતા-પુત્ર બાઈક પર પીપલોદ જઈ રહ્યા હતા. આ દરમિયાન ગોધરા-દાહોદ હાઈવે પર કાર ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં માતા-પુત્રને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે પીપલોદ સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં રિફર કરાતા સારવાર દરમિયાન બંનેનું મૃત્યુ નીપજ્યું હતું.

# ચાર બાળકોના કારમાં ગૂંગળાઈ જવાથી મોત

**અમરેલીના રાંઢિયા ગામનો ચોંકાવનારો બનાવ : કાર લોક થઈ જતાં ચારેય બાળકો કારમાં ફસાઈ ગયા**

(એજન્સી)અમદાવાદ,
અમરેલી તાલુકાના રાંઢિયા ગામમાં કારમાં ગૂંગળાઈ જવાના કારણે ચાર બાળકોના કરૂણ મોત થતાં સન્નાટો વ્યાપી ગયો છે. ખેતરમાં પાર્ક કરેલી કારમાં ચાર બાળકો રમત રમતા બેસી ગયા હતા. એકાએક કાર લોક થઈ જતાં તેમના ગૂંગળાઈ જવાના કારણે મોત થયા હતા. બાળકોના માતા-પિતા જ્યારે મજૂરી કરીને પરત આવ્યા તયારે તેમના બાળકોને શોધવાની કોશિશ કરી હતી પરંતુ તે મળી નહીં આવત કારમાં જોયું હતું જ્યાં તમામ મૃત હાલતમાં હતા. આ ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છાવયો છે.

અમરેલી તાલુકાના રાંઢિયા ગામમાં કારમાં ગૂંગળાઈ જવાથી ચાર બાળકના મોત થયા છે. ખેતર માલિકની વાડીમાં જ પાર્ક થયેલી કારમાં રમતા રમતા બાળકો ચાવીથી કારનો દરવાજો ખોલી કારમાં બેસી ગયા હતા ત્યારબાદ કાર લોક થઈ ગઈ હતી. જેથી ગૂંગળાઈ જવાને કારણે તમામ બાળકોના મોત થયા છે. માતા-પિતા અન્ય વિસ્તારમાં મજૂરી કામે ગયા હતા. એ બાદ આ ઘટના બની હતી.

મળતી માહિતી મુજબ અમરેલી તાલુકાના રાંઢિયા ગામમાં ગત મુજબ અમરેલી તાલુકાના રાંઢિયા ગામમાં ગત તારીખ ૨ના રોજ મધ્ય પ્રદેશના ધાર વિસ્તારના પરપ્રાંતિય પરિવારના ચાર બાળકો રમતા હતા જ્યારે માતા પિતા અન્ય વિસ્તારમાં કામે ગયા હતા. બાળકો રમતા રમતા ચાવી લઈને કારમાં બેસી ગયા હતા અને કાર લોક થઈ હતી. ત્યારબાદ બાળકોથી કારના દરવાજા ખૂલ્યા ન હતા. જેના કારણે ગૂંગળાઈ જવાથી તમામ બાળકો મોતને ભેટયા હતા જેમાં એક જ પરિવારના બે બાળકો અને બે બાળકીનો સમાવેશ થાય છે.

આ ઘટનામાં પરિવારે ચાર માસૂમ બાળકો ગુમાવ્યા છે જેથી પરિવાર પર આભ ફાટયું છે. આ ઘટના બાદ મૃતકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં અકસ્માતે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમરેલી તાલુકાના રાંઢિયા ગામે ભરતભાઈ માંડાણીના ખેતરમાં ખેત મજૂરી કરતા મધ્યપ્રદેશના સોબિયાભાઈ મછારને સાત બાળક છે. ગત બે તારીખ અને શનિવારના રોજ સોબિયાભાઈ અને તેમના પત્ની ખેત મજૂરી કરતા હતા જ્યારે તેમના બાળકો ઘરે હતા. એ દરમિયાન વાડી માલિકની આઈ-૨૦ કારને ચાવીથી ખોલીને તેમના ચાર બાળકો રમવા ગયા હતા.

આ દરમિયાન કાર લોક થઈ ગઈ હતી. સાંજે તેમના માતા-પિતા ખેત મજૂરી કરીને ઘરે આવ્યા ત્યારે તેમની સાત અને ચાર વર્ષની બે દીકરી જેમના નામ સુનીતા અને સાવિત્રી, જ્યારે બે વર્ષના પાંચ વર્ષના પુત્ર કાર્તિક અને વિષ્ણુ નામના બે પુત્ર, આમ ચારેય બાળકોના કારમાં ગૂંગળામણને કારણે મોત થયા હોવાની જાણ થઈ હતી. અત્યારે તાલુકા પોલીસ આ કેસની તપાસ કરી રહી છે. આ કાર ભરતભાઈની છે અને તે ખેતરના માલિક છે. સોબિયાભાઈ મછાર મૂળ મધ્યપ્રદેશના રહેવાસી છે અને સાત બાળકો અને પત્ની સાથે ભાગિયા તરીકે ખેતમજૂરી અર્થે આવ્યા હતા.

# દુષ્કર્મ પીડિતાને ગર્ભપાત કરાવાની હાઈકોર્ટની મંજૂરી

**ગત જૂન મહિનામાં દુષ્કર્મની ઘટના બની હતી**

(એજન્સી) અમદાવાદ,
અમદાવાદમાં દુષ્કર્મ પીડિતાને હાઈકોર્ટ દ્વારા મોટી રાહત આપવામાં આવી છે. પીડિતા ગર્ભવતી હતી જેમાં તેને ગર્ભ રહે ૧૭ અઠવાડિયા થઈ ગયા હતા. જોકે આ મામલે હવે હાઈકોર્ટ દ્વારા ૧૭ અઠવાડિયાના ગર્ભના ગર્ભપાત માટે મંજૂરી આપી દેવામાં આવી છે. સોલામાં ૨૭ વર્ષીય યુવતી દુષ્કર્મનો ભોગ બની હતી. જે મામલે તેને ગર્ભ રહી જતા તેણે ગર્ભપાત મામલે હાઈકોર્ટમાં અરજી કરી હતી. પીડિતાએ તેની એફઆઈઆરમાં ઉલ્લેખ કર્યો છે કે તેની સાથે ગત જૂન મહિનામાં દુષ્કર્મની ઘટના બની હતી.

સમગ્ર મામલે મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટની જોગવાઈને જોતા હાઈકોર્ટ દ્વારા ગર્ભપાતની મંજૂરી આપવામાં આવી હતી. જો પીડિતા બાળકને જન્મ આપે તો તેને માનસિક, શારીરિક અને સામાજિક પીડાઓનો સામનો કરવો પડે જેને લઈને કોર્ટ દ્વારા ગર્ભપાતની મંજૂરી આપવામાં આવી.

પીડિતાને જ્યારે ખબર પડી હતી કે તેને ગર્ભ રહી ગયો છે. ત્યારે તેણે આ મામલે ગર્ભપાત કરાવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેથી હાઈકોર્ટ દ્વારા હવે પીડિતાની સ્થિતિને સમજીને તેને ૧૭ અઠવાડિયાના ગર્ભપાત માટે મંજૂરી આપી દેવામાં આવી છે.

૧૧૭ વર્ષની યશસ્વી કારકિર્દી ધરાવતી
ધી ભરૂચ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓ. બેંક લી., ભરૂચ.
મુખ્ય કચેરી : રેલ્વે સ્ટેશનની સામે, હોટલ કોરોના પાછળ, ભરૂચ. ફોન નં. ૨૪૦૨૬૮
Web : www.bharuchdistrictbank.com E-mail : bharuchdccb@gmail.com
ફીકસ ડીપોઝીટના વ્યાજનાં દર તા.૦૩-૦૨-૨૦૨૩ થી અમલમાં

| મુદત | વ્યાજનો દર | સિનીયર સીટીઝન |
|---|---|---|
| ૧૫ થી ૪૪ દિવસ સુધી | ૪.૧૦% | ૪.૧૦% |
| ૪૫ થી ૯૦ દિવસ સુધી | ૪.૭૦% | ૪.૭૦% |
| ૯૧ થી ૧૭૯ દિવસ સુધી | ૪.૭૦% | ૪.૭૦% |
| ૧૮૦ થી ૧ વર્ષની અંદર (૩૬૪ દિવસ સુધી) | ૪.૯૫% | ૪.૯૫% |
| ૩૯૯ દિવસ (સ્પે. ફિક્સ) | ૭.૧૦% | ૭.૬૦% |
| ૧ વર્ષ અને તેથી વધુ પરંતુ ૨ વર્ષની અંદર (૩૬૫ થી ૭૨૯ દિવસ) | ૭.૦૦% | ૭.૫૦% |
| ૨ વર્ષ અને તેથી વધુ પરંતુ ૩ વર્ષની અંદર (૭૩૦ થી ૧૦૯૪ દિવસ) | ૭.૦૦% | ૭.૫૦% |
| ૩ વર્ષ અને તેથી વધુ પરંતુ ૪ વર્ષની અંદર (૧૦૯૫ થી ૧૪૫૯ દિવસ) | ૬.૫૦% | ૭.૦૦% |
| ૪ વર્ષ અને તેથી વધુ પરંતુ ૫ વર્ષની અંદર (૧૪૬૦ થી ૧૮૨૪ દિવસ) | ૬.૫૦% | ૭.૦૦% |
| ૫ વર્ષ (૬૦ માસ) (૧૮૨૫ દિવસ) | ૬.૫૦% | ૭.૦૦% |

ખાસ સુવિધાઓ : (૧) બેંકમાં RTGS, NEFT થી નાણા ટ્રાન્સફરની સુવિધા (૨) બેક દ્વારા પાનકાર્ડ કાઢી આપવાની સુવિધા (૩) બેક દ્વારા ૨૬ એટીએમ કાર્યરત (૪) મોબાઇલ બેંકિંગથી વ્યવહારો કરવાની સુવિધા
(૫) યુપીઆઇ થી ભીમ, ફોન-પે, ગુગલ પે, પેટીએમ જેવી એપ્લીકેશન દ્વારા નાણા ટ્રાન્સફરની સુવિધા
(૬) વેપારીઓને QR CODE આપવાની સુવિધા (૭) બેંકમાં પ્રધાનમંત્રી જીવનજ્યોત વિમા યોજના તથા પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના હેઠળ બે લાખની વિમા યોજના તથા અટલ પેંશન યોજના ચાલુ છે.
(૮) બેંકમાંથી દૂધ ઉત્પાદકોને પશુ નિભાવ માટે ટૂંકી મુદ્દતનું KCC (AH) નું ધિરાણ આપવામાં આવશે.
(૯) બેંકમાંથી ગ્રાહકોને મધ્ય મુદ્દતનું સોલાર રૂફ ટોપ ધિરાણ આપવામાં આવે છે.
(૧૦) બેંકમાંથી ખેડૂતોને દુધારા પશુ ખરીદવા માટે મધ્યમ મુદ્દતનું પશુ ધિરાણ આપવામાં આવે છે.
પિંકલ આર. રાવલ — મેનેજર /સીઇઓ
અજયસિંહ એ. રણા — મેનેજીંગ ડીરેકટર
કરશનભાઈ જી. પટેલ — વાઇસ ચેરમેન તથા બોર્ડ ઓફ ડિરેકટર્સ
અરૂણસિંહ એ. રણા — ચેરમેન અને ધારાસભ્ય-વાગરા
shubh@9998795001


દિવાળી બાદ હજુ અનેક માર્કેટો ખુલ્યા નથી માધુપુરા અને કાલુપુરનું ચોખા માર્કેટ પણ હજુ બંધ છે વહેપારીઓ શુભ મુહુર્તમાં માર્કેટ ખોલશે ( તસ્વીરઃ- જયશે મોદી )

# જાફરાબાદના એક ગામમાં ૭ વર્ષની બાળકીને સિંહણે ફાડી ખાધી

(એજન્સી)અમરેલી,
અમરેલી જિલ્લામાં ફરી એક વાર સિંહણે એક બાળકીને પોતાનો શિકાર બનાવી હોવાની ઘટના સામે આવી છે. અમરેલીના જાફરાબાદના એક ગામમાં ૭ વર્ષની બાળકીને સિંહણ ખાઇ ગઇ હતી. જે પછી તેના અવશેષો મળી આવ્યા હતા. વન વિભાગે આ ઘટના બાદ આખી રાત જાગીને આખરે આ નરભક્ષી સિંહણને પાંજરામાં પુરી દીધી છે.

અમરેલી જિલ્લામાં ફરી એક વાર સિંહણે એક બાળકીને પોતાનો શિકાર બનાવી હોવાની ઘટના સામે આવી છે. અમરેલીના જાફરાબાદના એક ગામમાં ૭ વર્ષની બાળકીને સિંહણ ખાઇ ગઇ હતી. જે પછી તેના અવશેષો મળી આવ્યા હતા. વન વિભાગે આ ઘટના બાદ આખી રાત જાગીને આખરે આ નરભક્ષી સિંહણને પાંજરામાં પુરી દીધી છે. સોમવારના રોજ અમરેલીના જાફરાબાદમાં આવેલા ખાલસા કંથારિયા ગામ નજીક હચમચાવનારી ઘટના બની હતી. અહીં માત્ર ૭ વર્ષની માસૂમ બાળકી એક સિંહણનો શિકાર બની હતી. ઘટના કઇક એવી હતી કે ગૂમ થયેલી બાળકીની ભાળ ન મળતા તેની શોધખોળ હાથ ધરાઈ હતી. જો કે બાળકી નહીં પણ તેના અવશેષો મળી આવ્યા હતા. તે સિંહણનો શિકાર બન્યાનું સામે આવ્યું હતું.




# આગામી દિવસોમાં ઠંડી ધીમે ધીમે વધશે તેવી હવામાન વિભાગની આગાહી

(એજન્સી)અમદાવાદ,
દેશનાં મોટાભાગનાં રાજ્યોમાં ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. આ વર્ષે ઠંડીમાં ધીમી ગતિએ વધારો થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં આગામી દિવસોમાં ઠંડી ધીમે ધીમે વધશે. આગામી ૪થી ૫ દિવસમાં તાપમાનમાં એકથી દોઢ ડિગ્રીનો ઘટાડો થશે. જ્યારે ડિસેમ્બર મહિનામાં કડકડતી ઠંડી પડી શકે છે.

નવેમ્બર મહિનાની શરૂઆતથી જ રાત્રિ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારમાં સામાન્ય ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર, રાજ્યમાં આગામી દિવસોમાં ધીમે ધીમે ઠંડી વધશે.

જ્યારે, મહત્તમ તાપમાન નોર્મલ કરતા થોડું નીચું રહેવાની સંભાવના છે.

ઉપરાંત, ઉત્તર ભારતનાં પ્રદેશોમાં બરફ વર્ષાની પણ આગાહી કરવામાં આવી છે, જેના કારણે ઉત્તર ભારતમાં ઠંડીમાં વધારો જોવા મળી શકે છે. નોંધનીય છે કે, અલનીનોની અસરને આ વખતે શિયાળો મોડો શરૂ થયો હોય તેવો અનુભવ રહેશે. જેના કારણે કારણે ડિસેમ્બર મહિનામાં રાજયમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ શકે છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, રાજ્યમાં ૧૯મીથી ૨૨મી નવેમ્બર બંગાળના ઉપસાગરમાં પ્રચંડ વાવાઝોડું સર્જાઈ શકે છે. જેના કારણે ગુજરાતના હવામાનમાં ફેરફાર થઈ શકે છે, જે કેટલાક વિસ્તારોમાં માવઠું લાવી શકે છે. ખાસ કરીને સાતમીથી ૧૪મી નવેમ્બર અને ૧૯મીથી ૨૨મી નવેમ્બર દરમિયાન રાજ્યમાં માવઠું થઈ શકે છે. તો ડિસેમ્બર મહિનામાં ઠંડીનું પ્રમાણ વધી શકે છે.

